

તંત્રીઃ રવિશંકર રાવળ · સંપાદકઃ બચુભાઈ રાવત
ચૈત્ર ૧૯૯૧ · અંક ૧૩૬



કુમાર

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં કિશોરોનું માનીતું સામયિક



રણના અમીર · ફોટોઃ આબીદમિયાં સૈયદ · પાલણપુર

કુમાર

ચૈત્ર ૧૯૯૧

અંક ૧૩૬

મુદ્રક: બચુભાઇ પોપટભાઇ રાવત: તંત્રી અને પ્રકાશક : રવિશંકર મહાશંકર રાવળ: કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.

વાર્ષિક લવાજમ, રૂ. ૬ (પરદેશ ૧૨ શિ.) ગ્રાહકો વર્ષની શરૂઆતથી (જાન્યુઆરીથી) જ નોંધાય છે. છુટક ૦-૧૦-૦

મુંબાઈના એજન્ટ : સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ–૨

જાહેર ખબર માટેના મુંબાઇ ખાતેના સોલ એજન્ટ
મેસર્સ રાવળ બ્રધર્સ, મૂળજી જેઠા બિલ્ડિંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ.

કુમાર આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક

ચૈત્ર · ૧૯૯૧

આથમણી બારી

· અંજની ·

ઉત્તર દખ્ખણ અને ઉગમણાં,
ભલે ભીડજો બારીબારણાં,
એક રાખજો ખુલ્લી મારી
આથમણી બારી.

· મિશ્ર ·

પ્રકાશની સ્વારી વધાવવાને
ના પૂર્વ કે ઉત્તર દખ્ખણે જવાં
પડે, હસીને દિશ સર્વ ઉલ્લસી
ઝીલી રહે સિંચન તેજપ્રાણનાં.

રે, કિંતુ આ ઓસરતા પ્રકાશે
દિશા નિચોવાઈ જતી બધી લહું,
એ અસ્ત થાતી રવિની પ્રભાને
ધારી રહે પશ્ચિમ એકલી જ.

છેલ્લી કળા એ કિરણોની જોવા
છે કામની આથમણી જ બારી,
એના સુના હું વિરમી ઉછંગમાં
જોઈશ આ આથમતી જ જિંદગી.

સ્નેહીસગાંનાં ભંડદ્વારમાંથી
લહ્યું બધું જીવન ઊગી ખીલતું,
ત્યાં આથમંતું જગને નિહાળવા
પ્રાર્થું છું હું અંતરબારી કોઈની.

· અંજની ·

ઉદય બપોર તણા સુખભવને
ભલે ભિડાતાં દ્વાર જીવને,
કોક ખુલ્લી પણ રહેજો મારી
આથમણી બારી.

સુન્દરમ



સૂર્યના ઉદયકાળે તો બધી દિશાની બારીઓમાંથી પ્રકાશ મળી રહે છે, પણ અસ્ત સમયે જ્યારે સૌ દિશાઓ જાણે નિચોવાઈ જતી લાગતી હોય છે ત્યારે તો પ્રકાશવાંછુએ માત્ર પશ્ચિમની જ બારીનો આશ્રય લેવો રહ્યો. આ સામાન્ય હકીકત જીવનની સ્થિતિમાં ઘટાવીને કવિએ કરુણ છાંટવાળું સુંદર કાવ્ય સર્જ્યું છે. જીવનના પ્રારંભ અને મધ્ય-કાળે તો સ્નેહીસગાં પ્રેમ વરસાવ્યે જાય છે, પરંતુ જીવનસંધ્યા નજીક આવ્યે, જ્યારે માણસની સ્નેહની ઝંખના તો એટલી જ—બલ્કે વધારે પ્રબળ હોય છે એવા સમયે, કવિ પ્રાર્થે છે કે, જીવનના સમગ્ર મહાલયનાં અનેક નાનાંમોટાં સ્નેહીનાં ભંડાર વસાઇ ગયાં હોય તોપણ, કોઇકની એકાદ નાની સરખી હૃદયબારી ખુલ્લી રહેજો; કે જેથી આખર કાળના અંધકાર છવાતા જીવનમહાલયમાં એ આથમણી બારી તેજપ્રાણ સીંચ્યા કરે: આર્જવને અનુકૂળ એવા ઉપજાતિ-વંશસ્થના મિશ્ર છંદમાં અંતર સ્પર્શતી સરળ વાણી, અને કરુણલયવાળા એકએક અંજનીની કાવ્યના આરંભે તથા અંતે યોજના, એ આ કાવ્યનાં સૌન્દર્યઅંગ છે.



રઝળે જગના જખ્મો,
આદર્શોને પૂરાં કરે,
ચલાવે સૃષ્ટિનો તન્તુ,
નમું તે નવયૌવન.

'શેષ'

કલાનાં સ્વાગત

● મુંબાઈથી દર અઠવાડિયે ચોપાનિયાં ઊડે છે તેમાં હમણાંથી કલા પર બાખૂબ ચર્ચાઓ અને મીમાંસાઓના ફકરાના ફકરા ઘસડેલા જોવામાં આવે છે. 'યુરોપની કલા આવી છે; જાપાન તો કલાની ભૂમિ છે; હિંદુસ્તાનના ચિત્રકારોએ આમ કરવું જોઇએ; ગુજરાતના ઊગતા કલાકારોએ અહીં જવું જોઇએ–ત્યાં જવું જોઈએ; તેમના માટે આ પ્રસંગો ચીતરવા લાયક છે;' એવી ભલામણો કરનારા લેખકો અને પત્રકારોને કોઇ કલાનું સ્વાગત કેમ કરવું એ શીખવે તો કેવું સારું? કલાકાર ટીકાઓ અને ચર્ચાઓ ઉપર નભતો નથી. તેમજ જમા કરેલી કોઈ મૂડીનાં વ્યાજો ઉપર કે પિતૃઓની જાગીરોની આવક ઉપર કલાકારનો આધાર નથી. સમાજને તેની કલાની દરકાર હોય તો કલાકારને સાનુકૂળ જીવનસંજોગોની તક આપીને જ તેની કલા નિભાવી શકાય. યુનિવર્સિટીની કૉલેજોમાં ગોખણપટ્ટી કરી પાસ થનારા ઉમેદવારો માટે હજારો સગવડ થઈ છે. તેમની ડિગ્રીની શોભા આગળ સમાજ નમે છે. તેમના માટે કેટલી યે નોકરીઓ અને પદવીઓ સરજાઇ છે. પણ દિનરાત આંખ, મન અને હાથને કસીકસીને જગત આગળ કંઇક નવીન સર્જન મૂકનારા કલાકાર માટે નથી સ્કૉલરશિપો, નથી પ્રવાસખર્ચો, નથી સગવડોભરી હૉસ્ટેલો કે સારાં વિશ્રામસ્થાનો છતાં જીવન કસીને અને અંગ પીલીને તે કંઇકે કરી શકે છે ત્યારે પત્રકારો યુરોપ, અમેરિકા કે જાપાનની જાહોજલાલી પાસે તેને ખડો કરી તેનાં સર્જનો પર માત્ર કટાક્ષો વરસાવી જાણે છે. આપણા કલાકારોને એ દેશોના કલાકારો જેવી તાલીમ અને વાતાવરણ પામવાની તક મળે તો તેઓમાં કેટલું પાણી છે તેની ખરી ખબર પડે. પણ વો દિન કહાં કે મિયાંકે પાઉંમે જૂતી? આજે તો જે દૃષ્ટિ સમીપ છે તેની યે યોગ્ય કદર અને સત્કાર સમાજ કરી શકે તોપણ તેનો ચડતો સિતારો માનીએ. જે સમાજ પોતાના સર્જકોને પિછાની શકતો નથી, જે સમાજ નાની પણ મૌલિક નવીનતાઓના ઉત્પાદકોનું સ્થાન ચૂનો ચોપડનારા જેટલું જ ગણે છે અને લાખો રૂપિયા નકામી મોજો પાછળ કે વૈભવના પ્રદર્શન પાછળ ખર્ચી શકે છે, તેને ઊંચી જીવનસરણી, પ્રતાપી પ્રજાતન્ત્ર કે ભવ્ય કારોબારનાં સ્વપ્નાં પણ શી રીતે આવે? એ ઉચ્ચતર તત્ત્વોનાં વૃક્ષો થવા નિર્માએલા આગમદર્શીઓ કે સંસ્કૃતિવિધાયકો માટે તેમણે આજના સંસારમાં ક્યાં યે આરો પણ રહેવા દીધો નથી.

યુરોપની વાતો કરનારને ખબર નહિ હોય કે શિક્ષણમાં કે નગરસંસ્કૃતિમાં કલાકાર સંસ્કારસ્વામીનું પદ ધરાવે છે. એના ખ્યાલો, એની યોજનાઓ અને એની કૃતિઓ તો સમસ્ત પ્રજાજીવનના ઘડતરમાં પાયારૂપ છે. એનાં માન અને સન્માન ક્ષણજીવી પદવી કે રાજ્યસત્તા કરતાં અનેકગણાં ઊંચાં હોય છે.

આંગણે ઊગેલાં પુષ્પો

● પરદેશોની કલાકૃતિઓ તથા તેનાં અમાપ સૌંદર્યને સર્જનશક્તિ પૂરાં પારખવા તો વર્ષોનો અભ્યાસ ને નિકટ પરિચય જોઇએ. આપણા દેશના કોઇપણ વિવેચકમાં તે હોય તેવી આશા હાલ તો દૂર છે. પરંતુ આપણા ઘરની સૂકીપાકી રસોઇ પર જ આપણી રસગ્રંથીઓનો જીવનવ્યવહાર નભી શકશે એટલું પણ આપણા વિદ્વાનો ને રસિકો સ્વીકારે તો યે કલાકારોનો આશાતંતુ બળવાન થઈ શકે તેમ છે. જેવાતેવા યે રસજ્યોતનો એ ઉપાસક આપણો કલાકાર આપણાં સાદાં ઘરો અને અભ્યાસખંડો તથા શાળાઓમાં નવી રોશની અને નવાં તેજ લાવવા જીવનમંથન ટકાવી શકશે. જગતની હરીફાઇમાં ઊતરવાનું ખમીર બંધાય એટલો સમાજનો પ્રાણપ્રવાહ કલાકાર સુધી પહોંચ્યો નથી છતાં જીવનની કસોટીઓ ખેડતાં ખેડતાં પણ તેની ઉપાસનાએ જે કંઇ નિપજાવ્યુ તે તેણે સમાજને ધરી દીધું છે. તેની પૂરી કિંમત આપનારા વિરલાનાં દર્શન તો સમાજની પ્રગતિ અંકાવશે, પણ તેનો આદર કરનારા યે કલાજ્યોતમાં ટીપું તેલ આપવાનું પુણ્ય પામશે. મિત્રતા, સ્નેહ તથા ઓળખાણને નામે કલાકારનો કસ વાપરનારા પણ તેની કિંમત સમજી તેની કૃતિઓના સ્વાગત વેળા પાછા ન પડે તો યે કલાકાર અને સમાજનો સંબંધ દીપશે.

એ કલાકાર હજુ પોતાનાં ચિત્રોને કલા કહેવાનું સાહસ પણ કરતો નથી. રખેને કલાના નામને કંઇ અપમાન કે કટાક્ષ ચડે તો! તેણે પોતાની સ્વભાવજન્ય સાદાઇથી પોતાનાં સર્જનો 'રંગ અને રેખા'ના નામે, સુરસ પ્રકાશન કરી ગુજરાત ને હિંદ આગળ ધર્યાં છે, અને એ રીતે ભાઈ સોમાલાલ શાહે ગુજરાતની કલા કૌમુદીનાં તેજ વિસ્તાર્યાં છે. હજારો ને લાખોનાં યુરોપનાં ચિત્રોની વાત હમણાં વિસારે પાડી આ મામૂલી કિંમતે મળતાં આંગણાનાં પુષ્પોથી આપણા જીવનમાં સૌરભ મેળવવાનું જનતા સ્વીકારે તો યે અહોભાગ્ય, કલા અને કલાકારનાં.

જાપાન, યુરોપ કે અમેરિકાનો દરેક પ્રવાસી કે પરદેશવાસી પોતાના વતનની કળાના નમૂનાઓ પોતાની સાથે ફેરવે છે અથવા પોતાની ઑફિસ કે અભ્યાસખંડમાં લટકાવી સ્વદેશપ્રીતિ જાગૃત રાખે છે. એટલો યે મર્મ આપણા સુશિક્ષિત ગુજરાતીઓમાં ઊતરે તો આ લખ્યું સાર્થક ગણાશે. મદ્રાસના એક સ્નેહીના

ઘરમાં કે પૂનામાં વસતા એક ગુર્જરપ્રેમીના નિવાસમાં ચારે તરફ નાનીનાની તકતીઓમાં ર.મ.રા., કનુ દેસાઇ, સોમાલાલ કે રસિકલાલ તથા બીજા કલાકારોની છાપેલી પ્રતોનો આદર થતો જોઇ કલાના ઉપાસકની આશાને પૂર ચડયા વિના રહેતું નથી.

દેશમાં એટલા શ્રીમાનો તો છે જ કે જેઓ, ગુજરાતમાં એક ડઝન ચિત્રકારો બારે માસ નવીન ચિત્રો કરે તે બધાં પોતાના ઘરનાં ચાપાન તથા સેપારીના ખર્ચના હિસાબે પણ ખરીદી શકે. ઈતર જનતા તેમનાં પ્રકાશનોનો આદર કરીને ગોવર્ધન પર્વતને આંગળીનો ટેકો આપી શકે. કલાકાર તમને ભેટ આપે તો યે એની કિંમત અને કદર સમજજો.

ર.મ.રા.

લાભની વાત

આ નીચેનાં પ્રકાશનોમાંથી કયું તમારી પાસે નથી? એ મફત મેળવવું છે ? તો—

આ એક નવી યોજના તમારે (માત્ર 'કુમાર'ના ગ્રાહકોને) જ માટે ખાસ છે. 'કુમાર' ને માટે એક નવો ગ્રાહક વધારી આપો અને એમાંનું તમને મનપસંદ પડે તે એક પુસ્તક મફત મેળવી લો. તમારે કરવાનું એટલું, કે તમારૂં પૂરૂં નામ અને ગ્રાહક નંબર તથા તેની નીચે તમે જેને નોંધાવતા હો તે નવા ગ્રાહકનું પૂરૂં નામ તથા સરનામું છ રૂપીઆના મનીઆર્ડર સાથે લખી મોકલવું એટલે ગ્રાહકને 'કુમાર'ના અંકો જશે અને તમને તમારૂં મનપસંદ પુસ્તક ઘેર બેઠાં મળી જશે અથવા વી પી થી મંગાવવું હોય તો તમારૂં પુસ્તક અને અંકો બંને તમારે નામે વી.પી.થી આવશે અને પછીના અંકો નવા ગ્રાહકને નિયમિત મોકલાયા કરશે મનીઓર્ડરની પદ્ધતિ વધારે સગવડભરી છે.

ચાલો ત્યારે—કરો પસંદગી

આમાંથી જેટલાં પુસ્તકો જોઇતાં હોય એટલા નવા ગ્રાહકો મોકલી આપો.

કલાદર્શન (રંગીન ચિત્રોનું આલ્બમ)	૧–૪–૦
ચિત્રશતક (સો ચિત્રોનો સંગ્રહ)	૧–૪–૦
સ્કાઉટિંગ અને બીજી વાતો (ગજાનન ભટ્ટ)	૧–૦–૦
આઇન્સ્ટાઇન (ડૉ. કાન્તિલાલ પંડ્યા કૃત)	૦–૬–૦
ઘરદીવડી (યશવંત પંડ્યા કૃત નાટકો)	૦–૮–૦
ગલગોટા (દેશળજી પરમાર કૃત-સચિત્ર)	૦-૧૦ ૦
ટહુકા ,,	૦–૫–૦

આ યોજના જૂનની ૩૦મી તારીખ સુધી જ ખુલ્લી છે.

નિશાનડંકા

"ઓસરતી સાંજનો સમય હતો. ચાર જણા એક મોટા જહાજના અગલી તુતક ઉપર બેઠા હતા. તેમાં એક હતો બ્રિટિશ નેવીનો રિટાયર્ડ કમાન્ડર, બીજો હતો રૉયલ ઇન્ડિયન નેવીનો લૅફ્ટેનન્ટ કમાન્ડર, ત્રીજો હતો સાત સાગરનો ખાધેલ અને છેવટે બંદરે ખપે પડેલ સોદાગરી તરી (Mercantile Marine) નો અફસર અને ચોથો તમારો 'સુકાની.'

વાતવાતે 'ધુડાકિયા બાણ'ની વાત નીકળી. આ ચાર જણ બેઠા હતા ત્યાંથી થોડાક કોસ છેટે કોઈ કોઇ રાતે મોટી તોપ ફૂટતી હોય તેવા ધડાકા સંભળાય છે—અને એનો પત્તો કે મૂળ કે કારણ હજુ અનુમાનનો જ વિષય છે. આ ધડાકા પાણીના પાતાળ—પેટમાં થતા સંભળાય છે, પણ હજુ કોઈ એનું કારણ માપી જાતો ફર્યો સંભળાયો નથી.

ઘેરા ભૂતકાળમાં કોઇ પચ્છમધરાના (કચ્છના) સાયરબચ્ચાએ ધુડાકિયા બાણનો ભેદ શોધી કાઢ્યો હતો. એનું નામનિશાન આજ સ્કૂલ કૉલેજનાં પાઠ્ય પુસ્તકોમાં નથી; ગવર્મેન્ટ ગેઝેટિયર પણ એ વિષે ચૂપ રહ્યું છે.

પણ લોકવાયકામાં એ સાયર સાવજ હજુ પણ જીવે છે. એણે નજર કરેલી પાતાળપાણીની ભીષણતા આજે પણ કંઠારે વસતા ખારવાઓને સાંભળવા માત્રથી કંપાવે છે.

આવા ધડાકા બંગાળાના આ કંઠારની બીજી જગ્યાએ પણ થાય છે. અફસરી ઇમારતમાં આજે એને 'ટાઇડલ ગન્સ' (જોવાળિયા તોપ) કહે છે.

ચારે જણા જૂજવા કિસ્સાએ ચડ્યા અને ભૂતકાળના પટ સરી જતાં 'સુકાની'એ રોમાંચક સ્વપ્ન જોયું—જે સ્વપ્ન 'કુમાર'ને નજર કરવા અંગે બનતો પ્રયત્ન કર્યો છે, અને અદના કલમ કદી પણ ન ચીતરી શકે એવી એ જવાંમર્દીને હિમ જેવી ટાઢી શાહીમાં રંગવાની કોશેષ કરી છે. એ કોશેષ કેટલે કદર—હાંસલ થઈ છે એ નક્કી કરવાનું કામ 'કુમાર'ના તંત્રી અને 'કુમાર'ના વાંચકોનું છે."

***'કુમાર'ના આવતા અંકમાં એ વાર્તા શરૂ થાય છે. એની સવારીના ખબર કરતા નિશાનડંકા સમો આ પ્રસ્તાવ અમારા ઉપરના 'સુકાની'ના પત્રમાંથી જ અત્રે આપ્યો છે.

પૂર્વના દેશોની ભવ્યતાની પશ્ચિમની



તેરમી સદીના અંતભાગમાં એક દિવસે બપોર નમતાં વિચિત્ર અને ફાટચાંતૂટચાં ચીંથરેહાલ કપડાં પહેરેલા ત્રણ મુસાફરો વેનીસ બંદરને આરે ઊતર્યા. સખત ઉનાળાના તાપને લીધે તેમના ચહેરા કાળા ભઠ્ઠ થઇ ગયા હતા. એમાંના આધેડ ઉમરના બે જણાની આંખો તો ખૂબ દુનિયા નીરખીનીરખીને જાણે શાંત થઇ ઊંડી ઊતરી ગઇ હતી; પણ માથે વધી ગએલાં ઝટિયાં વાળો, સૌથી નાનો મુસાફર આકર્ષક બાંધાનો ટટ્ટાર, સાહસિક ને પ્રાણવાન જુવાન લાગતો હતો.

આ જુવાનની દૃષ્ટિએ ચોવીસ વર્ષ પહેલાંના અને હાલના વેનીસમાં ઝાઝો ફેર નહોતો દેખાતો. એ તો જાણે પોતે હજુ ગઇ કાલે જ એ રસ્તેથી નીકળ્યો હોય એમ બંદરે ઊતરી શહેરમાં ચાલ્યો. બજારની મોટી-મોટી દુકાનોમાં ભરેલાં રેશમી કાપડ, ઊજળા કરેલા ચમકદાર હાથીદાંતની અવનવી ચીજો, કાચના રંગ-બેરંગી ઝુમ્મરો અને રત્નજડિત મૂઠવાળી તલવારો જોતોજોતો તે આગળ ચાલ્યો.

આ મુસાફરોનાં નાક અને કાનને વેનીસ સુપરિચિત હતું. તેજાનાથી ભરેલી દુકાનોમાંથી નીકળતી સુવાસથી તેમને મુસાફરી દરમ્યાન જોએલાં તેજાનાનો ધીકતો વેપાર કરતાં શહેરો યાદ આવ્યાં. વેનીસમાં તો દેશપરદેશના અનેક વેપારીઓ અને ભાતભાતના લોકો આવતા અને જતા, એટલે આ ત્રિપુટી તરફ કોઇ ખાસ આકર્ષાઇને જોતું ન હતું.

સાંજ પડી ગઇ હતી. ધીમેધીમે બંદર ઉપર એક પછી એક દીવા ઝગમગવા લાગ્યા હતા. એવે વખતે આ ત્રણ મુસાફર–બાપ, બેટો ને કાકો–વેનીસમાં પોતાના ઘર તરફ જઇ રહ્યા હતા. ઘેર તો પહોંચ્યા, પણ પચ્ચીસ વરસને ગાળે, ધણી થતા આવતા આ અજાણ્યાઓને ઘરના નોકરો મૂળ માલિક તરીકે ક્યાંથી ઓળખે? પરિણામે થતી બોલાચાલીની ધમાલથી, ઘણા વખતથી આ મુસાફરો ગુમ થયા હોવાથી ઘરનો માલિક બની બેઠેલો તેમનો ભત્રીજો નીચે ઊતરી આવ્યો.

એકબીજાની ઓળખાણ થતાં ખૂબ વાર લાગી. આખરે ખુલાસો થતાં નક્કી થયું કે આ ત્રણ તે નિકોલો પોલો, મેફીઓ પોલો અને જુવાન માર્કો પોલો હતા. ઓળખાણ પડતાં વાર લાગે એમાં નવાઇ જેવું પણ ન હતું; કારણકે તેઓ મુસાફરીએ નીકળ્યા ત્યારે માર્કો ૧૭ વર્ષનો છોકરો હતો; અને આજે તે ચાળીસ વર્ષ વટાવી ગયો હતો.

લગભગ નવમા સૈકાની શરૂઆતથી ભૂમધ્ય સમુદ્રનાં બંદરોમાં એશિયા અને યુરોપના વેપારીઓ ભેગા થતા અને માલ તથા જ્ઞાનની આપલે કરતા. હિંદુઓ અને આરબોનું ઘણું જ્ઞાન પશ્ચિમને આ રીતે જ મળ્યું. એ વખતે વેનીસ દુનિયાના વેપારનું કેન્દ્ર થઇ પડયું હતું, અને તેની બજારમાં પૂર્વનાં કિંમતી કિનખાબ તથા તેજાના આવતા. એ વેળા હિંદ અને ચીનનું સોનું, જવાહિર, રેશમી કાપડ અને ભરતકામ એ યુરોપને માટે અજાયબ વસ્તુઓ હતી.

યુરોપના મુખ્ય વેપારીઓ એ વખતે બધા વેનીસમાં જ હતા. આ વેપારીઓ ફક્ત મોટા વેપાર જ કરી જાણતા એમ નહિ, પરંતુ સાથેસાથે તેઓ એવા તો બહાદુર ને સાહસિક હતા કે દૂરના અજાણ્યા મુલકોમાં પોતાનો વેપાર વધારવાને લાંબી અને જોખમકારક મુસાફરીઓ ખેડવામાં પણ પાછા પડતા નહિ. આવા આ વેપારી મુસાફરોમાં મેફીઓ અને નીકોલો પોલો


પ્રજાને પિછાન કરાવનાર વેનીસનો વિખ્યાત વેપારી-મુસાફર

માર્કો પોલો

તથા નીકોલોનો યુવાન પુત્ર માર્કો પોલો જગવિખ્યાત થઇ ગયા છે.

એશિયાના અણજાણ ને ગૂઢ ગણાતા મધ્ય ભાગમાં મુસાફરી કરનાર સાધુઓ અને વેપારીઓ ચીનની દોલત તથા તેના મહાન શહેનશાહ કુબ્લાખાનની સત્તાની આશ્ચર્યકારક વાતો કરતા. એ વાતો સાંભળીને જિજ્ઞાસુ તેમજ વેપારીવૃત્તિવાળા મેફીઓ અને નીકોલોએ ચીનની સફરે નીકળવાનો નિશ્ચય કર્યો. મુસાફરી ઘણાં વિઘ્નો અને ભયથી ભરપૂર હતી. બરફથી લદાએલા ડુંગરી પ્રદેશો વટાવી, ધગધગતી રેતીનાં રણો વીંધી પ્રચંડ વેગવાળી જબરદસ્ત નદીઓ ઓળંગી, બરફનાં ભયંકર વાવાઝોડાંના સપાટા ઝીલતા તેઓ મહા કપરી મુસીબતોને અંતે એક વરસે કુબ્લાખાનના દરબારમાં પહોંચ્યા.

અને પંદર વરસ પછી જ્યારે તેઓ ત્યાંથી પોતાને દેશ પાછા ફર્યાં ત્યારે તેમણે સાથે આણેલી દોલત અને હેરત પમાડે તેવી વાતોથી વેનીસ આખું આંકુતૂર થઇ ગયું. આ મુસાફરીની વાતોમાં નીકોલોના મહત્ત્વાકાંક્ષી જુવાન માર્કોને બહુ જ રસ પડ્યો. હજી તો જો કે તે પંદરની ઊગતી વયમાં હતો, તોપણ બીજી સફર વખતે પોતાને સાથે લઇ જવા માટે તેણે પોતાના બાપને બહુ આજીજી કરી. તેથી, ઇ.સ. ૧૨૭૧માં, મેફીઓ અને નીકોલો જ્યારે બીજી વાર સફરે નીકળ્યા ત્યારે માર્કોને સાથે લીધો. આ વખતે પોપે, શહેનશાહ કુબ્લાખાનની પ્રજાને ખ્રિસ્તી ધર્મના ઉપદેશનો લાભ આપવાના ઇરાદાથી તેઓની સાથે બે સાધુઓ પણ મોકલ્યા. પણ આ જ્ઞાની અને શ્રદ્ધાળુ સાધુઓની શ્રદ્ધા પેલા અજ્ઞાન વેપારીઓ જેટલી પણ ટકી નહિ, અને અજાણ્યાં જોખમોથી (અનુસંધાન પૃષ્ઠ ૧૪૫મે)



એ કાળમાં નિગૂઢ ગણાતા પૂર્વદેશના હાર્દ સોંસરા નીકળીને તેની પ્રદક્ષિણા કરતી આવડી મોટી સફર ખેડી સ્વદેશ પાછો આવનાર સાહસ-સફરી માર્કો પોલો પહેલો હતો

તેરાઈના જંગલની એક વાર્તા

કાળભૈરવને ઉન્માદ ચડ્યો હતો. અત્યંત ઉપદ્રવ અને અત્યાચારથી આવેશમાં આવે છે ત્યારે જનાવરો અતિ ભયાનક કાર્યો કરી મૂકે છે. કાળભૈરવે પણ આવા ત્રાસના આવેશથી તેરાઇ પ્રાંતના સાંતલ ગામમાં કેર વર્તાવી મૂક્યો. રાત્રિના ઘોર અંધકારમાં ચંદ્રમા વાદળોમાં છુપાયો ને થોડી વારે કાળભૈરવ પોતાનું ત્રણ ટનનું ભારે શરીર લઇ ગરીબ ગામડીઆઓનાં ઝૂંપડાંઓ ઉપર સમગ્ર બળથી ધૂમી વળ્યો. ઝાડપાનની સૂકી ડાળીઓ અને માટીનાં બનાવેલાં એ ઝૂંપડાં એ જંગી ગેંડાના ભયંકર આક્રમણ સામે કાગળનાં ઘરોની પેઠે સડસડાટ તૂટી પડ્યાં. અંદર સૂતેલાં માણસોને તેણે મસ્ત હાથીની પેઠે છૂંદી નાંખ્યાં. બે માણસો ભાગી છૂટવા ગયા તેમની પૂંઠ પકડીને તેણે જમીનદોસ્ત કરી તેમના ભુરચા કરી નાખ્યા.

નેપાળ જોકે પાર્વતીય પ્રદેશનું રાજ્ય છે, પરંતુ એ રાજ્યની દક્ષિણે આવેલો તેરાઇ જિલ્લો ગિરિમાલાની તળેટીમાં આવેલો હોઈ પર્વતોથી ઘણે અંશે મુક્ત છે. એની જમીન દરિયાની સપાટીથી સહેજ જ ઊંચી અને હવા ભીનાશવાળી છે. એના મોટા ભાગમાં ઘાડું જંગલ, ઊંચું ને ગીચ ઊગેલું ઘાસ, પાણીનાં ખાબોચિયાં અને કાંટાળા થૂવરનાં ઝાડો આવેલાં છે. અને હિંદભરમાં જે પ્રાણી ક્યાંય નથી થતું તે ગેંડો એ વિસ્તારમા વસે છે. વાઘ વગેરે બીજાં ભયંકર હિંસક પ્રાણીઓની પણ આ જંગલોમાં પુષ્કળ વસ્તી છે.

કુદરતના કેર જેવો કોઇ ભયંકર વંટોળીઓ ફરી વળ્યો હોય તેમ સાંતલ ગામનાં ઝૂંપડાંઓનો ઘાણ વળી ગયો હતો, અને રાત્રિના અંધકારમાં, છુંદાએલા ગામડીઆઓની હૃદયભેદી ચીસો સાંભળતો ગેંડો નાક ને મોઢાથી ફુંફાડા કાઢતો અને જંગી ઘણ જેવા પગથી ધરતી ધમધમાવતો પોતાની વૈરવૃત્તિ તૃપ્ત કરવા ચારે તરફ સત્યાનાશ વાળી પાછો ફરતો હતો.

પણ હજી આટલાથી તેને સંતોષ થયો લ.ગ્યો નહિ; કેમકે બીજી રાત્રે પણ બાકી રહેલું ઝેર ફરી એ જ ગામડા ઉપર તેણે ઠાલવ્યું. લોકોએ ચારે તરફ મોટાં તાપણાં સળગાવ્યાં હતાં. ગામના છોકરાઓ ગળામાં પતરાંના ડબ્બા અને ઢોલકાં લટકાવી જોસથી વગાડતા હતા. પણ કાળભૈરવ જેવો કાળભૈરવ વળી તેને ગણકારે? ફરી તેણે બીજાં થોડાં ઝૂંપડાં જમીનદોસ્ત કર્યાં. ત્રીજે દિવસે વળી એક ગોવાળીઓ તળાવડીમાં ગાયોને પાણી પાતો હતો ત્યાં અકસ્માત તેની પાછળ ભારે પગલાંનો અવાજ આવ્યો. ગોવાળીઓ તો પાસેના ઝાડ ઉપર ચડી ગયો, પરંતુ તેની એક ગાય અને બે વાછરડાં તેના કરાળ શીંગડાને સપાટે ચડી કચ્ચરઘાણ થઇ ગયાં. આથી જ ગ્રામવાસીઓએ એ કાળા ગેંડાનું નામ કાળભૈરવ પાડ્યું હતું.

સામાન્ય રીતે ગેંડો કદી આવેશમાં આવતો નથી. તે કોઇને ઉદ્વેગ પમાડ્યા વગર શાંતિથી જંગલમાં વસે છે. એટલે જ આ કાળભૈરવ આટલો બધો કેમ ઉશ્કેરાયો તેનું કારણ કોઇ ગામવાસી કળી શક્યો નહિ. સાદી બુદ્ધિના એ ભોળા ગ્રામજનોના મગજમાં ક્યાંથી આવે કે કોઇએ છંછેડ્યા વિના જંગલી પ્રાણી આમ કરે નહિ? તેઓ તો પ્રારબ્ધને દોષ દેવા લાગ્યા.

પણ શિકારી રામબલિ ખરી હકીકત જાણતો હતો. પરંતુ તેણે જાણી જોઇને મૌન સેવ્યું; કેમકે જો ગ્રામવાસીઓ ખરી હકીકતનો ઈશારો પણ જાણે તો તેનું આવી બને તેમ હતું.

સાંતલ ગામથી ચારેક માઇલ દૂર કાંટાળા થૂવરોની ઝાડીમાં કાળભૈરવનો વાસ હતો. આજુબાજુ પથ્થરની મોટી શિલાઓ અને ખડકો હતો. નીલા રંગના આ ખડકો ઉપર હજારો ગરોળીઓ આમતેમ દોડતી ફરતી હતી. આકડાનાં જૂથનાં જૂથ એ સ્થળે ઊગ્યાં હતાં. એનાં દૂધવાળાં પાંદડાં કાળભૈરવને ભારે સ્વાદિષ્ટ લાગતાં. ચારે તરફ કાંટાળા બાવળ ઊભા હતાં, જેની લાંબી શૂળો કોઈપણ પ્રાણીને નજદીક આવવાને મન કરવા દે તેવી ન હતી. ઉનાળાના કપરા તાપમાં કાળભૈરવ પોતાની ગેંડીરાણી અને યુવરાજ સાથે

કાળભૈરવ

... અને કુદરત કહે છે કે લોભી મહ-



ત્વાકાંક્ષાથી આંધળા થઈ માણસે તેના સામ્રાજ્યની મર્યાદા લોપવામાં સાર નથી.

આ મહેલમાં વસતો હતો. એ આવાસના એક ખૂણામાં ગેંડીએ ઊંડો ખાડો ખોદી તેમાં કુમળી ડાળીઓ પાથરી પોતાના બાળક માટે બિછાનું તૈયાર કર્યું હતું.


રોજ સંધ્યા સમયે કાળભૈરવ પોતાના કુટુંબ સાથે પાણી પીવા આ આવાસથી પાંચ માઇલ દૂર આવેલી તળાવડી ઉપર જતો. બાળ ગેંડો તદ્દન નાનો હતો ત્યારે ગેંડી તેના રક્ષણ માટે આવાસમાં પાછળ રહેતી; અને કાળભૈરવ પાછો આવી ચોકી કરતો એટલે તે પાણી પી આવતી. હવે બાળક મોટો થયો હતો એટલે સૌ સાથે પાણી પીવા જતાં.

તેરાઇના ભયંકર વાઘ તો જાણીતા છે. ઝાડ ઉપર પાંદડાંમાં લપાઇને લાગ જોઇ શિકાર પર તરાપ મારવાની ખાસિયતવાળા ચિત્તાઓની પણ ત્યાં ખોટ નથી. આ બધા એકલા બાળ ગેંડા પર તૂટી પડતાં તો વાર ન લગાડે; પરંતુ કાળભૈરવ પતિપત્ની તેને જરાપણ આંખથી અળગો કરતાં નહોતાં. અને ગેંડાથી તો આ હિંસ્રો બહુ ચેતતાં રહેતાં. તેમના તીક્ષ્ણ પંજા અને દાઢ ગેંડાના જાડા ચામડા ઉપર નિરૂપયોગી જેવાં હતાં, એટલે તેના ભયંકર શીંગડાથી દૂર જ રહેવામાં તેઓ ડહાપણ સમજતાં. હાથીઓનાં ટોળાં એ માર્ગેથી પોતાની મગરૂબી ભરેલી ચાલે નીકળતાં ખરાં અને પાણી પીવા તળાવે પણ જતાં; પરંતુ એ ડોલતા ગજરાજો ગેંડાઓ તરફ મીટ માંડતા નહિ. જંગલમાં મોટાં પ્રાણીઓ સામાન્ય રીતે પરસ્પરનાં બળની કદી ઉપેક્ષા કરતાં નથી.

રામબલિ અનુભવી શિકારી હતો. પેઢી દર પેઢીથી તેના વડવાઓનો પણ ધંધો શિકારનો જ હતો. જંગલનાં લગભગ બધાં પ્રાણીઓ તેના ઝપાટામાં આવી ગયાં હતાં પરંતુ તેની સાત પેઢીમાંથી કોઇએ ગેંડાનો શિકાર હજુલગી કર્યો નહોતો. ગેંડા જેવા રાક્ષસી પ્રાણીનો શિકાર એ સહજ વાત નહોતી. તેની જાડી ચામડી ઉપર તીર ભાલો કે બંદુક અસર કરે તેમ નહોતાં. અને સાથે તેનું પચાસ માણસો જેટલું બળ કોઇપણ પ્રકારનું આક્રમણ કરવાનું મન થવા દે તેવું નહોતું. રામબલિને છેક નાનપણથી ગેંડાનો શિકાર કરવાની ધૂન ભરાઇ હતી. એટલે રોજ ને રોજ તે ગેંડાને સપડાવવાને કેવા પ્રકારના ફાંસલા યોજવા તેની અનેક યુક્તિપ્રયુક્તિઓ મનમાં ઘોળ્યા જ કરતો. એક જ ગેંડો જો હાથમાં આવે! અહાહા! તો કેવી મજા પડે? તેના સ્વાદિષ્ટ માંસને સુકાવી રાખીને બાર માસના નિર્વાહની ચિંતામાંથી મુક્ત થઇ શકાય; અથવા બાપના શ્રાદ્ધ નિમિત્તે લામા ધર્મગુરુઓને જમાડી શકાય અને તેના ચામડાનાં તો અનેક ઉપયોગ થઇ શકે. જો જિલ્લાના લંબરદારને માત્ર એક ઢાલ જેટલું ચામડું એમાંથી ભેટ આપે તો તેને તરત ગામની પટેલાઇ મળે. બીજા ચામડાના ટુકડા અને શીંગડાથી તો એક નાનું ખેતર પણ જરૂર મળે. પછી ગામના લોકો તેને બે ત્રણ કન્યાઓ પરણાવી દે. એ બેત્રણ બૈરીઓ તે આ તેનું ખેતર ખેડે; તેની જમીન ઉપર કેળનાં વૃક્ષો ઉછેરે. તે ગામમાં સૌથી મોટો માણસ બની શકે. પછી જ્યારે લંબરદાર સાહેબ આવે ત્યારે સૌનો આગેવાન થઇ તે પહેલો સલામ કરે. તે મોટાં માણસના હુકમ મેળવી આખા ગામને આજ્ઞાંકિત બનાવે. પોતાની ત્રણ સ્ત્રીઓ માટે તે ત્રણ ઝૂંપડાં બનાવે. તેનો માનમરતબો વધી જાય, બસ સ્વર્ગ ફક્ત વેંત જ દૂર રહે. પણ સવાલ માત્ર આ કાળભૈરવને કેમ મારવો એટલો જ હતો.

રામબલિ જન્મભરના અભ્યાસથી જંગલ અને પશુઓ સંબંધી બારીકમાં બારીક હકીકતોનો કુદરતી જ્ઞાતા હતો. તે હવા પાણી અને ઋતુઓનાં ઢંગ જાણતો; પશુપક્ષીની ખાસિયતો, વ્યવહાર અને સ્વભાવથી માહિતગાર હતો. પશુઓનાં પગનાં ચિહ્નોથી તે ઘણું જાણી શકતો; ઝાડોની છાલોમાં પડેલા ઘસારાથી તે ઘણું સમજી શકતો. કઇ ઋતુમાં કયાં જનાવરો કયારે પાણી પીવા નીકળે છે, કયારે કયાં શિકાર માટે છુપાય છે તે સર્વે તેના ખ્યાલમાં હતું. કઇ જગ્યાએ તેઓ વાગોળે છે, કયાં કાદવમાં લોટે છે, કયે રસ્તે જાય–આવે છે તે તેના ધ્યાનમાં હતું. પશુઓના આવાસો અને આરામનાં સ્થાનો પણ તે જાણતો.


ઘણા દિવસોના વિચાર અને યુક્તિઓ પછી એક દિવસ છાનોમાનો તે કાળભૈરવને તળાવડીએ જવાના રસ્તા પર ગયો, અને કાંટાના ઝાડમાં એક મજબૂત ટૂંકો ભાલો ભારે પથ્થર સાથે હરણના ચામડામાં વાધરીથી બાંધી લટકાવ્યો. નીચે છટકું રાખ્યું. ગેંડાનો પગ છટકાને અડતાં જ પથ્થરના વજન વાળો ભાલો તેની કાંધ ઉપર પડે એવી તરકીબ ગોઠવી. કાળભૈરવના આખા અંગમાં નરમમાં નરમ ભાગ કોઇ હોય તો તે તેની કાંધનો માંસલ પ્રદેશ. ત્યાં અણિયાળો



કાશ્મીરનાં શીતળ જળ
ફોટો · આબીદમિયાં સૈયદ



‘અવસ્થાને આરે’
ફોટો· કાર્લ જે. ખંડાલાવાળા



‘ખુદા એક હય’ (માહની ફોટો હરીફાઈમાં પહેલું ઇનામ મેળવનારૂં ચિત્ર)
ફોટો· પ્રતાપરાય શાહ

ભાલો પોતાનું કામ અચૂક પૂરું કરે જ.

સાંજ ઢળતાં કાંટાળાં વૃક્ષોના લાંબા પડછાયા પડવા લાગ્યા કે તરત જંગલવાસી જનાવરો તળાવડી ઉપર પાણી પીવા ભેગા થવા માંડ્યાં. ખાસ કરીને વાઘ અને ચિત્તાઓનો ભારે ભય હતો, એટલે રામબલિ દૂર એક ઊંચી જગ્યા પર બેસી આકાશમાં ગીધોના ઉડ્ડયનથી ગેંડાના મૃત્યુની પ્રતીક્ષા કરવા માંડ્યો.

પરંતુ રામબલિએ ગેંડાની અલૌકિક ઘ્રાણશક્તિની ગણત્રી કરી નહોતી. એ પ્રાણીની આંખો બહુ નાની અને દૃષ્ટિ ઘણી ઝાંખી હોય છે; પરંતુ તેનો બદલો કુદરતી ઘ્રાણશક્તિથી તેને વળી રહે છે. આજે સખત તાપ પડવાથી ગેંડો કાંઇક વહેલો પાણી પીવા નીકળ્યો અને વહેલું હોવાથી તે વધારે ચોક્કસાઇથી અને ધામે પગલે સાવચેતીથી આગળ વધતો હતો. તેની ઝીણી આંખો જોકે ઉપર ઝઝૂમતા ભયને જોઇ શકે તેમ નહોતું પરંતુ તેની ઘ્રાણશક્તિએ માણસના હાથની ગંધ પારખી કાઢી. ભાલો અને ચામડાની પટી રામબલિના હાથનો લાંબો સ્પર્શ ધરાવતાં હતાં; અને ગેંડાની ઘ્રાણશક્તિ માણસની વાપરેલી વસ્તુને પારખી કાઢતાં ક્યારે પાછી પડી છે?

વાસથી શંકિત થઇ કાળભૈરવ ઊભો રહ્યો. કાન ઊભા કરી, માથું ઊંચું કરી, ભયસ્થાન પારખવા માટે હવાની લ્હેરીઓને સૂંઘવા માંડ્યો. આટલામાં જ ક્યાંક ભયસ્થાન છે એવી શંકા તેને થવા માંડી અને તરત તેણે તથા તેની માદાએ નસ્કોરાંથી ધીમો ફૂત્કાર કરવા માંડ્યો.

કુદરતે કાળભૈરવને શરીર મોટું આપ્યું હતું, પણ તેના પ્રમાણમાં મગજ બહુ નાનું હતું. ભયની ગંધ આવી એટલે તેના ઉપર હુમલો કરવો એ તેના મગજની પહેલી વિચારણા હતી. તેણે પોતાનું માથું નીચું નાખી દોટ મૂકી અને ગંધવાળા ઝાડના થડમાં પોતાનું ભયાનક શીંગડું માર્યું. ઝાડ, તેનું થડ, ત્યાં બેસાડેલું છરકું અને ભાલો દૂર જઇ પડ્યાં. થોડીવાર તો એ પોતાના આ કૃત્યને વગર સમજ્યે મીટ માંડીને જોઇ રહ્યો; પછી ઓચિંતો ગભરાઇને ઊછળ્યો અને કાંટાળા થૂવરનાં ઝુંડને શીંગડાથી ભાંગતો છૂંદતો ભયભીન થઇ આડે રસ્તે એવો તો ભાગ્યો કે તે ગયો ત્યાં નવો રસ્તો થઇ ગયો! તિરસ્કારભરેલી માણસની ગંધવાળો જૂનો રસ્તો હવે તેને માટે ત્યાજ્ય હતો.

રામબલિ ચતુર હતો. ગેંડાની એ નવી કૃતિ જોઇ શું બન્યું હતું તે એ સમજી ગયો. તેણે ફરીથી ગેંડાએ બનાવેલા નવા રસ્તા ઉપર યોગ્ય સ્થળે છરકું ગોઠવ્યું. આગલા બનાવથી ચમકીને ગેંડો પણ હવે વધારે સાવચેત બની ગયો હતો. આંખો તો વધારે તેજ ન થઇ શકી, પણ ગંધની સાથે તેની સ્પર્શશક્તિ પણ એટલી જ તેજ બની ગઈ હતી. જેવો તેનો પગ છટકાને લાગ્યો કે તરત ચમકીને તેણે પોતાના શરીરને વિદ્યુતગતિથી ફેરવ્યું. આથી ભાલો તેની કાંધ ઉપર બરાબર ન વાગતાં માત્ર છરકતો લાગ્યો. તરત લોહીની ધારા ફૂટી નીકળી અને રસ્તામાં લાલ છાંટ કરતી ગઇ.

કાળભૈરવે છંછેડાઇને ચિત્કાર કર્યો અને ત્રાસીને તે પોતાના સાથી સાથે ઊંચા ઘાસમાં છુપાયો. પરંતુ થોડી વારે આખા દિવસની તરસે તેમને તળાવડી તરફ દોર્યાં. ફરી તેણે ચારે તરફ જામેલા કાંટાળા થૂવરોને ભાંગી ત્રીજો રસ્તો બનાવ્યો. તળાવડીએ જઇને તેણે ખૂબ પાણી પીધું. પછી કાદવમાં ખૂબ આળોટ્યો અને કાંધ પરના ઘાવ ઉપર માટીનું જાડું પડ ભેગું કર્યું.

સામાન્ય રીતે ગેંડો એકમાર્ગી પ્રાણી હોય છે. તેને પોતાની જૂની ટેવ કે જૂના રાહ બદલાવવાનું પસંદ હોતું નથી. પણ ઉપરાઉપરી આ બે બનાવથી તેના મંદ મગજમાં રોષ પ્રજ્વળી ઊઠ્યો. તેણે ગેંડી અને બચ્ચાને રહેઠાણ તરફ એકલાં મૂક્યાં.

એક જ વખતે એક જ વસ્તુ સમજનાર પ્રાણી જ્યારે વિફરે છે ત્યારે દારુણ બને છે. ગેંડાના મનમાં જે ઊંડો વૈરાગ્નિ જલી ઊઠ્યો હતો તેણે એ દારુણતા ધારણ કરી.

તળાવડીના રસ્તાથી બેએક માઇલ દૂર ગામડું હતું. ત્યાં તેના ઉપર અત્યાચાર કરનાર ગંધવાળાં માનવીઓ વસતાં હતાં. હવાની લહરમાં આવતી એ ગંધ ઘડીભર સૂંઘીને, તેણે ઝીણી આંખોનાં પોપચાં ખુન્નસથી બીડી નજરને વધારે ઝીણી કરી અને ઝનૂનથી માથું ધુણાવી ગામડાની દિશામાં વહેતું મૂક્યું.

ઘણઘણાટ કરતા, પવનવેગે ધસ્યા આવતા કોઈ ખડક જેવા એ પ્રાણીએ પાદર ઉપરના પહેલા ઝૂંપડાને કાગળની કોથળીની પેઠે જમીનદોસ્ત કરી નાખ્યું. અંદર સૂતેલાંને કચરતો તે બીજા ઝૂંપડા ઉપર ધસ્યો. ઊઠીને નાસવા મથતાં માણસોમાંથી એકને શીંગડાની

(અનુસંધાન આગળ પૃ. ૧૫૦મે)

આદિત્ય

આપણા ગ્રહમંડળ ઉપરની સર્વ સજીવ સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લય માત્રનું આદિ-કારણ જે સૂર્ય, તેમાં આજ સુધી સંસારની પ્રત્યેક પ્રજાએ દિવ્યતા આરોપેલી છે. વેદકાલીન આપણા પ્રાચીનતમ પૂર્વજોએ દેવ તરીકેનું અનોખું આસન તેને આપી પોતાની દિનચર્યાના પણ એક આવશ્યક અંગ તરીકે તેનો સ્વીકાર કરેલો છે. જીવનના આધારસ્થંભ તરીકે આદિત્યમાં એ દેવત્વ આરોપવામાં આવે તો તેને અપાએલું એ બિરુદ જરા યે અયોગ્ય નથી. જગત ઉપર વિવૃદ્ધિનું મૂળ તે એકલો જ છે; એટલુંજ નહિ, પણ વાયુઓના પ્રવાહ અને સાગરના તરંગો ઉપજાવવામાં પણ એ જ કારણભૂત છે. ઋતુઓનું પરિવર્તન તેને આભારી છે, અને દુનિયામાં દેખાતા સૌ સૌંદર્યનો આદિ સ્રોત પણ એ જ છે. ટૂંકામાં, સંસારમાંના સર્વે પરિવર્તનોનો તે એકલો સ્રષ્ટા છે. એ સ્રષ્ટાપદ તેનામાં સમાએલી અતીવ-અપૂટ



COURTESY: ILLUSTRATED LONDON NEWS

વેગભર ઘુમરીઓ લેતી, જલેબીનાં ગૂંછળાં જેવી નિહારિકા, જેને તારાઓનું શહેર કહી શકાય આપણા સૂર્ય જેવા તો અનેક તારાઓ પોતાના ગ્રહમંડળ સાથે આમાંથી જન્મ પામે. આકાશગંગામાં આવી તો ઢગલ બંધ નિહારિકાઓ ભરી છે.

આપણી જિંદગીનો અરધોઅરધ ભાગ

ગરમીને લીધે છે. આપણી જીવસૃષ્ટિના ઉત્પાદક, પોષક અને સંહારક એવા એ સૂર્યની બાબતમાં આપણે કેટલું જાણીએ છીએ?

ઘણા થોડાને ખબર હશે કે આપણા ઉપર પ્રકાશતા સૂર્ય જેવા તો અનેક સૂર્યો પોતાના પરિવાર સહિત આકાશમાં પરિભ્રમણ કરી રહ્યા છે. પરંતુ આપણને તો હાલ આપણા નિત્યસહચારી સૂરજથી જ નિસ્બત હોઇ એ વિશાળ ક્ષેત્રની વાત હમણાં બાજુએ રાખવી પડશે.

જેની સામે નજર પણ ઠેરવી ન શકાય એવા તીવ્ર પ્રકાશના ગોળા તરીકે જ આપણી આંખે સૂર્યને ઓળખે છે. પણ એ તેજગોળો એના વાસ્તવિક સ્વરૂપે જો આપણી આંખો આગળ રજુ થાય તો સાનંદાશ્ચર્ય ઉપજાવે! સૌથી પ્રથમ તો તેના કદનો જ સાચો ખ્યાલ આપણને કદિ આવ્યો નથી! સૂર્યની આસપાસ ફરનારા સઘળા ગ્રહોને ગૂંદી નાખીને તેનો એક જ મોટો ગોળો બનાવીએ તો તેનાથી યે એ રવિદેવ પાંચસો ગણા મોટા થવા જાય! પૃથ્વીનો વ્યાસ ૭૯૨૭ માઇલ, જ્યારે એમનો ૮૬૫૦૦૦. એટલે આપણી પૃથ્વી જેવા તો દસ લાખથી યે વધારે ગોળા એના ઉદરમાં સમાઇ જાય! આ ઉપરથી એનું વજન પણ આપણે એટલું જ બિહામણું કલ્પીએ; પણ ના, તેમ નથી. પૃથ્વી જેટલો તે ઘટ્ટ ન હોવાથી વજનમાં તો તે પૃથ્વીથી માત્ર ત્રણ લાખ ને ત્રીસ હજાર ગણો જ છે.

પહેલાં તો આપણે સૂર્યની ઉત્પત્તિના કારણ ભણી વળીએ. કૉન, હર્શલ વગેરે પશ્ચિમના સિદ્ધ વૈજ્ઞાનિકોની કલ્પના પ્રમાણે બ્રહ્માંડના સઘળા તારાઓ, સૂર્યો, ગ્રહો વગેરેની ઉત્પત્તિ આકાશગંગામાં આવેલી એક પ્રકારની નિહારિકામાંથી થએલી છે. કોઇપણ પદાર્થ ઉષ્ણતાની અતિશયતાને પામતાં તેમાંથી જે ગરમી અને પ્રકાશનો ઉદ્‌ભવ થાય છે તેને આધારે આ કલ્પના રચાએલી છે. આકાશમાં ધોળી પટ્ટી જેવી દેખાતી એ આકાશગંગા તો આપણે રોજ જોઇએ છે. તેમાં દેખાતાં જુદાંજુદાં ધાબાં તરફ આપણે સાધારણતઃ બેદરકાર રહીએ છીએ, પણ એ દરેક ધાબું એ જ આવા અનંતકોટિ સૂર્યો ને ગ્રહોનું ઉત્પત્તિસ્થાન નિહારિકા. એ નિહારિકાઓ પણ જુદાજુદા આકારની હોય છે. કોઇ સાદી વાદળા જેવી તો કોઇ જલેબીના ગૂંછળા જેવી. આપણા સૌર જગતની જનની નિહારિકાનો આકાર એ બીજા પ્રકારનો છે.


આપણે જેને સતત નિરખ્યા કરીએ છીએ એ સૂર્ય વિષે આપણી માહિતી કેટલી છે?

રસાયનવિદ્યામાં જેમને મૂળ તત્ત્વો કહેવામાં આવે છે તે તથા સૂક્ષ્મ ગૅસથી એ નિહારિકાઓ બનેલી છે. એવી એક નિહારિકા અવકાશમાં એટલા વેગથી ફરતી ગઇ કે ધીમેધીમે તેમાંની ગરમી ઘટતી ને ઘટતી જ ગઈ. આથી સહેજે તેની અંદરની કોરાણો તેના અંતરાળ કરતાં વહેલી ઠરી ગઈ, અને એ કારણે પરસ્પરનું સંબંધાકર્ષણ પણ ધીમેધીમે ઓછું થતું જઇ છોટે તેમાંથી ટુકડા તૂટતા ગયા. આમ ઓછી ઉષ્ણતાના તૂટી પડેલા એ ટુકડા, મૂળ નિહારિકાથી છૂટી પડતી વખતે, તેમને જે ગતિ મળેલી તેને લઇને તેમજ તેના ગુરુત્વાકર્ષણથી તેની જ આજુબાજુ ભમવા લાગ્યા. આ ટુકડા તે ગ્રહો અને સૂર્ય તે ગજકુર નિહારિકાનો અવશેષ.

આમ સૂર્ય એ નિહારિકાનું મધ્યબિન્દુ હોવાને કારણે જ તેની ગરમી બહુ ઓછી ઘટી છે. તે ભારેમાં ભારે હોઇ નિહારિકામાંથી ઊડેલા દૂરમાં દૂર સુધીના ટુકડા સુધી પોતાની ઉષ્ણતા રેલાવતો રહે છે.


પૃથ્વી ને સૂર્યની વચ્ચેનું અંતર સાધારણતઃ નવ કરોડ અને ત્રીશ લાખ માઇલ ગણાય છે, જોકે સૂર્યની આસપાસ ફરવાનો પૃથ્વીનો 'પરકમ્માપથ' લંબગોળ હોવાથી તેમાં અવારનવાર થોડોઘણો ફેરફાર રહ્યા કરે છે. વૈજ્ઞાનિક સગવડોવાળાં આપણાં વિપુલ સાધનો છતાં હજુ એ છેટું આપણને કેવું હેબતાવી નાખે છે! કલાકના ચાળીસ માઇલ ચાલનારી રેલવે ટ્રેન ક્યાં યે પણ અટક્યા સિવાય જો સૂર્યલોકની સફરે ઊપડે તો ૩૦૦ વર્ષે એ અંતર કાપી શકે. કદાચ કોઈ મિજાજે બરખિલાફ પૅસેંજર બહાર પડી એવી જ કોઇ કંપનીની ગાડીમાં એ મુસાફરીએ ઊપડે તો દર માઇલે એક આનાનું ભાડું ગણતાં તેને પંચાવન લાખ સાડાબાર હજાર રૂપિયા તો એ કંપનીને ભાડાના ચૂકવવા પડે!

સર જેમ્સ જીન્સ ઇંગ્લંડના એક પ્રમાણભૂત ખગોળશાસ્ત્રી ગણાય છે. એમણે પોતાના 'નિગૂઢ વિશ્વ' (Mysterious Universe) નામના પુસ્તકમાં વળી એક નવી જ કુતૂહલભરી કલ્પના રજુ કરી છે કે આજથી વીસ કરોડ વર્ષ પહેલાં આંધળિયાં કરતો અવકાશમાંનો કોઇ એકલવયો તારો સૂર્યની સરહદમાં ધસી આવ્યો. પૃથ્વી પર પોતાની જે અસરને બળે ચન્દ્ર જુવાળ આણે છે તે જ અસરના બળે કરીને એ તારાએ



COURTESY: WORLD OF WONDER


ઉપર મોટું સફેદ બિમ્બ દેખાય છે તે સૂર્યના ડાઘા સાથે તેનો ફોટોગ્રાફ છે. વચ્ચે ગોળ બિંદુ તરીકે મૂકેલું ટપકું એ તે પૃથ્વીનું કદ. પૃથ્વીની આસપાસ આલેખેલું કુંડાળું તે ચન્દ્રનો પૃથ્વીની આસપાસ ફરવાનો માર્ગ — પરિક્રમાપથ, — જે લગભગ પાંચ લાખ માઇલ પહોળો છે. તેના પ્રમાણ ઉપરથી સૂર્યના કદનો ખ્યાલ આવશે અને એ જ પ્રમાણે ગણતાં, સૂર્યમાળામાંના ગ્રહો કદમાં કેવડા છે તેનો અંદાજી ખ્યાલ આપવા સૌ ગ્રહોનાં કદ આલેખતાં ચિત્રો નીચેની પટ્ટીમાં આપ્યાં.



COURTESY: WORLD OF WONDER

સૂર્યના જંગી બિમ્બની કોરાણનો એક ટુકડો ડાબી તરફ બતાવ્યો છે અને તેના પ્રમાણમાં પૃથ્વી તથા ચન્દ્રનાં કદ કેવડાં છે તે દર્શાવ્યું છે.

સૂર્ય પર પણ જુવાળ આણેલો. દુનિયાના મહાસાગરો પણ જેની આગળ ખાબોચિયાં ગણાય એવા વિશાળ



COURTESY : HARVARD COLLEGE OBSERVATORY

ઉપર આપ્યો છે તે અનંત કોટિ બ્રહ્માંડ જેવી આકાશગંગાનો એક ભાગ માત્ર છે, અને તેમાં આપણો સૂર્ય તો ઝીણા ટપકા જેવડો એક સામાન્ય કોટિનો તારો માત્ર છે. તેની આસપાસ ફરતું આપણી પૃથ્વી વગેરે ગ્રહોનું તેનું કુટુંબ તો આમાં અહીં દેખાય પણ નહિ! ખગોળશાસ્ત્રીઓએ અનુમાન કાઢ્યું છે કે આપણા સૂર્ય જેવડા તેમ તેનાથી મોટા ત્રણ નિખર્વ ૩૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ સૂર્ય પોતાના સૂર્યમંડળો સાથે એ આકાશગંગામાં હશે. આ સૂર્યમંડળો અકથ્ય વેગથી અવકાશમાં ફર્યા કરે છે. કોઇને શંકા થાય કે એ ત્રણ નિખર્વ જેટલાં મંડળોની સંખ્યા એમ ફરે તે ક્યાંયે અથડાઈ જવાનો ભય નહિ? ના. અવકાશ એટલું વિશાળ છે કે તેમાં તેઓ એકબીજાને ઓછાયે પણ કદિ આવી ન શકે. તે સમજવા માટે સર જેમ્સ જીન્સ એક માપ આપે છે કે આખા યુરોપખંડ જેટલી (લગભગ ૭૭ લાખ ચોરસ માઇલ) જગ્યામાં ત્રણ માખીઓ ઊડતી હોય તે જો કદિ એક બીજાને મળે તો આ ત્રણ નિખર્વ સૂર્યમંડળો એકબીજા જોડે અથડાય! ત્યારે એ અવકાશ કેવડું હશે?—કાંઈ ખ્યાલ આવે છે બ્રહ્માંડનો?

સૂર્ય પર આવેલો એ જુવાળ પણ એવડો જ મોટો હશેને? એ જુવાળને લીધે એક જબરદસ્ત મોજું આખા સૂર્ય ઉપર ફરી વળેલું જેમજેમ આ ઉત્પાતીઓ તારો સૂર્યની હદમાં આગે બઢતો ગયો તેમતેમ આ મોજું વિશાળ બનતું ચાલ્યું. છેવટે તેણે માઝા મૂકી, અને સાગરવિચિઓમાંથી જેમ શીકરો ઊડે તેમ તેના કલેવરમાંથી થોડા ટુકડા ઊઠી પડ્યા. આ ટુકડા તે ગ્રહો ને ઉપગ્રહો. પણ આ માન્યતા હજી સર્વમાન્ય નથી થઇ.

કુતૂહલવૃત્તિએ ઉશ્કેરાઈ નરી આંખે સૂર્યનિરીક્ષણ કરવાની ભૂલ કોઇ દહાડો કરતા નહિ. ગ્રહણ જોવા માટે મેશે ઘસેલા કાચના એક સારા કકડાનું સાધન તો જાણીતું છે. વિલાયતમાં પણ એ જ રીતે Dark Glass Systemથી લોકો સૂર્યનું નિરીક્ષણ કરે છે. એ રીતે જોતાં આકાશમાં ચકચકિત ગોળા જેવો તે દેખાશે. આપણને સામાન્યરીતે સાદી નજરને અડસટ્ટે જે ગોળો દેખાય છે તેના કરતાં કાચમાંથી દેખાતું આ બિમ્બ સહેજ નાનું લાગશે. તેનું કારણ એ છે કે સૂર્યના ગોળામાંથી તેજઝરતી વરાળનો સમૂહ, તેના ગોળાથી લાખો માઇલ બહાર પથરાએલો છે. નરી આંખે દેખાય તે સૂર્ય આ વરાળના વર્તુળ સાથેનો, અને કાચમાંથી જણાતું બિમ્બ તે એ વરાળ વિનાનું સૂર્યનું ખરૂં અંગ. એ ખરૂં બિમ્બ Photosphere (ફોટોસ્ફીઅર) કહેવાય છે અને વરાળનો ઉપલો થર Chromosphere કહેવાય છે.

દૂરબીન વડે સૂર્યનું નિરીક્ષણ કરતાં તેના પૃષ્ઠ ભાગ ઉપર કેટલાક કાળા ડાઘા નજરે પડે છે. જેમાંના કેટલાક તો ઘણી વખત એવડા મોટા હોય છે કે દૂરબીન વિના માત્ર ઉપર દર્શાવેલી કાચની રીતથી પણ જોવામાં આવે છે. આ ડાઘને તેજઝરતી ગરમ વરાળોની ઍન્કો તરીકે ગણાવી શકાય! એ એક જ ડાઘના પોલાણમાં આપણી ઘણી પૃથ્વીઓ ગરક થઇ જાય!

એ ડાઘને નિયમિત જોતા રહીશું તો સૂર્યના પૃષ્ઠ પર તેનું સ્થાનાંતર થતું જણાશે. મૂળ જગ્યાએથી પશ્ચિમમાર્ગી ગતિએ તે આગળ વધ્યા હશે અને આમ સૂર્યકળાની પૂર્વ બાજુએથી પશ્ચિમાભિમુખ સરતા જઇ છેવટે એ અદૃશ્ય થઇ જતા જણાશે. પણ પચીસ દિવસ પછી પાછા એ અસલ જગ્યાએ દેખાશે. આ ઉપરથી સાબિત થાય છે કે સૂર્ય એ ડાઘાઓ સાથે



જુદાજુદા ગ્રહો ઉપરથી જોતાં સૂર્ય કેવડો દેખાય તેનાં માપ દર્શાવતી આકૃતિ — COURTESY: WORLD OF WONDER


પોતાની ધરી પર ફરે છે, અને એની એ વેગભરી ઘુમરી પચીસ દિવસે પૂરી થાય છે.

એ ડાઘ પોલા નથી, પણ સૂર્યમાંના પ્રકાશને વધુ પડતો વહી જતો અવરોધના ગૅસો તેમાં ભર્યાં પડ્યા છે.

સૂર્યનું બંધારણ ત્યારે કયા તત્ત્વોનો શંભુમેળો હશે? એ આખો વરાળ સ્વરૂપે હોવાનું તો આપણે આગળ જાણી ચૂક્યા. એટલે તેના બંધારણનાં બધાં તત્ત્વો પણ વરાળના રૂપમાં જ છે. વૈજ્ઞાનિકોએ જુદીજુદી રીતે સૂર્યના ફોટોગ્રાફો પાડી તે ઉપરથી સાબિત કર્યું છે કે જે તત્ત્વોથી આપણી પૃથ્વી બનેલી છે તે સઘળાંયે સૂર્યમાં પણ વિદ્યમાન છે. (એટલે આપણા શાસ્ત્રકારોએ તેને આપેલી સૂર્યની દુહિતાની સંજ્ઞા સાર્થક છે.) સૂર્યમાંનાં તત્ત્વોમાં આપણને જાણીતાં એવાં હાઇડ્રોજન, મૅગ્નેશિયમ, કૅલ્શિયમ, સોડિયમ, લોઢું, મૅંગેનીઝ, નિકલ, બેરિયમ, સ્ટ્રોન્શિયમ ઉપરાંત અજાણ એવી કેટલી યે ધાતુઓ અને ગૅસો છે.

આપણી પૃથ્વીની આસપાસનું વાતાવરણનું આવરણ પારદર્શક, ઠંડું અને પ્રકાશરહિત છે જ્યારે સૂર્યની આસપાસનાં આવરણો ઉષ્ણ અને પ્રકાશમાન છે; અને ખરી રીતે, પોતાના પ્રકાશને પૂરજોશમાં રેલાવતાં સૂર્યને એ આવરણો જ બાધા રૂપ થાય છે. એ જો ન હોત તો હમણાં મળતા સૂર્યપ્રકાશ કરતાં ત્રણગણો પ્રકાશ આપણને મળી શકત, એટલું જ નહિ પણ અત્યંત સફેદ જણાતા એ ભાસ્કર ભગવાન પણ આસમાની રૂપમાં નજરે પડત!


સામાન્ય ચાંદની કરતાં શરચ્ચંદ્રની ચાંદની સવિશેષ ધવલ હોય છે; અને એવા દસ લાખ ચંદ્રોની ચાંદની આપણને અજવાળે તો? સૂર્યનું અજવાળું એ પ્રકાશસમૂહથી યે વધારે છે. અને છતાં તમને નવાઈ લાગશે કે તેના પ્રકાશની કુલ સિલકનો આપણે તો માત્ર બે અબજ ને વીસ કરોડમો ભાગ જ પામીએ છીએ! આપણા ગ્રહ ઉપર સૂર્યનો પ્રકાશ લંડન શહેર જેટલા ઘેરાવામાં દર મિનિટે એક ઔંસના દસ હજારમા ભાગ જેટલો ઊતરે છે! વરસાદના ભારેમાં ભારે ઝાપટા વખતે પણ એક સેકંડના પચાસમા ભાગમાં પડેલા પાણીનું જેટલું વજન થાય એટલું વજન આપણને ઉપર્યુક્ત પ્રમાણમાં મળતા પ્રકાશનું થાય. પ્રકાશનું એ પ્રસરણ કુલે પચીસ કરોડ ટન જેટલું છે. અને આ હિસાબે આપણે સૂર્યના વજનનો કંઇક ખ્યાલ બાંધીએ. શૅપ્લે નામક એક અમેરિકન વૈજ્ઞાનિકે અનુમાન બાંધેલું છે કે આકાશમાંથી કરોડોના હિસાબે ધસતા 'ખરતા તારાઓ' દર પળે આપણી પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે અને તેઓ રજ તથા વરાળના રૂપમાં પલટાઇ પૃથ્વીનું વજન વધારે છે. એ જ રીતે પ્રમાણમાં એથી વધુ જથ્થો સૂર્ય ઉપર પણ પડે છે. તેની ગણત્રી પ્રમાણે દર સેકંડે



COURTESY : KODAIKANAL OBSERVATORY

ખગોળશાસ્ત્રીઓએ સૂર્યને ત્રણ વિભાગમાં વહેંચી નાખ્યો છે. સામાન્યત: તો આપણી નજરે એક તેજ-ગોળો નજરે પડે છે, પણ તે એનું ખરું કદ નથી એનો મધ્ય ભાગ, એ દેખાય છે તેના કરતાં નાનો છે તેની આસપાસ તેજસ્વી વરાળનું હજારો માઇલ જાડાઇનું પડ છે. એ પડ સાથેના સૂર્યબિમ્બને ખગોળની શાસ્ત્રીય ભાષામાં ફોટોસ્ફીઅર કહે છે. એ ફોટોસ્ફીઅરની ઉપર વરાળના ભડકાઓનું પડ આવેલું છે જેને ક્રોમોસ્ફીઅર કહે છે. ખગ્રાસ સૂર્યગ્રહણ વખતે જ્યારે સૂર્યબિમ્બ સંપૂર્ણત: ઢંકાઇ ગયું હોય છે ત્યારે સૂર્યની ચોતરફની કિનાર ઉપર આ ક્રોમોસ્ફીઅરના લાલ-ગુલાબી ભડકા ઊઠતા જોઇ શકાય છે. કાશ્મીરમાં દેખાએલા એક ખગ્રાસ ગ્રહણ વેળા લેવાએલા એવા એ ક્રોમોસ્ફીઅરના ભડકાનો ફોટોગ્રાફ આ ઉપર આપ્યો છે. આ ભડકા કોઇકોઇવાર પાંચથી દસ હજાર માઇલ ઊંચા ઊછળે છે.

કુલ બે હજાર ટન જેટલો એવો જથ્થો સૂર્ય ઉપર પડે છે. પણ પ્રમાણમાં એ ઘણો નજીવો ગણાય; કારણકે તેટલા જ વખતમાં સૂર્ય તેનાથી બે હજાર ઘણું વજન તો પ્રકાશ-પ્રસરણમાં ગુમાવે છે! આવી રીતે દર મિનિટે સૂર્ય પચીસ કરોડ ટન લેખે પોતાનું વજન ગુમાવતો રહે છે. આ વ્યય કેટલો ભયંકર કહેવાય? પણ સૂર્યની પ્રકાશ-શક્તિ હજી એટલી અખૂટ છે કે આ ગંજાવર હિસાબે તે હોલવાતો જતો હોવા છતાં તેને સંપૂર્ણ હોલવાઇ જતાં હજી બીજાં ૧૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦ વરસ લાગશે! આ ઉપરથી તેના પ્રકાશની અણખૂટ અનંતતાનો કંઇક ખ્યાલ આવશે.



COURTESY : ILLUSTRATED LONDON NEWS

સૂર્યમાં કાળાં બાંકોરાં પડ્યાં હોય એવા જણાતા આ 'સૂર્યના ડાઘ' કદમાં જુદીજુદી જાતના છે અને સૂર્ય ઉપર જુદેજુદે નિયમિત સમયે દેખાયા કરે છે, જે ઉપરથી અનુમાન થાય છે કે સૂર્ય પોતાની ધરી ઉપર પચીસ દિવસે એક આંટો ફરતો હશે કદમાં તે એવડા મોટા હોય છે કે જેમાં આપણી ડઝન-બાર પૃથ્વીઓ ગરક થઈ જાય. એ ડાઘા શું છે અને શા કારણે છે તેનો પાર હજી કોઇ પામી શક્યું નથી; પણ અમેરિકાના ચાર્લ્સ જી. ઍબટ નામના ખગોળશાસ્ત્રી જણાવે છે કે પૃથ્વીના હવામાન ઉપર તેની ચોક્કસ અસર થયા કરે છે.

જેનાં પર સૌર જગતની વર્તમાન અને ભાવિ સજીવ સૃષ્ટિનો મદાર છે એ ખુદ સૂર્ય જ આમ ઓગળતો-ઠરતો જતો હોવાથી એક દિવસ એવો આવશે કે જ્યારે તેના પરિવારમાં ક્યાં યે સજીવ તત્ત્વ શોધ્યું નહિ જડે. અમુક પ્રમાણમાં તેની ઉષ્મા કમ થતાં જ એ સજીવ તત્ત્વોનું સમૂળગું નિકંદન નીકળી જશે, અને તે યે બહુ કરુણ પ્રકારે. પણ તેને તો હજી કરોડો વરસની વાર છે. આ બધા આગળ વિચાર કરતાં માનવીનું મૂલ્ય શું?


અશોક હર્ષ

સૂર્યનો વ્યાસ ૮૬૫,૦૦૦ માઇલ છે. પૃથ્વીના ૧૦૯૦ ગોળા જોડાજોડ મૂકીએ ત્યારે એ વ્યાસ પૂરો થાય!

વનવગડાનાં વાસી

જળજંગલની જીવસૃષ્ટિનો પરિચય આપતી લેખમાળા

ફ્લૅમિંગો



તમે કદિ આકાશમાંથી ખરતાં ગુલાબ જોયાં છે? પાંચદસ હજાર શ્વેતઃ એનાથી બમણાં બીજાં ઘેરાં લાલઃ થોડાં આછાં ગુલાબી—આ બધાં ગુલાબની પાંખડીઓ ભેગી કરો. આકાશમાં ઊંચે ચડી વાદળાનાં પડમાંથી પૃથ્વી ઉપર વેરો. આથમતા સૂરજનાં આરક્ત કિરણોમાં ગળાઈને પડતી એ પાંદડીઓ કેવી અનુપમ શોભા ધારણ કરે છે! આવી શોભા મેં હમણાં જ નીરખી. બેએક દિવસ પર હું ચંડોળા તળાવ તરફ ફરવા ગયો હતો. સાંજનો સમય હતો. તળાવના પાણી પર અદ્ધર ૩૫–૪૦ 'ફ્લૅમિંગો' નામનાં અદ્‌ભુત સુંદર પંખીઓ ઊડયા કરતાં હતાં. ક્વચિત આઘે, વળી પાસે, કોઈ વખત ઊંચે, વચ્ચે-વચ્ચે પાણી પર ઘસડાતાં એ ઊડતાં હતાં અને એમના પરિભ્રમણ કરતા દેહની લાલ-ગુલાબી-શ્વેત આભા સૂર્યનાં આછાં પીત કિરણોમાં ચમકતી હતી. આટલાં વરસોમાં મેં એમને અહીં પહેલી વખત જ જોયાં.

એમનું અંગ્રેજી નામ Flamingo; પક્ષિતત્ત્વવિદો એમને Phaenicopterus Roseus કહે છે. ઉત્તર ભારતમાં એને राजहंस નામે બોલાવે છે; પણ સંસ્કૃત સાહિત્યકારોનો 'राजहंस' આ નહિ. ગૂજરાતમાં નળકંઠા તરફ 'ગુલાબી ડોકના સમુદ્રતીરે વસતા બગલા' તરીકે એની ઓળખાણ અપાય છે.

સ્વભાવે એ જળચારી (प्लव) પંખી ખરૂં, પણ એના દેહની વિચિત્ર ઘટનાને લીધે એનાં સગાંવહાલાં કોણ એનો નિર્ણય કરી શકાતો નથી. એનો દેહ બતક (આડચો)ના જેવો, પણ ગરદન અને પગ સારસના જેવાં ખૂબ લાંબાં. આડચની પેઠે એ તરી પણ જાણે અને સારસ વગેરે બગલાંની પેઠે પાણી ખૂંદતું ચાલે પણ ખરૂં. એટલે એને 'આડચ જેવું બગલું' કહેવું કે 'બગલા જેવી આડચ' કહેવી એ વિવાદગ્રસ્ત પ્રશ્ન છે.

જમીન પર ઉભું હોય ત્યારે માણસપૂર ઊંચું દેખાય. ચાંચની અણીથી પૂંછડીના છેડા સુધી ખાસું ચાર સાડા ચાર ફૂટ લાંબું. માદા સહેજ નાના કદની. દેહ નાનો—હંસની બાંધણીનો. એના પ્રમાણમાં પગ અને ગરદન અસાધારણ લાંબાં. પગનાં આંગળાં નાનાં. વચ્ચેથી આડચોની પેઠે સંધાએલાં—जालपाद.

એની ખાસ વિશિષ્ટતા તો ચાંચની છે. માથાના પ્રમાણમાં ભારે, ખૂબ જાડી અને બરોબર વચ્ચેથી, ભાગેલા દાતણ પ્રમાણે વળેલી હોય છે. (નાનાં બચ્ચાંની ચાંચ સીધી સપાટ, પણ પાછળથી વળે છે.) ચાંચનું ઉપરનું પડ નીચેના પડને ઢાંકી દે એટલું પહોળું. નીચેનું પડ માથા સાથે દૃઢ જડાએલું: ઊંચુંનીચું ન થઈ શકે. જ્યારે ઉપરનું, મિજાગરાવાળું હોય તેમ, ઉપરનીચે હલાવી શકાય. ચાંચને બંને પડખે, આડચની પેઠે, કરવતી જેવા દાંતા. એટલે જેવાં બે જડબાં બંધ કરે કે બંને બાજુ ચાળણી બની જાય. એના આહારોપાર્જનમાં આ ચાળણીઓ ખૂબ ઉપયોગમાં આવે છે.

પણ સૌથી અદ્‌ભુત ને આશ્ચર્ય પમાડનાર વસ્તુ તો એની દેહપ્રભા છે. આખું શરીર સામાન્યરીતે સુંદર ગુલાબી—આછો શ્વેત ગુલાબી. પૂંછડી ઉપરનો રંગ ઘેરો ગુલાબી. એનાથી યે વધારે ઘેરાં માથું અને ગરદન. પાંખો, ઉપરના ભાગે અરધી સફેદ અને અરધી ઘેરી લાલ; વચ્ચે શ્યામ વર્ણની ભોંય; નીચેના ભાગમાં અરધી કાળી અને અરધી ખીલતા ઘેરા લાલ રંગની. પગ લાલ. નખ કાળા રંગના. આંખો પીળાશપડતી કે સોનેરી રંગે. ચાંચ ચળકતી ગુલાબી—ઘેરા લાલ રંગની. એને છેડે હંસની પેઠે, કાળો નખાગ્ર.


ભાગ્યે જ બોલે. ઉડતી વખતે ક્વચિત્ અવાજ કરે. સાંભળવામાં હંસના જેવો, પણ એટલો ઘેરો નહિ.

સરસ તરી જાણે, પણ સ્વભાવે તરનારૂં નહિ. એને તો આખો દિવસ પાણીમાં ફરવામાં કે ઊભા રહેવામાં મજા પડે. તરે ત્યારે હંસની પેઠે. ગરદન ખભા વચ્ચે દબાવીને વાંકી વાળેલી; પૂંછડી પાછળ ટટ્ટાર ઊભી.

ઊડે ત્યારે આડચો પેઠે. પાંખો અવિરતપણે ઝપા-

ટાથી હલાવ્યે જ જાય. વચ્ચે ક્ષણનો પણ વિસામો નહિ. છેટેથી જોતાં તરત ઓળખાય કે આ તો 'ફ્લૅમિંગો.' ઊડવાનું હમેશાં જ આવા ઊંધા શંકુ V આકારે નહિ. ક્વચિત્ ટોળે મળી ઊડે; વળી કોઇ વેળા એક હારમાં–એક પાછળ બીજું એમ લાંબી લંગર લાગીને. ઊડતાં હોય કે કિનારે પાણી ખૂંદતાં હોય, પણ એમનો દેખાવ અકથ્ય અને અવર્ણનીય શોભાવાળો હોય છે. એમની સુંદરતાની, શરીરના રંગોની વિવિધ જમાવટની, હલનચલનથી ઉપજતી અદ્દભુત શોભાની તો કલ્પના જ થઇ શકે: શબ્દોથી તે વર્ણવી શકાતી નથી.

એ શું ખાય છે એ કોઇ જાણતું નથી. વનસ્પતિ તો ખાય, પણ જીવજંતુ યે ખાતું હશે. પણ કયી વનસ્પતિ, કયાં પ્રાણી–એનું નામ કોઇ પાડી નથી શકયું. ચોક્કસ એટલું જ કે એ પાણીમાંથી જ બધો આહાર મેળવે છે.



જેવી એની ચાંચ અદ્વિતીય, તેવી જ એની ભોજનપદ્ધતિ પણ અજોડ. કિનારે પાણીમાં ટટ્ટાર ઊભું રહે. ગરદન વાંકી વાળીને માથું પગ વચ્ચોવચ્ચ પાણીમાં મૂકે—જેમ નાનાં છોકરાં કે નવાસવા શિખાઉ યોગીઓ શીર્ષાસન કરતી વખતે બે હાથ વચ્ચે જમીન પર માથું ટેકવે, તે રીતે. આમ કરવાથી એની ચાંચ તદ્દન ઊલટી જ બની જાય—નીચેનું સ્થિર પડ ઉપર અને ઉપરનું હાલતું પડ નીચે, અંજળી પેઠે. પછી આખું માથું આમ તેમ, આગળપાછળ, આજુબાજુ હલાવતું જાય, કાદવ ડહોળતું જાય અને નીચેના ખોબા જેવા પડમાં જળજ વનસ્પતિ અને જીવાતવાળું પાણી ભરતું જાય. પછી ચાંચ બંધ કરે એટલે બે બાજુની ચાળણીમાંથી પાણી નીકળી જાય અને માત્ર ખાદ્ય પદાર્થ જ અંદર રહે.

એનાં બચ્ચાં જન્મે તેવાં જ એકાદ કલાકમાં દોડવા માંડે ને તરી શકે! આમાં પ્રકૃતિનો ખાસ સંકેત છે. જે પંખીઓ ઝાડ પર બેસી શકે તેમને પગે આગળપાછળ આંગળાં હોય છે. તેમના માળા પણ જમીનથી અદ્ધર ઊંચે; એટલે એમને ભય ઓછો. જેથી એમનાં બચ્ચાં જન્મે ત્યારે નિરાધાર—આંધળાં, અપંગ, ઊડતાં પણ ન આવડે, પણ 'ફ્લૅમિંગો' અને એના જેવાં બીજાં પંખીઓના પગે માત્ર આગળ જ આંગળાં હોય છે. પાછળ હોય તો તે નકામાં, દેખાવનાં. એટલે આ પંખીઓથી કંઇ પણ ચીજ પકડી શકાતી નથી. એથી એમનાથી ઝાડ ઉપર કે બીજે ઊંચે શી રીતે બેસાય? બેસવા જાય તો બરોબર પકડ ન હોવાથી સમતોલપણું ગુમાવી બેસે. એથી એમના નસીબે જમીન પર જ માળા બાંધવાનું રહ્યું. જમીન પર તો ભારે ભય. એટલે એમનાં બચ્ચાંને ઇંડાંમાંથી નીકળે કે તરત થોડી જ વારમાં દોડતાં કે તરતાં આવડે; જેથી આત્મરક્ષણ કરી શકે.

'ફ્લૅમિંગો'નું સ્થાયી નિવાસસ્થાન દક્ષિણ યુરોપ, એશિયાનો પૂર્વ અને દક્ષિણ પ્રદેશ, તથા આખો આફ્રિકા. સવિશેષ દરિયાકાંઠે રહેનારાં. ભારતવર્ષમાં સ્થળેસ્થળે એ નજરે પડે છે. પશ્ચિમ કિનારે તો ખૂબ જ. ગૂજરાતમાં નળકાંઠામાં અને કચ્છના રણમાં નજરે પડે છે. આટલે છેટે, અમદાવાદની સીમમાં તો મારા જોવામાં આ જ વખત આવ્યાં. જો કે પંદરવીસ વરસ પર અવારનવાર જોવામાં આવતાં, એમ કહેવાય છે. આખો દિવસ મોટા તળાવ, સરોવર અને સાગરતટે ઊભેલાં નજરે પડે છે.

એ 'યાયાવર' (Migratory) પંખી. ચોમાસાના અંતે આવવા માંડે. આખો શિયાળો રહે અને ઊનાળો આવતાં વૈશાખ–જેઠમાં પાછાં ફરે.

સ્પેન, આફ્રિકા, અરબસ્તાન, ઇરાન વગેરે સ્થળો એમની પ્રજનન ભૂમિ. આપણા દેશમાં માત્ર કચ્છના રણમાં પચ્છમમાં એમના 'માળા' જોવામાં આવ્યા છે. આછાં પાણીના વિશાળ પટમાં, એકાદ ફૂટ ઊંચા નાનાનાના ટેકરાઓ ઉપર, વચ્ચે ખાડો કરી એમાં બે ઇંડાં મૂકે. માત્ર બે જ ઇંડાં. આવા હજારો માળા ભેગા એક જ સ્થળે હોય છે. એમને એક ખરાબ આદત—ફૂવડપણાની નિશાની જેવી—હોય છે, અને તે, ગમે ત્યાં ઇંડાં ફગાવવાની. આને લીધે આ દેશમાં ઘણે સ્થળે એમનાં ઇંડાં મળી આવે છે.

હિંદુસ્તાનમાં એ સામાન્ય પક્ષી જેવાં હોવા છતાં એનો શિકાર નથી કરી શકાતો. એટલાં તો ચપળ અને જાગ્રત હોય છે કે એમની પાછળ પડવું એ ચકોર અને સાવધાન વન્ય મૃગ કે છીંકારા કે કાળિયાર પાછળ જવા બરોબર છે. ઘણાં જ બીકણ, એટલે માણસનો અણસારો થતાં જ નાસી જાય. **'વનેચર'**

૬ કપુરથલા

અમૃતસરથી અમે કપુરથલા ગયા. ગોરસલીનું ફૂલ કદમાં નાનું છે, રૂપેરંગે આકર્ષક નથી, તોપણ તેની સુગંધ મધુર છે, વળી ચિરસ્થાયી છે. કપુરથલાનું રાજ્ય ગોરસલીના ફૂલ જેવું છે. કપુરથલાના મહારાજા સાહેબ તો અમે ત્યાં ગયા ત્યારે વિદેશમાં હતા. અને તેમનાં દર્શન માત્ર ફોટોગ્રાફમાં કર્યાં હતાં. એક સામુદ્રિક શાસ્ત્રીએ મને કહ્યું હતું કે જે માણસના મોઢા ઉપર બે રેખા ઊભી હોય તે માણસ ઘણો સ્વાગતપરાયણ હોય છે. કપુરથલાના રાજાના મુખ ઉપર તેવી રેખા હતી. એ સામુદ્રિક શાસ્ત્રીની પરીક્ષા કરવાનો વખત આવી લાગ્યો એમ લાગતું હતું. અને ખરેખર કપુરથલાનું સ્વાગત ધ્યાન ખેંચે તેવું હતું. મહેમાનના પ્રત્યેક વર્ગ દીઠ તેમને માટે દેખરેખ રાખનાર એક અમલદાર હતો. પરદેશી લોક મહેમાન હોય ત્યારે આ પદ્ધતિ ઘણી ઉપયોગી છે તેમજ ઉપકારક પણ છે.

કપુરથલાના તોષાખાનામાં ઘણી બાબતો જાણવા જેવી હતી. અમે જોધપુરનું તોષાખાનું જોઇ આવ્યા તે પછી આ બીજું જોવાનું હતું. કાઠિયાવાડ તરફ કીમતી અને મૂલ્યવાન વસ્તુઓનો એ પ્રકારે સંગ્રહ કરવાનો રિવાજ નથી એ ખેદકારક છે; નહિતો શીહોરના જૂના મહેલના ભંડકમાં આજે જે વસ્તુઓ પડી રહી છે ને ધૂળ ખાય છે તે રીતે તે ખાત નહિ. એકંદરે જોતાં પ્રાચીન વસ્તુઓ અને અવશેષો સંગ્રહી અને બતાવવાનું આ તરફ જેટલું છે તેના પ્રમાણમાં કાઠિયાવાડ–ગુજરાતમાં કાંઇ જ નથી. નાદીરશાહના ઘોડાનો સામાન અને તેના કમરબંદ ઉપરનો ટોપાઝ હીરો અહીં જોયો. તે ઉપરાંત કેટલીક જૂની તલવારો અને બંદુકોનો સારો સંગ્રહ અહીં છે. જે તલવારથી કપુરથલા જીતાયું તે તથા શીખોના ગુરુઓની તલવારો ઉપરાંત મુગલો પાસેથી રણજિતસિંહજીએ ખૂંચવી લીધેલાં હથિયારોમાંથી કેટલાંક પણ અહીં છે. કેટલાક પ્રાચીન સિક્કાઓનો સંગ્રહ પણ ઠીક છે. મહારાજાઓનાં ભોજનનાં જૂનાં નવાં વાસણો જોકે ઘણાં જૂનાં નથી તોપણ તેના સંગ્રહની પ્રણાલિકા પાડવા જેવી છે. વળી એ વાસણો વિષે જાણવા જેવું એ હતું કે તે કપુરથલાના કારીગરોએ જ બનાવેલાં હતાં. એ ઉપરથી મેં અગાઉ એક વાત વાંચી હતી તે યાદ આવી. એક ગામ શાલો માટે પ્રખ્યાત. તેમાં યે અમુક વેપારીનું નામ તેમાં મોખરે. પણ એ દેશી હુન્નર ધીમેધીમે પડી ભાંગવા માંડ્યો અને આ વેપારી નબળો પડવા માંડ્યો. એ વાતની ગામના નગરશેઠને ખબર પડી એટલે તેમણે નાત બોલાવીને એ જાતની શાલો લગ્ન પ્રસંગે વાપરવાનું ફરજિયાત ઠરાવ્યું અને એ જૂના હુન્નરને સજીવન રાખ્યો. કપુરથલામાં અંગ્રેજીશાહી ભળી ગયું છે, તોપણ એ સર્વ અંગ્રેજીશાહી વચ્ચે દેશીયતા ભૂલાઇ નથી. શીહોરનાં દામ વાસણ, મહુવાનાં લાકડાં તથા હાથીદાંતનાં રમકડાં, ગઢડાની પછેડીઓ એ સર્વનો ઉપયોગ ફરી શરૂ કાં ન થાય. ધનવાનોનાં ઘરની અભરાઇઓ પહેલાં નાશક ત્રંબક કે શીહોરનાં વાસણથી અલંકૃત હતી તેની જગ્યા આજે ખોટાં ચાઇના વાસણોએ લીધી છે. રાજાઓ ને અધિકારીઓની ભેટે પહેલાં સોનેરી કિનારની પછેડીઓ હતી તેનું સ્થાન તો આજે ક્યાંય છે જ નહિ.

કપુરથલામાં યુનિફૉર્મનું કામ બહુ કાંટે. ગાર્ડન પાર્ટી હોય તો બધા અમુક જ જાતનાં કોટ પાટલૂન પહેરે. દરબાર હોય ત્યારે બધા જ સરદારો અને અમલદારો ભરેલાં અચકન જ પેહેરે. બૅન્કવેટ હોય ત્યાં પણ ભરેલું અચકન જ પહેરાય. આ સર્વ દબદબામાં વધારો કરે છે. યુનિફૉર્મ પહેરવા પાછળ એકત્વની ભાવનાને પુષ્ટ કરવાનું તત્ત્વ રહ્યું છે તેટલી તે ભાવના પોષાય પણ છે. તેમાં અમુક દેશી કારીગરીની વસ્તુ ફરજિયાત કરવામાં આવે તો તેટલું એ કારીગરીને ઉત્તેજન મળે એ આડકતરો લાભ પણ તેમાં છે. પણ તેના લાભ આટલેથી જ અટકી જાય છે. લગ્નની અંદરના જુદાજુદા પ્રસંગો ઉપર સ્ત્રીઓ જુદીજુદી જાતનાં કપડાં પેહેરે અને તે પહેરવામાં આનંદ માને એ તેમને જ શોભે. બહારના અલંકારો અને ભભકા બહુ મોટા પ્રમાણમાં સારા લાગતા જ નથી અને લાગે નહિ. રાજાઓની છબીઓ જોતાં જાણે કોઇ ઝવેરીની દુકાનમાં લીલામ થતું હોય તે માટે પૂતળું શણગાર્યું







(૧) ઇટાલિયન સ્થાપત્યવાળી કપુરથલાની મસ્જિદ—જે કપુરથલાના હિંદુ મહારાજાએ બંધાવેલી હોઈ હિંદુ મુસલમાન ઐક્યની સૂચક છે. (૨) જૂની તલ્વારો અને બંદુકોનો સંગ્રહ અહીં સારો છે. (૩) સ્ત્રીવર્ગ તો ખાસ કરીને જેલમાં જ જોવા મળ્યો; કેમકે સ્ત્રી કેદીઓ અહીં ઘણા મોટા પ્રમાણમાં છે.

હોય તેવો કેટલાકનો દેખાવ લાગે છે. એ રાજાઓને જોતાં ભાવનગરના સ્વર્ગસ્થ મહારાજા ભાવસિંહજીનું સ્મરણ એટલા માટે વિશેષ થાય છે કે તેમની ભવ્યતા તેમની સાદાઇમાં હતી. કેવળ અલંકારનો દમામ વધારે મોટા અલંકારના દમામથી ઢાંકી દઇ શકાય છે, પણ સાદાઇની ભવ્યતા એક બીજા ઓથી વધારે દીપે છે. રાજાઓને આજે જે સ્થાન પ્રાપ્ત કરવા માટે હરીફાઇ કરવાની છે, એ સ્થાન તોપોની સંખ્યા કે ઇલકાબોના અક્ષરથી નહિ મળે કે નહિ ટકે. પાશ્ચાત્ય રીતના આ યુનિફૉર્મ જેવાં અનુકરણોમાંથી નહિ મળે, તે સ્થાન પ્રજાહૃદય દ્વારા મળશે, અથવા સમગ્ર પ્રશ્નોની સંપૂર્ણ માહિતી એટલે કે રાજનીતિમાં વસ્તુસ્થિતિનું સંગીન જ્ઞાન હશે તો મળશે.

કપુરથલાનો પ્રાચીન ગ્રંથસંગ્રહ એ ત્યાંની બીજી ખાસ જોવાયોગ્ય બાબત છે. અબુલફઝલનું ફારસીમાં લખેલું મહાભારત ત્યાં છે. એ સિવાય બીજી પણ ઘણી પ્રાચીન ચોપડીઓ છે. તેમાં ચઘટાઇનાના કાશ્મીરનો વિરલ ઇતિહાસ, અલેફ લૈલા વલૈલ તેમજ ગણિત, મંત્રશાસ્ત્ર વગેરે ઉપરનાં પુસ્તકો છે. બધાં પુસ્તકો પ્રાચીન એટલે કે બસોત્રણસો વરસ પરનાં જૂનાં છે અને તે વખતે થતાં ચિત્રો પણ તે ઉપર ચીતરેલાં છે. ખરૂં જોતાં એ ચિત્રોનો અભ્યાસ કરવા માટે કુશલ ચિત્રકારોએ આ સ્થળે થોડાક માસ ગાળવા જોઇએ, અથવા એ સર્વ ચિત્રોની નકલો છપાવી વેચવી જોઇએ. કપુરથલામાં એ બધું સાચવનાર માણસ ફક્ત પુસ્તકો જાણતો હતો તેને બદલે ત્યાં પ્રાચીન શોધવિદ્યાના શોખીનને મૂકવો જોઇએ. તેવાની ગેરહાજરીને લીધે અત્યારે તો પ્રાચીન સાથે નવીન ગ્રંથો પણ તેમાં ભળી ગયા છે.

કપુરથલા પાસે એક નાની ઊંડી નદી વહી જાય છે. તે નદીની બન્ને બાજુ ઊંચા યુકૅલિપ્ટસનાં અને બીજાં ઝાડોની હાર લાગી રહી છે અને એ દેખાવ અત્યંત રમણીય લાગેછે. કપુરથલામાં યુકૅલિપ્ટસનાં ઝાડ ઘણાં છે તેથી તેનું નામ કર્પૂરસ્થલા કે કપુરથલા પડ્યું હશે એમ મેં નક્કી કર્યું ! એ નદીના બીજા આરા ઉપર મહારાજકુમારનો મહેલ છે, અને એક બાજુના ઉતરાણથી બેસી બીજી બાજુ મહેલ• સુધી જવાની સહેલગાહ ઘણી આનંદદાયક છે.

કપુરથલાની કલબમાં સીનેમા બતાવવામાં આવ્યું હતું, તેમાં કપુરથલામાં રાજા મહારાજાઓની મુલાકાત વખતે થએલાં દશ્યો દેખાડવામાં આવ્યાં હતાં. તે ઉપરાંત રામપુર, પતિયાલા, ઉદયપુર વગેરે સ્થળોના

જૂના નવા રાજમહેલો પણ દેખાડ્યા હતા. કપુરથલામાં મને જો કાંઇ ન ગમ્યું હોય તો તે ત્યાંનો મહેલ હતો, કેમકે એ ઘણો જ મોટો હતો; પણ રામપુરનો મહેલ તો એથી યે મોટો નીકળ્યો! બર્ટ્રાંડ રસેલનું એક વાક્ય મને તે વખતે યાદ આવ્યું કે જે દેશમાં એક તવંગર સ્ત્રી પોતાના માનીતા કૂતરા ઉપર મોંઘું અને કલામય નકશીકામ કરાવે તે દેશમાં જ જો એક માણસ ભૂખે મરતો હોય તો તે દેશ આબાદ કહેવાય જ નહિ. રામપુર કેવડું રાજ્ય હશે અને ત્યાંની વસતી ગરીબ હશે કે તવંગર તે તો ત્યાં જઇ આવેલા જાણે. ગમે તેમ પણ ખાનગી ગૃહસ્થોની મોટીમોટી હવેલીઓથી વિભૂષિત શહેર જે ગૌરવ ધારી શકે છે તે આ મોટા રાજમહેલો કદાપિ ધારી શકશે ખરા?

આ પ્રશ્નની સાથે બીજી એક વાત યાદ આવે છે. ઘણાંખરાં દેશી રાજ્યોમાં પ્રજા કે મહાજનનું સ્થાન નથી. ગાર્ડનપાર્ટી, બૅન્કવેટ કે બીજા નિયોગો, બધું જ રાજા અને તેના અધિકારીઓને માટે છે. પ્રજા ત્યાં નથી. પ્રજા ક્યાં છે અને શું કરે છે તે કોઇ જાણતું નથી. સીનેમાની અંદર કપુરથલાની પ્રજાનું આછું ઝાંખું દર્શન થયું હતું ખરૂં પણ તે વજૂદવાળું ગણાય નહિ. સ્ત્રીવર્ગ તો ખાસ કરીને જેલમાં જ જોવા મળ્યો; કેમકે ત્યાં સ્ત્રી કેદીઓ ઘણા મોટા પ્રમાણમાં હતી! કપુરથલામાં દેહાંતદંડની સજા છે જ નહિ, એટલે સામાન્ય કાયદો જેને દેહાન્તદંડને યોગ્ય ગણે તેવા ગુના કરનારા પણ અહીં જેલમાં હતા. તે બધું છતાં સ્ત્રી વર્ગની આટલી બધી સંખ્યા આશ્ચર્ય પમાડે એવી લાગી. તેમનો ગુનો ખૂન અથવા તેમાં શામિલગીરી કરવાનો હતો; અને ખૂનો પણ ધણી અથવા સાસુનાં જ કરેલાં હતાં! અમે કોર્ટ જોવા ગયા હતા ત્યાં કેસ પણ એવા જ પ્રકારનો હતો. કોઈક અંગ્રેજ નાટ્યકાર એક જગ્યાએ કહે છે કે જેટલી જેલો છે તે બધી ઇસ્પિતાલો થવી જોઇએ અને ઇસ્પિતાલો છે તે બધી જેલ થવી જોઇએ. ક્વૉરન્ટાઇનની પ્રથા દાખલ કરીને રોગીને માટે જેલની પ્રથા તો દાખલ થઇ ચૂકી છે; પણ હજુ જેલો ઇસ્પિતાલો થવાની બાકી રહી છે. એ રીતે જો જેલ ઇસ્પિતાલ બની હોત તો એ ઇસ્પિતાલનો વડો સૌથી પહેલાં એ સર્વ સ્ત્રીઓના માનસિક રોગની ચિકિત્સા કરત, ક્યાં સામાજિક બંધનો અસહ્ય લાગવાથી સ્ત્રી જેવી મૃદુ હૃદયની વ્યક્તિઓ આટલી હિંસ્ર બની તેનો અભ્યાસ કરત, અને પછી તેને દૂર કરત. જ્યારે એક જ પ્રકારના ગુનાઓનું પ્રમાણ કોઇ પણ સ્થળે બહુ વધી જાય ત્યારે ભવિષ્યના સુરાજ્યની એ ફરજ બની જોઇએ કે તેને મૂળમાંથી નાબૂદ કરવાના ઉપાયો શોધવા. કેમકે ગુના વધે છે તે જ બતાવી આપે છે કે સજા તેનો પૂરતો પ્રતિકાર કરી શકી નથી.

આ બધા તો માત્ર વિચારો છે. પણ કુતૂહલપ્રિય લોકો મને જરૂર પૂછી શકે કે કપુરથલામાં જોવા જેવી જગ્યાઓ કઈ તેનું તો કાંઇ લખ્યું નહિ. અને મારે તે આરોપ કબૂલ કરી લેવો જ પડે. 'ત્યાં જોવા જેવું શું' એવો પ્રશ્ન પૂછવાની ઘણાને ટેવ જ હોય છે.

એકવાર અમદાવાદથી આવ્યા બાદ મારા એક સ્નેહીએ પૂછ્યું કે અમદાવાદમાં જોવા જેવું શું એટલે મેં તેમને દલપતરામની કવિતા બતાવી દીધી. પણ જાફરાબાદ અને જંબુસર માટે એવો વિધિ થઈ શક્યો નહિ.

કપુરથલાની જોવાલાયક જગ્યાઓમાં ત્યાંનો રાજમહેલ, ત્યાંની હાઇકોર્ટ, ઇટાલિયન સ્થાપત્યની મસ્જિદ અને ડેરી ફાર્મ ગણી શકાય. તેમાંથી પહેલાં ત્રણ તો દૃષ્ય છે. અને તે કેવાં છે તેનો ખ્યાલ તો ફોટોગ્રાફ ઉપરથી પણ આવી શકે

માત્ર મસ્જિદ માટે એટલું કહી શકાય કે તે કપુરથલાના હિંદુ મહારાજા સાહેબે બંધાવેલી હોવાથી હિન્દુ મુસલમાન ઐકયની સૂચક છે.

કપુરથલામાં અમે ખેતીવાડીનું એક ફાર્મ જોવા ગયા હતા. તેની ખૂબી મને પછીથી સમજાઇ. પહેલી નજરે મને કપુરથલાના ફાર્મમાં મેં જેનો ફોટોગ્રાફ પાડ્યો તે બળદ સિવાય બીજું કશું આકર્ષક લાગ્યું નહોતું. ત્યાં ડેરી છે, પણ મારૂં ધ્યાન તે ખેંચી શકી નહોતી. એક આર્ટીઝિયન કૂવો છે તેમાં પણ નવું ના લાગ્યું. પણ વરંડાની અંદર એ આખું ફાર્મ નાના મૉડેલમાં સમાવ્યું છે તે મને ગમી ગયું, એ મૉડેલમાં ફાર્મનો આર્ટીઝિયન કૂવો ગાળતાં વચ્ચે પથ્થરોનાં કેવાં પડો આવ્યાં હતાં તે બતાવ્યું હતું તેમજ પાણી કેમ ખેંચાય છે અને તે કેમ તથા ક્યાં જાય છે તે પણ બતાવ્યું હતું. જે માણસ અમને એ સર્વ બતાવતા હતા તે એમાં નિષ્ણાત હતા. જો પ્રત્યેક શહેરનાં એવાં સ્થાનો —પમ્પિંગ સ્ટેશનો પાવર હાઉસો વગેરેનાં મૉડેલો બનાવીને લાયબ્રેરીમાં કે એવે કોઇ જાહેર સ્થળે ગોઠવવામાં આવે તો તેની વધારે કદર થાય. 'સ્વ'



અખાડો

જેમાં સુસંહત શરીરની ઝંખનાથી વ્યાયામની ઉપાસના કરનારા યુવાનો પરસ્પર અનુભવની આપ-લે કરે છે.

નિરીક્ષક • શ્રી હરિનારાયણ આચાર્ય

દોડવું—પૂર્ણસ્વાસ્થ્ય માટે એક સરળ ને સબળ વ્યાયામ

જેમ દીર્ઘ આયુષ્ય માટે 'ચાલવા' જેવો અમોઘ ઉપાય બીજો નથી તેવી જ રીતે, હું જાતઅનુભવથી કહી શકું કે, કેવળ સ્વાસ્થ્યસંરક્ષણ અર્થે 'દોડવા' જેવી સરળ અન્ય ઉત્કૃષ્ટ વ્યાયામપદ્ધતિ નથી. કુસ્તી, વેઇટ લિફ્ટિંગ, જિમ્નાસ્ટિક્સ, વગેરે અનેક પ્રકારના વ્યાયામથી અદ્ભુત બળ, ચપળતા અને એને અંગે ઉચ્ચ પ્રતિનું આરોગ્ય કેળવાય છે; પરંતુ એ બધાંમાં સમય અને શક્તિનો જે વ્યય કરવો પડે છે તથા પૂર્ણસફલતા અર્થે જે દૃઢ મનોનિગ્રહ કેળવવો પડે છે તેની સાથે સરખાવતાં કેવળ દોડવાનો—જેમાં દોડવાનું તત્ત્વ પ્રધાન હોય તેવો કોઈપણ—વ્યાયામ અત્યંત સરળ, અલ્પ સમયમાં થઇ શકે તેવો અને મનને તાવી ન નાખે એવી જાતનો છે. આજે પ્રત્યેક વ્યક્તિનો જીવનવ્યવહાર અત્યંત ક્લિષ્ટ અને ઉદ્વેગજનક હોય છે, તેમજ મોટે ભાગે મનુષ્યની વૃત્તિ અત્યંત બલવાન કે શારિરિક દૃષ્ટિએ સુંદર થવાની નથી હોતી. એને મન તો ઉદરપોષણ અર્થે ઉદ્યોગ કરવા પૂરતું સ્વાસ્થ્ય સચવાય એટલે થયું. અર્થાત્ ગામડાના ઉદ્યોગી જીવનનો વિચાર ન કરીએ તો શહેરી જીવનમાં મનુષ્યની પ્રથમ જરૂરિયાત અને આકાંક્ષા કેવળ આરોગ્ય સાચવવા પૂરતી હોય છે અને આવું આરોગ્ય મેળવવા તરફડિયાં મારતા અનેક મનુષ્ય જીવો પેટંટ દવાઓ, તલેસમ, ધંતરમંતર જેવા અનેક નિષ્ફળ અને ક્વચિત્ હાનિકારક ઉપાયો પાછળ શક્તિ અને ધનનો અપવ્યય કરે છે. પરંતુ જો ખરેખર આરોગ્ય સાચવવાનો નિશ્ચય હોય તો એને માટે અત્યંત સરળ અને સફળ એવી વ્યાયામપદ્ધતિ 'દોડવું' એકલી જ છે.

'દોડવું' એટલે ધીરેધીરે સામાન્ય ગતિથી દોડવું. અત્યંત ઝડપથી, શરીરમાં જેટલું બળ હોય, જેટલી ચપળતા હોય, સ્નાયુઓ તથા મન પર જેટલો કાબુ હોય તે બધાનો એકી વખતે ઉપયોગ કરી અલ્પતમ કાળમાં ધારેલું અંતર કાપવા માટેની જે 'ઝડપી દોડ' તેની અહીં જરા યે વાત નથી. એવી દોડથી ભલે સ્વાસ્થ્ય કેળવાતું હોય, પણ સામાન્ય મનુષ્ય માટે તે દોડ નકામી અને હાનિકારક છે. સ્વાસ્થ્યની દૃષ્ટિએ જ કરવાના વ્યાયામ તરીકે—સ્વાસ્થ્ય સાચવવાના તદ્દન નિર્દોષ છતાં અજોડ સાધન તરીકે—એ જાતની 'ઝડપી દોડ'ને તો હું કદી ન સૂચવું. આજે 'દોડવા'નું નામ લેતાં જ આવી 'ઝડપી દોડ' માનવાનો રિવાજ થઇ પડ્યો છે. જેમ કોઇપણ માણસને 'ઝડપથી ચાલવા'નું કહેતાં જ મૂઠીઓ વાળી, દાંત પીસી, શરીરને મારીમચડી આમતેમ ડોલાવતાં ડોલાવતાં ઉષ્ટ્રગતિથી ચાલવા માંડે છે, તેવી જ રીતે માત્ર 'દોડવા'નું કહેતાં મોંમાંથી ફીણ નીકળે કે ફેફસાં ફાટી જાય તેવી રીતે ભયાનક ગતિથી દોડવું જોઇએ એવો અર્થ કરવામાં આવે છે. જેમને 'રેકોર્ડ' તોડવાં છે તેવા શોખીન કે ધંધાદારી વ્યાયામવીરો માટે આવી દોડ ભલે ઉપકારક હોય, પણ આરોગ્ય પૂરતો જ અર્થ જેનાથી સરે એવી આ દોડ નથી. જેનાથી અસહ્ય શ્રમ અને અપાર માનસિક કષ્ટ થાય તેવી ચાલ કે દોડ વ્યાયામ તરીકે ઇષ્ટ નથી. જેને હું દોડ કહું છું તે આ બંને કરતાં ભિન્ન પ્રકારની છે.

એક માણસ સાધારણ વેગથી, અર્થાત્ સ્નાયુઓ તથા હૃદય અને ફેફસાં તેમજ મગજને અયોગ્ય શ્રમ આપ્યા સિવાય ચાલે તો, વય અને શરીરની ઊંચાઇ તેમજ બાંધા તથા અભ્યાસના ભેદે તેની ગતિ સામાન્યરીતે ૩ થી ૪ માઇલની હોઇ શકે. હવે તે જ માણસને તમે ઝડપથી દોડવાનું કહો તો ૧૦-૧૨ માઇલના વેગે તે દસવીસ ડગલાં દોડી શકશે. પણ એ જ માણસ થોડા સરળ અભ્યાસથી જો ૪ અને ૧૨ માઇલ વચ્ચેના ગાળે,

પુરુષત્વના પૂજકો માટે અદ્ભુત ચપળતા અને સ્વાસ્થ્ય કેળવવાનો સહેલો નુસખો

એટલે ૫–૭ માઇલની ઝડપે નિયમિત દોડી શકે તો સ્વાભાવિક રીતે એના પગના, બરડાના અને પેટના, તેમજ કંઇક પ્રમાણમાં ખભાના સ્નાયુઓને તથા મુખ્યત્વે ફેફસાં અને હૃદયને કેળવણી મળવાથી એનું સ્વાસ્થ્ય સુંદર રહે. 'ચાલવું' એ માણસની સ્વાભાવિક ટેવ છે. અને એક જ પ્રકારની ટેવ પડવાથી અમુક સમય પછી એ પ્રકારના શ્રમથી વિશેષ ફાયદો થતો નથી. એટલેકે સાધારણ ચાલવાથી સ્વાસ્થ્યને ખાસ મદદ મળતી નથી. દસ વીસ માઇલ નિયમિત ચાલે તો જ યુવાન મનુષ્યનું સ્વાસ્થ્ય ઉત્તમપણે સચવાય. પણ આ રીતે લાંબું અંતર કાપવામાં સમય ને શક્તિ બરબાદ થાય છે. એટલેકે હાલ 'ચાલવા'ની અર્થાત્ 'ફરવા' જવાની જે ફૅશન પડી છે તેનાથી જો હિત થતું હોય તો તે રુગ્ણ કે નિર્બળ અને પક્વ વયના વૃદ્ધોનું જ. ઉત્તમ પ્રતિના સ્વાસ્થ્યને માટે તો 'દોડ' જ સર્વોત્કૃષ્ટ છતાં સરળ ઉપાય છે.

'દોડવા'ની ટેવ પાડવી રજ પણ અઘરી નથી. શરૂઆતમાં જેમ દરેક નવીન કાર્યમાં કરવું પડે છે તેમ જરા ધૈર્ય અને થોડા દૃઢ અભ્યાસની જરૂર છે. અહીં જે ઉપાય હું દર્શાવું છું તે પ્રત્યેક નીરોગ મનુષ્ય પોતાની શક્તિ, જીવનચર્યા અને સમયની અનુકૂળતા પ્રમાણે અજમાવી શકે તેવો સરળ છે. અનેકવાર મેં આ જ પ્રમાણે અભ્યાસથી રોજના નિયમિત કલાકના આઠદસ માઇલ દોડવાની શક્તિ કેળવી છે. તેમજ મારા જેવા બીજા ઘણા યુવાનોએ પણ એવી જ ટેવ પાડી છે એ હું જાણું છું. આ વ્યાયામથી ઉપર દર્શાવેલાં અંગો ઉપરાંત જઠર, પિત્તાશય, આંતરડાં વગેરે અત્યંત બળવાન તેમજ નીરોગી બને છે અને શરીરમાં અપૂર્વ ચેતન તથા ચપળતા અને અકલ્પ્ય શ્રમસહ્તા આવે છે. સળેખમ, શરદી, ઉધરસ, માથાનો દુખાવો વગેરે અનેક ઉપદ્રવોનો જડમૂળથી નાશ કરનાર સાધન તરીકે પણ આ વ્યાયામને ઉચ્ચ સ્થાને મૂકી શકાય. સાવધાનતા એટલી જ રાખવી કે આ વ્યાયામ છેઃ શરતમાં ઊતરવાનું નથી. એટલે ગજા ઉપરાંત શ્રમ કરવો નહિ તેમજ આહારવિહાર પણ વ્યાયામને અનુકૂળ જ રાખવાંઃ અનુકૂળ એટલે રુચિ પ્રમાણે ખાવું અને આહારનો અતિરેક કદી પણ ન કરવો.

આવો જ અભ્યાસ કરીને કુસ્તીબાજો, બૉક્સરો અને પુરુષત્વના અન્ય પૂજકો અદ્ભુત ચપળતા અને સ્વાસ્થ્ય કેળવે છે. આવા અભ્યાસથી જ રોજના ૨૦–૨૫ માઇલ દોડવું કે અખાડામાં ૨૦૦–૩૦૦ ચક્કર લેવાં એમને મન રમતવાત હોય છે. પ્રત્યેક વ્યક્તિ ભલે પછી પોતાને અનુકૂળ પડે તેટલી દોડ કરે; પણ એની ઉપયોગિતા માટે તો બે મત નથી જ.

હવે એને વિષે થોડી વ્યવહારૂ સૂચનાઓ.

૧ ધારો કે આવતી કાલથી તમે આ અભ્યાસક્રમ શરૂ કરવાના છો. બનતાં સુધી સવારે દોડવાની ટેવ રાખવીઃ એ ન જ બને તો સાંજનો વખત પણ ચાલશે. પણ સ્વાસ્થ્ય અર્થે દોડવા માટે તો સૂર્યોદય પૂર્વેનો અને રાત વીતી ગયા પછીનો બ્રાહ્મ મુહૂર્તનો સમય ઉત્તમ ગણાય. શૌચાદિથી પરવારીને દોડવાનું રાખવું હિતાવહ છે.

તમે જો નિયમિત ન ચાલતા હો અગર દરરોજ ચાલવાનો—ધંધા પૂરતું ચાલવાનો—પણ અભ્યાસ ન હોય તો આ 'દોડવા'નો વ્યાયામ શરૂઆતમાં અઘરો લાગશે. પણ જો તમે એકીવખતે સાધારણ વેગે ૬થી૮ માઇલ ચાલી શકતા હો તો આ તમને ખૂબ આનંદપ્રદ નીવડશે.

૨ સાધનઃ માત્ર નીરોગ શરીર. અંગ ઢાંકવાં હોય તો ભલે; પણ જો જોરથી પવન ન વાતો હોય કે વરસાદ ન પડતો હોય તો ખુલ્લું શરીર વધારે ઠીક પડશે. પગમાં નરમ જોડા કે નીકળી ન જાય એવાં (દા.ત. પહાણી) ચંપલ પણ ચાલશે. હું તો હમેશાં ઉઘાડા પગે જ દોડું છું. લંગોટ હોય તો ભલેઃ ખાસ આવશ્યકતા નથી. ધોતિયું કે ચડ્ડી અથવા પાટલૂન કે લેંઘો—ગમે તે ચાલેઃ માત્ર દોડતાં પગમાં અડફેટ આવે તેવો પોશાક ન જોઇએ. હાથમાં બૂચની કે લાકડા લોખંડની ડંડીઓ રાખવાની આવશ્યકતા નથી.

૩ પહેલે દિવસે, જ્યાં વ્યાયામ કરવાનો હોય તેવે સ્થળે (બને ત્યાં સુધી નિર્જન રસ્તો જ્યાં ધૂળ ને કાંકરા ઓછા હોય એવો પસંદ કરવો) જાઓ. જે સ્થળેથી દોડવાનો આરંભ કરવો હોય ત્યાંથી અમુક અંતર અગાઉથી નક્કી કરો. વચ્ચે માઇલના વિભાગ દેખાડનાર પથરા હોય તો ઘણું સારૂં. એવાં ચિહ્ન ન હોય તો ફિકર નહિ. અમુક અંતરે ખેતર, વાડ, ઝાડ, ઝાંખરાં કે ગમે તે જાતનાં અંતરસૂચક નિશાન નક્કી કરી શકાય છે; જેથી દરરોજના અભ્યાસમાં અનિયમિતતા ન આવે

અને શરીરનાં મર્મસ્થાનો પર અનિયમિત અભ્યાસથી ભારે બોજો ન પડે.

૪ ધારો કે તમે કદી ચાલ્યા જ નથી છતાં તમે માત્ર એક જ માઇલ નિયમિત દોડવા માગો છો, તો એને આપણો આદર્શ રાખી અભ્યાસનો ક્રમ ગોઠવવો જોઇએ; અને તે આ રીતેઃ

પહેલે દિવસે પ્રથમ તમે બે ફર્લાંગ ચાલોઃ અત્યંત ધીમે કે અત્યંત ઝડપથી નહિ, પણ તમારી નિયમિત

એવો કોઇ વ્યાયામ છે?

જે સહેલો ને સબળ હોય

જેમાં કોડીનું પણ ખર્ચ ન હોય

જે કોઇ પણ માણસ કરી શકે તેવો હોય

જેમાં લેશ પણ નુકસાનની ભીતિ ન હોય

જેનાથી કદિ કંટાળો ન આવે? . .

હા;—વાંચો આ લેખ

ગતિએ. ત્રીજા ફર્લાંગમાં પહેલાં પંદર ડગલાં—ગણતરીથી—અત્યંત ઝડપથી ચાલોઃ 'અત્યંત' એટલે કષ્ટ વિના અને ખૂબ ઝડપથી—બને તેટલી ઝડપથી ચાલો. પંદર ડગલાં પૂરાં થયાં કે તરત ધીમા પડો અને જે રીતે બે ફર્લાંગ શરૂઆતમાં ચાલ્યા તે જ ગતિએ બાકીનો ફર્લાંગ તથા ચોથો આખો ફર્લાંગ ચાલતાં પૂરો કરો. ત્યાંથી આગળ ન જતાં પાછા ફરો. પણ પાછા ફરતાં જ પહેલાં પંદર ડગલાં અગાઉની માફક ઝડપથી અને બાકીનો એ ફર્લાંગ તથા પછીનો આખો ફર્લાંગ સાદી રીતે ચાલો. ફરી પાછાં પંદર ડગલાં ઝડપથી અને બાકીના ફર્લાંગ ધીમી ચાલે. આમ પહેલા દિવસનો કાર્યક્રમ પૂરો થયો.

તમને કદાચ પરસેવો થયો હશે. શ્વાસ પણ જરા જોરથી ચાલશે. પણ તમે જો નીરોગ હશો તો આ નજીવી અડચણોથી ગભરાવાની જરૂર નથી.

૫ આ અભ્યાસમાં શ્વાસને કુદરતી રીતે વહેવા દો. ખૂબ દમ ભીડીને કે હાંફીને ફેફસાં થકવવાની જરૂર નથી.

૬ બીજે દિવસે પણ આ જ ક્રમ. છતાં પહેલે દિવસે તમને શ્રમ ન લાગ્યો હોય તો પંદરની જગ્યાએ વીસ કે ત્રીસ ડગલાં ઝડપથી ચાલવાનું રાખો. પણ ઉતાવળ કરશો નહિ. દર પળે યાદ રાખજો કે આ કંઇ આપણે શરતમાં ઊતરતા નથીઃ આ તો વ્યાયામ છે. એટલે મગજ પર ખૂબ કાબુ રાખીને ધીમેધીમે, ક્રમે-ક્રમે, અલ્પ આયાસે જ આગળ વધો—જો તમારે અત્યંત ઉચ્ચ સ્થાયી ફળ પ્રાપ્ત કરવું હોય તો.

૭ આમ સંપૂર્ણ સફળતાથી—બે ફર્લાંગ સાદી ચાલઃ એક ફર્લાંગ ઝડપી ચાલ; બે ફર્લાંગ સાદી ચાલઃ એક ફર્લાંગ ઝડપી ચાલઃ બે ફર્લાંગ સાદી ચાલ—એ ક્રમે આખો માઇલ સરળ રીતે કાપતા થઇ ગયા એટલે આગળ વધવાનો સમય આવ્યો.

૮ હવે ક્રમ બદલો. એક ફર્લાંગ ધીમી ચાલ અને એક ફર્લાંગ ઝડપથીઃ વળી એક ફર્લાંગ આસ્તે અને એક ફર્લાંગ ત્વરિત પગલે;—આમ ચાર ફર્લાંગ આસ્તે અને ચાર ફર્લાંગ અત્યંત ઝડપથી વારાફરતી ચાલવાનું છે. આટલું પૂરૂં થતાં જ દોડવાનો આરંભ કરવાનો વિચાર થશે; પણ હજી જરા ધીરજ રાખવી પડશે.

૯ હવેનો ક્રમ આથી સહેજ જુદો, અર્થાત્ બે ફર્લાંગ અત્યંત ઝડપથી ચાલવાનોઃ એક ફર્લાંગ ધીમે ચાલવાનો; બે ફર્લાંગ ઝડપથીઃ એક ફર્લાંગ ધીમે—આ રીતે વ્યાયામ કરવાનો છે. આ પૂરૂં થાય અને શરીરને ઓછો થાક લાગતો હોય તો એટલે કે શરીર એટલો શ્રમ સરળતાથી સહન કરે તેવું દૃઢ થાય કે પછી આગળ વધો.

૧૦ એટલેકે હવે ત્રણ ફર્લાંગ ઝડપથી અને એક ફર્લાંગ આસ્તેઃ આમ આખો માઇલ પૂરો કરો.

આ પ્રમાણે ક્રમેક્રમે આખો માઇલ ઝડપથી—અત્યંત ઝડપથી 'ચાલતા' થાઓ તે પછી જ 'દોડવા'નો અભ્યાસ શરૂ કરવાનો છે. તેમાં પણ ક્રમ તો ઉપર પ્રમાણે જઃ માત્ર 'ઝડપી ચાલ'ને બદલે હવે 'દોડવા'નું રાખો. દોડવાનું એટલે આસ્તે આસ્તે; 'ઝડપી ચાલ'થી સહજ ઉતાવળે; જેમ કોઇ નાના છોકરાની જોડે તમે એનું મન મનાવવા દોડતા હો, તેવી ધીમી ગતિએ; કલાકના આશરે ૫—૬ માઇલ લેખેઃ તમારી શક્તિ અને ગજા પ્રમાણે.

આમ ક્રમેક્રમે જ્યારે તમે સરળતાથી એક માઇલ સળંગ દોડતા થાઓ ત્યારે તમારે માટે બે માર્ગ રહ્યા. કાં તો તમે હવે દરરોજ અગર આંતરે દિવસે કે છેવટે અઠવાડિઆમાં ઓછામાં ઓછા બે દિવસ પણ આખો માઇલ દોડવાનું રાખોઃ પ્રતિજ્ઞાપૂર્વક કે ધર્મની આણ

ગણીને. કે પછી સમય હોય, ઇચ્છા હોય અને શક્તિ હોય તો અંતરમાં વધારો કરો. બે પાંચ કે સાત માઇલઃ જેવી તમારી વૃત્તિ, દઢતા કે અનુકૂળ સંજોગો.

પણ આ બંને રસ્તામાં 'નિયમિતતા' અત્યંત મહત્ત્વનો ભાગ ભજવે છે. થોડું દોડો, પણ નિયમિત દોડો. ત્રણ દિવસે એક માઇલ સળંગ દોડવા કરતાં દરરોજ બે ફર્લાંગ કે અરધો માઇલ નિયમિત દોડવાનું હું ખૂબ પસંદ કરું છું. આ વ્યાયામથી ફેફસાં અત્યંત બળવાન થશે; પાચનક્રિયામાં અદ્દભુત ફેરફાર થશે; હૃદય સુદૃઢ થશે; મગજ સ્વસ્થ અને સ્વચ્છ બનશે; કમ્મર, કરોડરજ્જુ અને પગ અત્યંત મજબૂત બનશે; પૂર્ણ સ્વાસ્થ્ય માટે આનાથી વધારે શાની જરૂર છે?

આ ક્રમે 'એક માઇલ' તમે કેટલે દિવસે પૂરો કરી શકશો, એની ચિંતામાં પડશો નહિ. તમારું શરીર અને ઇન્દ્રિયો એનો જવાબ આપશે. તમારે તો સમય પર નહિ, પણ શ્રમનો અતિરેક ન થાય એ વાત ઉપર જ ધ્યાન રાખવાનું છે.

અને આ પદ્ધતિ કંઇ નવીન નથી. આમાં જાદુ નથી. ગુરુગમ્ય વિદ્યા પણ નથી. છતાં આ જ ક્રમે, માત્ર પોતાના શરીરની સ્થિતિ અને શક્તિ અનુસાર, અંતરમાં કે ઝડપમાં ફેરફાર કરીને પ્રત્યેક વ્યક્તિ અત્યંત ઉચ્ચ ફળ પ્રાપ્ત કરી શકે છે. તમે બેચાર માઇલ દોડો. હું સાત આઠ માઇલ દોડી શકું. હેકેન્સ્મીટ, ડેમ્પ્સી, કે ટચુની જેવા જગદેકમલ્લો ૨૫–૩૦ માઇલ રમતમાં દોડી જાય–તે આવા અભ્યાસથી જ. જુવાન અને સશક્ત મનુષ્યને દરરોજના પાંચસાત માઇલ દોડવું તો રમત વાત છે.

છેલ્લે, આ પ્રમાણે જેમને બહાર 'દોડવું' ન ફાવે અગર સ્થળ ને સમય પ્રતિકૂળ હોય તેમણે નિરાશ થવાનું નથી. આવી 'દોડ' ઘરમાં એક ખૂણામાં ઊભાં ઊભાં પણ થઇ શકે. દોડ ને બદલે દોરડું કૂદવું એ પણ સબળ સ્વાસ્થ્યસાધક વ્યાયામ છે. કૂદો, દોડો, નાચો, દોરડું કૂદો–પણ સ્વાસ્થ્યની ખાતર કંઇક તો 'દોડવાનું' રાખો જ. ખાલી 'શ્વાસ' લઇને દિવસ પૂરા કરવામાં નથી મનુષ્યપણું કે નથી પશુતા. કેવળ 'જીવવું' એમાં શો પુરુષાર્થ છે? ખરી મરદાનગી તો સંપૂર્ણ સ્વસ્થ મનુષ્ય તરીકે જીવવામાં જ છે. અને આવા સ્વાસ્થ્યની સરળ ચાવી 'દોડવું' એ જ છે.

પ્રશ્નો

૧ રાત્રે સૂતાં પહેલાં થોડીકવાર દંડબેઠક વગેરે કસરત કરાય? એથી ખરાબ વિચારો દૂર ન થાય? ઊંઘમાં તો હાનિ ન પહોંચે ને?

૨ પહેલા લેખમાં જણાવ્યા મુજબ આદર્શ દિનચર્યા જણાવશો?—ખોરાક, કસરત અને આરોગ્યની દૃષ્ટિએ.

૩ કસરતના પ્રકાર, સિદ્ધાંતો, સામાન્ય આરોગ્યના કાયદાઓ જેમાંથી જાણી શકાય— જેને પ્રમાણભૂત લેખી શકાય—એવું પુસ્તક કયું?

ઉત્તર

૧ સ્વાસ્થ્ય અર્થે કે બળવાન થવા માટે વ્યાયામ ક્યારે કરવો એનો આધાર મુખ્યત્વે વ્યાયામ કરનારની પ્રકૃતિ ઉપર રહે છે. જમ્યા પછી ઓછામાં ઓછા બેત્રણ કલાક સુધી કશો જ વ્યાયામ ન કરવો—એટલું જો ધ્યાનમાં રહે તો નીરોગી મનુષ્ય દિવસે કે રાતે, ગમે તે વખતે વ્યાયામ કરે તો હરકત નથી. ઋતુ પરત્વે વ્યાયામ કરવાના સમયમાં ફેરફાર કરી શકાય; પણ કરવો જ જોઇએ, એવું ધોરણ અનિવાર્ય નથી.

ખરાબ વિચારો આવવાનાં કારણો જોઇને તેનો પ્રતિકાર યોજી શકાય. વ્યાયામ કરનારને ખરાબ વિચાર આવતા જ નથી એ વાત સાચી નથી; તેમજ ખરાબ વિચાર દૂર કરવાનું સાધન વ્યાયામ જ છે, એ પણ ભ્રમ છે. શરીર થાકેલું હોય અગર વ્યાયામ કરીને થકવવામાં આવે તો ઊંઘ જલદી આવે એ સાચી વાત; પણ એથી વિચારો રોકાવા જ જોઇએ એ અણઘટતી આશા છે. ખરાબ વિચારો રોકવા માટે તો જીવનપ્રણાલિકામાં ફેરફાર કરવો જોઇએ.

સાધારણ થાક લાગે એટલો વ્યાયામ કરવાથી ઊંઘમાં ખલેલ પહોંચતી નથી. પણ જો વધારે પડતો શ્રમ કરવામાં આવે તો વખતે ઊંઘ આવતી પણ નથી.

૨ હા. પણ આ અંકમાં નહિઃ હવે પછી.

૩ અંગ્રેજી ભાષામાં આવાં કેટલાંક પુસ્તકો છેઃ ગુજરાતીમાં પણ એકાદ છે. પરંતુ આ બધાંમાં તમે માનો છો તેવું પુસ્તક તો અમેરિકાના સુપ્રસિદ્ધ વ્યાયામવિશારદ બર્નાર મૅકફેડને પ્રસિદ્ધ કરેલું 'એન્સાઇક્લૉપીડીઆ ઑફ ફિઝિકલ કલ્ચર' છે. કિંમતમાં મોંઘી હોવા છતાં પણ આ 'ગ્રન્થમાળા' સર્વદેશીય ઉપયોગિતાવાળું પ્રમાણભૂત પુસ્તક ગણાય.

માખી

કાઝારિયા કયુબે નામનો એક વેપારી હતો. એને એક ચાકરડી. એનું નામ તામા. તામા ઘરમાં હોંસેહોંસે કામ કરે; પણ લૂગડાં જેવાંતેવાં પહેરે.

એમ કરતાં પાંચ વરસ થયાં. એક દિવસ કયુબેએ તામાને બોલાવીને કહ્યું કે 'તામા, બીજી છોકરીઓની પેઠે રૂપાળાં દેખાવાનું તને ગમતું નથી? બહાર પણ મેલાંદાટ લૂગડાં પહેરીને જાય છે! કાંઇક સારાં લૂગડાં પહેરતી હો તો?'

તામાએ જવાબ દીધો; 'બાપુ, તમે કહો છો તે વાત સાચી છે; પણ આટઆટલાં વરસો થયાં હું જૂનાં ફાટેલાં લૂગડાં પહેરૂં છું તેનું કારણ છે. હું નાની હતી અને મારાં માબાપ ગુજરી ગયાં. ભાઇ કે બહેન મારે કોઇ ન મળે, એટલે મારે એકલીને માબાપ પાછળ ક્રિયાઓ કરવાની હતી. તેને સારૂ કરકસર કરીને મેં આજ લગી બચત કર્યા કરી. હવે બધી ક્રિયાઓ પૂરી થઇ છે અને દાન પણ દેવાઇ ગયું છે. મારી ઇચ્છા હવે પૂર્ણ થઇ છે, એટલે હું ઠીકઠીક સારાં લૂગડાં પહેરતી જઇશ.'

વખત જતાં તામા મરણ પામી. મરતી વખતે તે પોતાની બચત રકમ શેઠને સોંપી ગઇ. મૃત્યુ પછી કેટલેક દિવસે એક મોટી માખી કયુબેના ઘરમાં ઊડતી ઊડતી આવી. હિમ પડે તેવી ઠંડીમાં માખી હોય નહિ અને આ ક્યાંથી આવી હશે એમ શેઠ મનમાં વિચાર કરવા લાગ્યો. ઊઠીને તેણે માખીને ઘર બહાર ઉડાડી મૂકી. પણ માખી તો વળી પાછી અંદર આવી. શેઠ માખીને બહાર કાઢે અને વ્હાલી માખી અંદર આવે. આ જોઇને કયુબેની વહુ કહે કે 'આ માખી તે તામાનો જીવ હશે.'

કયુબેએ તો માખીને પકડી થોડીક એની પાંખ કાપી નાંખી અને પછી તેને ઘરથી ઘણે દૂર એ મૂકી આવ્યો. પણ બીજે દિવસે સવારે જુએ છે ત્યાં માખી ઘરમાં દેખાઇ! આ વખતે તો કયુબેએ માખીનું આખું શરીર લાલ રંગે રંગ્યું અને એને બહુબહુ આઘે એ છોડી આવ્યો. બે દિવસ થયા ત્યાં વળી એની એ માખી પાછી દેખાઇ! કયુબે અને એની વહુના મનમાં ખાતરી થઇ કે માખી તે ચાકરડી તામા જ હોવી જોઇએ.

કયુબેની વહુએ કહ્યું કે તામા આપણે ઘેર પાછી આવી છે તેનું કારણ છે. એના પૈસા મારી કને છે; અને તામાને એનું દાન કરવાની વાસના જાગી હશે. માટે આપણે દ્રવ્ય મંદિરમાં ધરી આવીએ અને જપ કરાવીએ તો એના આત્માની સદ્ગતિ થાય.'

આ વાત પૂરી થઇ કે તરત માખીએ ટપ દઇને દેહ છોડ્યો. પછી કયુબે અને એની વહુ માખીના શબને પેટીમાં મૂકી સાધુઓ કને લઇ ગયાં. તેઓએ દ્રવ્ય સાધુઓને અર્પણ કર્યું, માખીના દેહ આગળ સૂત્રનો પાઠ કરાવ્યો અને પછી શબને કબ્રસ્તાનમાં દટાવ્યું.

(જાપાની વાર્તાનો અનુવાદ) **દે. પ.**

મોતીની મા

દીકરો મારો રાજમહેલમાં
રાણી પાસે રહે.
રાણી એને કોટે ચાંપી
બહુ બહુ વાનાં કરે.
મા હું એની, મોટાં મને
લાતો દેતાં રહે.
નાનાં છોકરાં ગજવે ઘાલી
ચૌરે ચૌટે ફરે.
હું મોતીની મા
મને રોવામાં મજા!

દીકરો મારો રાણી પાસે
બંદી બની રહે.
કદી ય એને આઘાપાછા
ફરવાનું નહિ મળે.
મા હું એની, ડોશી થઇ છું
તો ય રહું છું પ્રીતે.
છોકરાંછોકરી સાથે રહું ને
ખેલું રૂડી રીતે.
મજા કરૂં નીત
મારૂં નામ છીપ. —**રમણલાલ સોની**

વેનીસનો મુસાફર માર્કો પોલો

(અનુસંધાન પૃ. ૧૨૫થી) ડરી જઇ તેમણે તો થોડા જ વખતમાં પાછા ફરવું દુરસ્ત ધાર્યું.

ફરી પાછા પર્વતો, નદીઓ અને રણો પાર કરતા તેઓ અફઘાનિસ્તાનમાં થઇ, ગોબીનું રણ વટાવી, સાડા ત્રણ વરસે કુબ્લાખાનના હવા ખાવાના સ્થળ 'શાંગ-તુ'માં પહોંચ્યા. આ મુસાફરીઓ કેટલી કપરી અને જોખમભરી હતી તેની આપણને કલ્પના સરખી પણ આવે નહિ. માર્કો પોલોએ જાતે એ બધાનું અત્યંત વિગતપૂર્ણ અને રસમય વર્ણન લખ્યું છે.

શહેનશાહ કુબ્લાખાને આ જૂના દોસ્તોને આવકાર આપ્યો અને માર્કોને પોતાની નોકરીમાં રાખ્યો. તેઓ ચીનમાં સત્તર વરસ રહ્યા. ખાનને માટે માર્કોએ ઘણી મુસાફરીઓ કરી અને ચીનવિષે ઘણું રસિકજ્ઞાન મેળવ્યું.

સત્તર વરસને અંતે આખરે પોલોને પાછા સ્વદેશ જવાની ઇચ્છા થવા લાગી. પણ ખાનને તેઓની નોકરી બહુ ગમી ગઇ હતી. તેણે તો એ વાત સાંભળવાની જ ના કહી! છેવટે એક તક આવી. ઇરાનના રાજાએ ખાનની એક પુત્રીની માગણી કરી. કુંવરીને દરીઆઇ માર્ગે મોકલવાની હતી અને એ મુસાફરી ઘણી લાંબી અને જોખમવાળી હતી, એટલે ખાને પોલોને તે કામ સોંપ્યું. છુટા પડતી વખતે ખાને દરેકને અત્યંત કિંમતી જવાહિરની એકેક કોથળી ભેટ આપી.

ત્રણ મહિનાની સફર ખેડી તેઓ જાવા પહોંચ્યા. સુમાત્રામાં પ્રતિકૂળ ઋતુને લીધે તેમને પાંચ મહિના રોકાઇરહેવું પડયું અને ઇરાન પહોંચતાં બે વરસ કરતાં પણ વધારે વખત લાગ્યો. દરમ્યાન ઇરાનનો રાજા તો મરી ગયો હતો અને તેનો પુત્ર રાજ્ય કરતો હતો! પણ બધું છેવટે સાંગોપાંગ પાર પડયું, કારણકે બાપને વરવા આવેલી કુંવરી પુત્રને વરી.

અને ત્યાંથી પછી પોલો પિતાપુત્ર છેવટે ઘેર આવવા નીકળ્યા, અને વેનીસ પહોંચ્યા ત્યારે શું થયું એ આપણે ઉપર જાણી ગયા.

બીજે દિવસે બજારમાં અને શેરીઓમાં આ મુસાફરોની વાતો થવા લાગીઃ 'ત્રીસત્રીસ રતલ વજનની પૂંછડીવાળાં ઘેટાંની આ લોકો વાતો કરે છે!' 'અરે, એ લોકો તો કહે છે કે કેથેમાં લોકો જમીનમાંથી પથરા ખોદી તેને ઇંધણાં તરીકે વાપરે છે; અને તાર્તર લોકો મોટા મહેલ જેવાં ઘરને પૈડાં કરી અહીંથી તહીં ફેરવે છે.' 'આ લોકોએ રસ્તામાં મીઠાનો ડુંગર જોયો; અને પાણી તો ખાણમાંથી ખોદી કાઢીને બાળવા માટે વપરાતું તેમણે નજરોનજર જોયું છે!' 'બજો નહિ એવું ઊન ને ત્રીસ ફૂટ લાંબા સાપ પણ આમણે તો જોયા છે!'

આમ વાત થતી હોય ત્યાં બીજો કોઇ વાણોતર કાને કલમ ખોસી બોલી ઊઠેઃ 'હા હા; એ લોકો તો કહે છે કે કેથેવાસીઓ ગરમાગરમ દારૂ પીએ છે અને એ પીતાંવેંત જ લોકોનાં મગજને વીજળીવેગે અસર કરે છે. એમની એ વાત એવી તો સોંસરપાટ ઊતરી જાય છે કે કેમ જાણે થોડો દારૂ પોતાની સાથે જ ન લાવ્યા હોય!'

ત્યાં તો બીજો વેપારી બોલી ઊઠે કે 'એ છોકરાને પેલા ખાન વિષે તો જરા પૂછી જોજો! એ ખાન પાસે લાખો સિપાઇઓ, લાખો એકરના વાડીવજીફા, લાખો ખાસદારો અને એવું કેટલું યે લાખો ને કરોડોમાં ગણી શકાય એવું છે. એ ખાન એવો તો મહાન પુરુષ છે કે એકીસાથે બાર માણસની જોડે તો તે વાત કરી શકે છે! અને માર્કો કહે છે એ સાચું માનીએ તો એ ખાને માર્કો જેવા અજાણ્યા માણસને પોતાને ત્યાં નોકર રાખ્યો હતો, પોતાના એલચી તરીકે દેશપરદેશ મોકલ્યો હતો અને એક શહેરનો સુબો પણ બનાવ્યો હતો.'

આમ ચોરે ને ચૌટે અનેક વાતો થવા લાગી અને તે બધા ગપગોળા જ છે એમ મનાવા લાગ્યું. આથી આ ત્રણે મુસાફરોએ પોતે કરેલી મુસાફરીનું વર્ણન આપવા માટે એક મોટી મિજલસ ગોઠવી. પૂર દમામથી અને ભપકાથી આ મિજલસ તેમના જૂના ઘરમાં ગોઠવવામાં આવી. સૌ મહેમાનો જમી રહ્યા પછી ત્રણે મુસાફરો એક ખાસ તૈયાર કરવામાં આવેલ મંચ ઉપર પોતાનાં અસલી ફાટ્યાંતૂટ્યાં કપડાં પહેરીને આવ્યા, અને સૌને આશ્ચર્યમાં ગરકાવ કરતા એક પછી એક બાંયમાંથી તેમ જ કપડાંના સાધે સાંધા ખુલ્લા કરીને તેમાંથી અમૂલ્ય હીરા, માણેક, રત્ન ને જવાહિર કાઢવા માંડ્યાં. આ બધું તેમનાં કપડાંમાં એવી ખુબીથી સીવી લેવામાં આવ્યું હતું કે કોઇને તેમના ઉપર સહેજ પણ શંકા ન આવે અને તેઓ સલામતીથી મુસાફરી કરી શકે.

આ મિજલસ સમક્ષ તેમણે અનેક અવનવી વાતો કરી હશે,—એવી તો હેરતભરી કે કોઇને તે કદાચ ઠંડા

અને એને જગવિખ્યાત કરનારી સાહસ-સફરનાં આ બયાનો

પહોરની ગપ પણ લાગી હોય. તેમણે રસ્તામાં પોતાને નડેલી અનેક મુશ્કેલીઓની વાતો કરી. ગોબીનાં ધગધગતાં અને વેરાન રણ તેમજ પામીરની ખીણમાંથી કેમ પસાર થવાયું તથા જંગલી જાતોના હુમલાથી કેમ બચી શકયા તેની, માતબર બગદાદ અને ભેદી મૅંગોલીયાની, ખોતાન, અફઘાનિસ્તાન, તિબેટ, જાપાન, બ્રહ્મદેશ, હિંદુસ્તાન વગેરે દેશોના વિધવિધ રીતરિવાજની, દેશદેશના સમૃદ્ધ વેપારની, હિંદના ભૂવાજોગી અને પૂજારીઓની તથા બૌદ્ધ વિહારોની,—એવી-એવી કૈં કૈં વાતો તેમણે કરી. વેનીસમાં રહેનારને આ બધી વાતોમાં ગપગોળા જ દેખાય એ બનવાજોગ છે.

અને ચીનનો બાદશાહ કુબ્લાખાન જેની સત્તા તે સમયે એશિયાખંડમાં પશ્ચિમે વૉલ્ગાથી પૂર્વે પીળી નદી સુધી અને ઉત્તર દક્ષિણ સાઇબીરિયાના રણથી પંજાબનાં ફળદ્રુપ મેદાનો સુધી પહોંચતી તેની સવિસ્તર હકીકત તેમની વાતોમાં ખાસ કરીને આવી હતી. એ કુબ્લાખાન વિષે વાત કરતાં માર્કો પોલોએ ખાનની શિકાર સહેલ બાબત અજબ વર્ણન કર્યું:

ખાન શિકારે નીકળે ત્યારે તેની સાથે દશદશ હજાર હજૂરીઓવાળા બે ઉમરાવો રહેતા. બંનેની ટોળી રાતા અને આસમાની જુદાજુદા પોશાક પહેરી શિકારની શોધમાં નીકળી પડતી. શહેનશાહ પોતે ચાર હાથીની અંબાડીમાં બેસતો અને સાથે એકાદ ડઝન બાજ પક્ષી રાખતો. એકાદ ખાસદાર તરફથી કુંજજોડકું ઊડતું દેખાયાની ખબર મળતાં જ શાહ એક બાજને છોડી મૂકતો અને તરત જ કુંજને મારીને બાજ પાછું આવતું. શિકારી ટોળીઓ પણ જંગલમાં વેરાઇ જતી અને એવી રીતે પ્રાણીઓને ઘેરી લેતી કે જેથી કોઈપણ હરણ કે રીંછને છટકવું ભારે થઇ પડતું.

કુબ્લાખાનના મહેલનું વર્ણન માર્કોએ આ પ્રમાણે કર્યું: તેનો શિશિર મહેલ દીવાલોથી ઘેરાએલો હતો. બહારની દીવાલ ૮ માઇલ લાંબી હતી. બહારની અને અંદરની દીવાલ વચ્ચેની ખાઇમાં લશ્કર રહેતું. બીજી દીવાલની અંદર આઠ ભવ્ય મકાનોમાં લશ્કરી સરંજામ રહેતો. આની અંદર વળી ત્રીજી ખૂબ જાડી દીવાલ ૨૫ ફૂટ ઉંચી હતી. આની અંદર બીજાં આઠ મકાનો હતાં. છેક અંદરની દીવાલ સુધી પહોંચ્યા પછી આરસના મોટા ચોક વચ્ચે શાહનો અજોડ અને વિશાળ મહેલ આવતો. મહેલના જુદાજુદા ખંડ સોને મઢેલા હતા અને ભીંતો ઉપર રાક્ષસો, પ્રાણીઓ, પક્ષીઓ, ને શૂરવીરોનાં ચિત્રો ચીતરેલાં હતાં. ઓરડાઓની છત ઉપર સોનેરી અને રૂપેરી રંગે ચીતરેલી અને કોતરેલી આકૃતિઓ હતી. મહેલની અંદર દાખલ થવા માટે બંને બાજુએ આરસનાં પગથિયાં હતાં. મહેલનો મધ્ય ઓરડો એકીસાથે ૬૦૦૦ માણસો માટે દસ્તરખાન બિછાવી શકાય એવડો વિશાળ હતો. મુખ્ય ઓરડાની આસપાસ બીજા નાના ઓરડાઓ હતા, જેમાં રાજ્યનું ઝવેરાત, સોનું, રૂપું, હીરા, માણેક, મોતી અને શાહનો જનાનો રહેતાં. મહેલનું છાપરું બહારથી લીલું, પીળું, કીરમજી, આસમાની વગેરે રંગે રંગેલું હતું અને તે કાચની માફક ચળકે એટલા સારૂ તેના ઉપર વારનિશ લગાવવામાં આવ્યું હતું. આ ચળકાટ માઇલોના માઇલો સુધી દેખાતો. મહેલની આસપાસની દીવાલો વચ્ચે ઝાડ રોપાવ્યાં હતાં. આસપાસનો રસ્તો બેનરાઉ જમીનથી ૩ ફૂટ ઊંચો હતો જેથી ચોમાસાનું પાણી કે કચરો રસ્તા ઉપર એકઠું થવાને બદલે બહાર ખેતરોમાં વહી જાય અને ખેતીને ઉપયોગી થાય.

મહેલના કિલ્લામાં એક સુંદર ટેકરી હતી. ખાનની નજરે કોઇ સુંદર ઝાડ પડતું કે તરત તેને જડમૂળમાંથી ઉખેડાવી જેમનું તેમ હાથીઓ ઉપર મુકાવીને આ ટેકરી ઉપર રોપાવતો. ટેકરીની ટોચ ઉપર એક મેદાન હતું.

વેનીસવાસીઓએ મૅંગોલ લોકો વિષે તથા જંઘીસખાનના વારસ આ કુબ્લાખાન વિષે સાંભળ્યું તો ઘણું હતું, પણ માર્કોએ નજરે જોએલી આ વાતોને તેઓ અતિશયોક્તિભરી ગણીને હસી કાઢતા. અને જ્યારે યુનાન, સીઆમ, સુમાત્રા, જાવા અને લંકાની વાતો માર્કો કરતો ત્યારે તો એ બધી વાતો બનાવટી હોવાનો આરોપ માર્કો ઉપર સૌ મૂકતા. છતાં નવાઇની વાત તો એ હતી કે વેનીસની જ બજારમાં માર્કોએ વર્ણવેલી ગોવળકોંડાની હીરાજડિત વીંટી, લંકાનાં મોતી ને જાવાના તેજાના વેચાતા હતા. વેનીસમાં જ ચાનાઈ

વિસ્મયથી વિસ્ફારિત નેત્રે પશ્ચિમ દેશની પ્રજા સાંભળી રહી

રેશમનાં કપડાં અને ઇરાનના ધાબળા પણ વપરાતા. જે જે દેશની વાતો માર્કો કહેતો તે તે દેશની વસ્તુઓ વેનીસમાં વેચાતી. પણ વેપારીઓ કંઈ આ વસ્તુઓ સીધી તે દેશોમાંથી ન લેતા પરંતુ દૂરદૂર ઍલેક્ઝાન્ડ્રીઆ, પૅલેસ્ટાઇન કે સીરિયામાંથી આવતી વણજારો પાસેથી લેતા અને એ બધાંની મૂળ કિંમત ઉપર બસોબસો ટકા જેટલી જકાત ચડયા પછી જ વેપારીઓને તે મળતી.

કુબ્લાખાનનું રાજ્ય સમસ્ત એશિયા ખંડ ઉપર પથરાએલું હતું. ઇતિહાસ કહે છે કે જંઘીસખાન અને તેના વારસોએ એશિયાને હાથ કરવા માટે શહેરોનાં શહેરો ઉજ્જડ કર્યાં. વસતીની કતલ કરી અને જ્યાંત્યાં આગ લગાડી. પરંતુ તે પછી કુબ્લાખાનના રાજ્યઅમલનો ભૂગોળની દૃષ્ટિએ વિચાર કરતાં જણાય છે કે તેણે ખ્રિસ્તી, યહુદી, મુસલમાન વગેરે જુદાજુદા ધર્મો પ્રત્યે ઉદાર દૃષ્ટિ રાખીને સીરિયા, ઇરાન અને અફઘાનિસ્તાનની મુસાફરી સરળ કરી મૂકી. જંઘીસખાનના નામ સાથે શહેરોનો નાશ, આગ અને કતલ યાદ આવતાં, જ્યારે કુબ્લાખાનના નામથી શાંતિનું સામ્રાજ્ય યાદ આવતું. ખાનની ઉદારતાને લીધે માર્કો છેક પેકીંગ સુધી પહોંચી શકયો હતો. આ મુસાફરો ઇ.સ. ૧૨૬૦માં જ્યારે ખાનને મળ્યા ત્યારે તાર્તાર લોકોને સદ્ધર્મ બોધ થાય તે માટે ખાને સો ખ્રિસ્તી પાદરીઓને પોતાના રાજ્યમાં બોલાવવાની ઇચ્છા દર્શાવી હતી અને માર્કો આ પાદરીઓ લેવા પણ ગયોહતો; પણ તે સફળ ન થયો. આથી ખાને હિંદ તરફ નજર ફેરવી અને બૌદ્ધધર્મપ્રચારકોને પોતાના દેશમાં બોલાવ્યા.

આ ત્રણ મુસાફરોએ ભૂમાર્ગે મુસાફરીની શરૂઆત લાયાસ (હાલમાં જેને ઐયાસ બંદર કહેવામાં આવે છે ત્યાં)થી કરી. તે વખતે તેજાના, ધાબળા, રેશમ અને એવો બીજો એશિયાનો વેપારવણજનો માલ લેવા માટે એ બંદરે વેનીસ, જીનોઆ અને પીસાનાં વહાણો આવતાં.

સાડા છ સૈકા પહેલાં માર્કોએ કરેલી મુસાફરીની નોંધ આજે પણ એટલી જ તાજી અને જીવંત ભોમિયા રૂપ લાગે છે. આજથી પંદર વર્ષ પહેલાં ઇંગ્લંડથી હિંદ મોટર રસ્તે આવનાર એક અંગ્રેજ મુસાફર લખે છે કે અમને રસ્તામાં જુદાજુદા ભાગમાંથી વેપાર માટે તેજાના, રેશમ, શેતરંજીઓ વગેરે ઊંટ ઉપર લાદીને મુસાફરી કરતા વેપારીઓનાં ટોળાં મળતાં હતાં.

આપણા આ મુસાફરો આજે પૂર્વતુર્કસ્તાનને નામે ઓળખાતા પ્રદેશમાં થઇને આગળ વધ્યા. રસ્તામાં તેમણે ખૂબસૂરત ઘોડાઓ, સુંદર આકર્ષક ગાલીચાઓ, રૂપાની ખાણો અને આર્મીનિયાની સીસાં તથા રૂપાની ખાણો વગેરે જોયાં. જ્યૉર્જિયાના પ્રદેશમાં આવતાં હાલના બાકુ અને બાતુમના તેલના કુવાઓ જોયા, તેની નોંધ કરતાં માર્કો લખે છે કે વહાણોનાં વહાણો ભરી લેવાય એટલું તેલ ત્યાંના ઝરામાંથી સતત નીકળ્યા કરે છે. આ તેલ ખોરાક માટે નકામું છે, પણ બાળવામાં અને ઊંટના અમુક રોગ માટે બહુ જ ઉપયોગી છે.

ત્યાંથી આગળ જતાં કાસ્પિયન સમુદ્રને કિનારે થતાં લાકડાંના કોતરકામનું અને તિફ્લિસના રેશમી વણાટનું તેમજ ત્યાંથી દક્ષિણ તરફ નમતાં મોસલનાં કપાસનાં મથકો તથા મોસલ ઉપરથી મઝલીન (મસલીન) કાપડના વણાટનું આબેહૂબ વર્ણન માર્કોએ આપ્યું છે.

ઇતિહાસ સંશોધકો એવો તર્ક કરે છે કે માર્કોએ શોધી કાઢેલા અને મૅંગોલ સામ્રાજ્યે સલામત રાખેલા યુરોપ અને એશિયાના એ વેપારીમાર્ગેથી જ હોકાયંત્ર, લડાઇનાં હથિયારો, છાપખાનાંનો સામાન અને એવી બીજી અનેક શોધો એશિયામાંથી યુરોપ આવી હશે. આ રસ્તો મુસલમાનોએ થોડા વખત પછી બંધ કરી દીધો, છતાં તે જેટલો સમય ખુલ્લો રહ્યો તે દરમિયાન યુરોપને આ રસ્તા મારફત એશિયા સાથેના સંબંધનો ઘણો લાભ મળ્યો. આ ટૂંક વખતમાં અનેક શબ્દો યુરોપની ભાષાઓમાં રૂઢ થઈ ગયા. ખોતાનમાં થતી રૂની પેદાશને કારણે 'કૉટન' શબ્દ યોજાયો. ગોબીનાં રણની ઊડતી રેતીના અવાજ અને દૂર દેખાતાં મૃગજળનાં દૃશ્યને લીધે જે ભયંકર દૃશ્ય ખડું થતું તે ખરેખર રાક્ષસી—**Gobline like**—હોય છે. આમ ગોબીનાં રણ ઉપરથી ગોબ્લીન શબ્દ યોજાયો. વળી, ખૂની શબ્દને માટેના અંગ્રેજી **assassin** શબ્દની ઉત્પત્તિ માટે નીચે પ્રમાણે વાત ચાલે છે.

એક દુષ્ટ રાજા મોટો સ્વર્ગીય બાગ બનાવી તેમાં

થોડા યુવાનોને રાખતો. જ્યારે આ યુવાનોમાંથી કોઈની તેને જરૂર પડે ત્યારે 'હશીશી' નામની દવા સુંઘાડીને તેને બાગની બહાર લાવવામાં આવતો. જાગ્રત થતાં તેને પૂછવામાં આવતું કે તું ક્યાંથી આવ્યો? ત્યારે મહમ્મદ પયગમ્બરે આપેલા સ્વર્ગનાં વર્ણનને બરાબર મળતું વર્ણન તે આપતો. આ રાજાને જ્યારે કોઈનું ખૂન કરાવવું હોય ત્યારે આ હાશીશિયન (આસિસિન) યુવાનને ફરમાવતો કે અમુક રાજકુમારનું ખૂન કરી આવ. જો તું ખૂન કરીને આવીશ તો દેવદૂતો આવીને તને સદેહે સ્વર્ગમાં લઈ જશે અને જો તું મરી જઇશ તો મારા દૂતો તને સ્વર્ગમાં લઈ જવા માટે મોકલીશ.

આ હાશીશિયન શબ્દ અંગ્રેજી ઍસૅસિન–assassin–શબ્દને મળતો આવે છે.

જંઘીસખાનના પૌત્ર હુલાગુએ કરેલી બગદાદની જીતનું વર્ણન આપણને અતિશયોક્તિ ભર્યું લાગે એવું છે, પણ માર્કોએ તેના ઉપરથી એક સુંદર ઐતિહાસિક તત્ત્વ તારવ્યું છે.

બગદાદની જાહોજલાલીનું વર્ણન આપ્યા પછી, હુલાગુએ બગદાદ ઉપર ઓચિંતો છાપો મારવામાં જે લશ્કરી કુનેહ વાપરી તેની વાત કહેતાં માર્કો લખે છે કે ખલીફ પાસે બચાવ કરવા માટે પૂરતા સૈનિકો નહિ હોવાથી બગદાદ પડ્યું અને હુલાગુ શહેરમાં દાખલ થયો. શહેરમાં ખલીફે સોનું રૂપું ઝવેરાત ભરી મૂકેલો એક ભવ્ય મીનારો તેણે જોયો. આટલો બધો ખજાનો જોઇને હુલાગુએ ખલીફને પોતાની પાસે ખડો કરવા હુકમ કર્યો. ખલીફની કંજુસાઇ માટે તેણે તેને ઠપકો આપ્યો અને કહ્યું કે શા માટે તારી આ દોલતને તેં મીનારામાં ભરી મૂકી? શા માટે શહેરના બચાવ સારૂ સરદારો, સૈનિકો વગેરેની ભરતી કરવામાં તે ન વાપરી? ખલીફ કંઇ જ જવાબ ન આપી શક્યો એટલે હુલાગુએ ફરમાવ્યું કે તેને સોના રૂપાનો બહુ મોહ હોવાથી આ મીનારામાં જ કેદ રાખવો. ત્યાં તે સોનુંરૂપું ને ઝવેરાત ખાઇને જીવશે. ખલીફ મીનારામાં પૂરાયો અને ત્યાં જ તે થોડા દિવસમાં ભૂખમરાને લીધે, પોતાની અઢળક દોલતની વચ્ચે મરી ગયો. માર્કો કહે છે કે જો તેણે રાજ્ય અને પ્રજાના બચાવ માટે સૈનિકોની ભરતી કરવામાં આ ખજાનો વાપર્યો હોત તો તેથી સાચે જ લાભ થાત.

તેબ્રિઝ આગળથી આ મુસાફરો ઇરાનમાં દાખલ થયા, અને ત્યાંથી કાઝવીન, યેઝદ અને કેરમાન તરફ ગયા.

કેરમાનમાં આ વખતે ગૃહઉદ્યોગ સારો ચાલતો હતો. ત્યાંની સ્ત્રીઓએ તૈયાર કરેલાં વણાટકામ તથા તે ઉપર પશુપંખી અને એવી વિધવિધ આકૃતિઓની ભાત પાડેલા રેશમી અને જરીના ભરતકામ બહુ જ આકર્ષક હતાં. કાશ્મીરની શાલ આપણે બહુ વખાણીએ છીએ પરંતુ કોઇ કેરમાનવાસી કાશ્મીરી શાલનાં વખાણ સાંભળે તો કહે કે કાશ્મીરી શાલ તો કેરમાનની શાલનું અનુકરણ માત્ર છે; ખરી શાલ તો કેરમાનની.

કેરમાનમાં માર્કોએ સુંદર હથિયારો—જમૈયા, તલવાર તીરકામઠાં, ઊંચી જાતના ઇરાની ઘોડા તથા તેનો સામાન–ચોકડાં લગામ પટા વગેરે જોયાં. આ ઘોડાઓ હિન્દમાં ૩–૪ હજાર રૂપિયે વેચાતા. કેરમાન અને ઓરમઝ વચ્ચેની ખીણમાં માર્કોએ ખજૂર અને પિસ્તાંનાં ઝાડ જોયાં; ઉપરાંત જિંદગીમાં પહેલી જ વાર માલ લઇ જવા માટે પોઠિયાનો ઉપયોગ થતો તેણે આ પ્રદેશમાં જોયો.

આ વખતે બંદર આબ્બાસ હજી વસવા માંડ્યું હતું. ઓરમઝમાં ધમધોકાર વેપાર ચાલતો હતો. અહીં દેશપરદેશથી હીરામાણેક, હાથીદાંત, સોનેરી ભરતકામ અને કરોળિયાની જાળ જેવાં ઝીણાં કપડાં આવતા. આ બધો માલ હલકી બનાવટનાં વહાણોમાં ભરાઇને આવતો હોઇને કેટલોક રસ્તામાં જ વેડફાઇ જતો. વહાણોમાં પાટિયાં ને ખીલા જડવાને બદલે કાથીનાં દોરડાંથી બાંધતા અને વહાણને માછલીનું તેલ ચોપડતા. વહાણોને એક સઢ, થાંભલો અને સુકાન રહેતાં. વહાણને તુતક ન રહેતું, પણ બધો માલ ભરાઇ ગયા પછી ઉપર મોટું ચામડું ઢાંકી દેતા અને એ ચામડાં ઉપર, વેપાર માટે હિંદ લઇ જવાના ઘોડાઓને રાખતા!

ઓરમઝ આગળ સાતસો ફૂટ ઊંચા ખડક ઉપર સોળ માઈલના ઘેરાવાનું એક શહેર ઊભું હતું એમ માર્કો લખે છે. આ ખડકના રંગ ઉપરથી ત્યાં લોઢું ત્રાંબું અને ગંધકની ખાણો હોય એમ લાગતું હતું.

ઓરમઝથી પાછા ફરતાં કેરમાનની ઉત્તરે રણમાંથી તેઓને પસાર થવું પડ્યું. આ રણ વિષે માર્કો કહે છે કે ત્યાં દૂરદૂર નજર નાખતાં એક પણ ઝાડ કે વનસ્પતિ જેવું ન દેખાતું. કદાચ ક્યાંય પાણી હોય

તો કડવું અને ખરાબ થઇ ગએલું જણાતું. થોડાંક વર્ષ પહેલાં આ તરફના પ્રદેશમાં પ્રવાસે નીકળેલા સર પર્સી સાઇકસ પણ ઉપરની હકીકતને મળતું જ વર્ણન કરે છે. તેઓ જણાવે છે કે રસ્તામાં મારી સાથેનું પાણી ખૂટયું. આ કડવું અને ખરાબ પાણી પી શકાય એમ તો હતું જ નહિ. રસ્તામાં તરસને લીધે મરણ પામેલા અનેક મુસાફરોનાં હાડકાં દેખાતાં હતાં, પણ સદ્‌ભાગ્યે હું એમાંથી બચી ગયો.

ઇરાનના લોકો આંખમાં આંજવાનો સુરમો બનાવતા તે બાબત માર્કો લખે છે કે એ લોકો ખાણમાંથી જસત ખોદી કાઢતા. તેની સાથે તેનો ક્ષાર પણ મેળવી લેતા. આ ક્ષાર આંખને માટે બહુ જ અકસીર છે. ખરી રીતે આ ક્ષાર કાંઇ ખાણમાંથી ન નીકળતો પરંતુ ખાણમાથી નીકળેલાં જસતને ભઠ્ઠીમાં નાખી છૂટું પાડતાં ઉત્પન્ન થતી જસતની ભસ્મ હતી.

ઇરાનના કેટલાક ભાગમાં પ્રજા બહુ જ 'જંગલી અને લોહીતરસી' હતી. એ તરફના મૅંગોલ લોકોની રહેણીકરણી વિષે વાંચતા આ હકીકત સાચી લાગે છે.

ઇરાનનો ખજૂરીમાંથી બનતો દારૂ આ મુસાફરોને ખૂબ ગમી ગયો. ધર્મમાં દારૂની મના હોવા છતાં આ તરફના મુસલમાનો ખજૂરીના દારૂને ઉકાળીને પી જતા અને એ રીતે કલેજાંને શાંત કરતા જોઇને માર્કોને બહુ જ નવાઇ લાગી.

ઇરાનથી આ લોકો ખોરાસાન અને પશ્ચિમ અફઘાનિસ્તાન તરફ આગળ વધ્યા. પરંતુ તેઓ કયે રસ્તે ગયા એ કાંઇ જાણવામાં આવતું નથી. પરંતુ વચ્ચે બલ્ખ શહેરનું વર્ણન આવે છે. આ શહેર જૂના વખતમાં બહુ વૈભવશાળી હતું, પણ પાછળથી પડી ભાંગ્યું હતું એમ તેઓ કહે છે.

તેઓ ત્યાંથી બડાખ્શાન (Barakhshan)ના ઊંચા અને ભયંકર ચઢાવવાળા પર્વતોની હાર તરફ વળ્યા. આ પર્વતમાળાઓનો રસ્તો તે વખતમાં તદ્દન અજાણ્યો હતો તેમજ આજે પણ તે પૂરતો જાણીતો નથી થયો.

મીઠાના પર્વતો જોઇને તો તેઓ થંભી જ ગયા. અહીં તેમણે શાહુડી જોઇ, એ વિષે લખતાં તેમણે શાહુડી વિષે જમાનાઓથી ચાલી આવતી વાતને ટેકો આપ્યો છે કે શિકારી કૂતરા પાછળ પડે છે ત્યારે શાહુડી શરીર સંકોડી લે છે અને પછી એકદમ ક્રોધના આવેશમાં શરીરમાંથી તીર જેવાં સીસોળિયાં ફેંકીને માણસ તેમજ કૂતરાઓને ઘાયલ કરે છે.

આ બધું જોતાંજોતાં આ વેપારી પ્રજાના મુસાફરોનું ધ્યાન ત્યાંની માણેકની ખાણ તરફ ગયું. તેમણે ખડકોનું ખોદકામ જોયું. ખોદકામથી બની જતી ગુફાઓ અને ભોંયરાં જોયાં. ખાણો બધી રાજાને માટે ખોદવામાં આવતી ને તેમાંથી નીકળતા પથ્થરોનો માલિક રાજા ગણાતો. કોઇ પણ માણસ ખોદીને માણેક પોતાની પાસે રાખી શકતો નહિ. રાજા આ માણેકથી ખંડણી ભરતો અને બહુ જ થોડા પ્રમાણમાં વેચતો.

જેમ ચીના લોકો, યુરોપમાં વાંસ નથી ઊગતો એ જાણીને આશ્ચર્ય પામે છે તેમ આ ત્રણ મુસાફરોમાંનો કુમાર માર્કો આ પ્રદેશમાં જેતૂનનાં ઝાડ ન હોવાથી નવાઇ પામતો! માર્કો એક ઠેકાણે લખે છે કે બડાખ્શાનના લોકો તલ અને વૉલનટમાંથી તેલ કાઢે છે, ઘઉં ઉગાડે છે અને છોતરાં વગરનાં જવ ઉગાડે છે!

જે પ્રદેશને માર્કો બડાખ્શાન કહે છે તે ઑક્સસ નદીની પેલી પાર છેક બોખારાની ઊંચી ખાણ સુધી વિસ્તાર પામેલો હતો. દુનિયાના ઇતિહાસમાં આ સુંદર પ્રદેશનું વર્ણન બહુ ઓછું જોવામાં આવે છે. ઇ.૧૮૩૦માં એક ઉઝબેક સરદાર આ તરફ આવ્યો હતો. એ માર્કોએ લખેલી ખાણો ખાલી જોઇને હતાશ થઇને પાછો ગયો. અને અહીંના લોકોને પકડી ગુલામ તરીકે વેચી નાખ્યા.

માર્કોને આ પ્રદેશમાં માંદગીને કારણે એક વર્ષ સુધી રહેવું પડેલું એટલે અહીંનું વર્ણન તેણે વિસ્તારથી કર્યું છે. એશિયાના કિનારાની માહિતી તરીકે માર્કોએ કરેલી એ નોંધ દુનિયા પાસે સૈકાઓ સુધી રહી હતી. આ નોંધમાં સિકંદરના ઘોડાઓની ઓલાદના ઘોડાઓ વિષે, સેંકડોનાં ટોળાંમાં ફરતાં ઘેટાંઓ વિષે, શકરો બાજ અને એવાં બીજાં શિકારી પક્ષીઓ વિષે, બદામપિસ્તાંનાં ઝાડ વિષે અને તે પ્રદેશની જંગલી જાતો વિષે સુંદર વર્ણન માર્કોએ કર્યું છે.

કાશ્મીર અને તેની દક્ષિણ તરફના મુલકનું માર્કોને બહુ જ અધૂરૂં જ્ઞાન હતું. આ મુસાફરો લાલારૂખ સુધી પણ નહોતા પહોંચ્યા, છતાં આ તરફના જાદુગરોની મેલીવિદ્યાની જે કાંઇ વાતો સાંભળી તે તેમણે નોંધી લીધી લાગે છે. બૌદ્ધ વિહારમાંનાં તેમજ બ્રાહ્મણોનાં તપસ્વી જીવન વિષે પણ માર્કોએ આબેહૂબ વર્ણન

આપ્યું છે. ભૂગોળનો ખ્યાલ તેને ઠીકઠીક હતો તેથી તે લખે છે કે આ તરફનાં ગામડાં અને શહેરોની આસપાસ ઘાડાં જંગલો, રણપ્રદેશ અને પર્વતમાળાઓ હોઇને લોકો પોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપીને સહેલાઇથી સ્વાતંત્ર્ય જાળવી શકે છે. હિમાલય તરફ પરવાળાંનો થતો અનહદ ઉપયોગ જોઇને માર્કોનાં વેપારી મગજે એમ નક્કી કર્યું કે યુરોપથી આવતાં પરવાળાંની ખપત બીજા દેશો કરતાં આ પ્રદેશમાં વધુ સારી થઇ શકે. આજે પણ આપણે જાણીએ છીએ કે હિમાલય તરફના લોકો પરવાળાંના શણગાર સજે છે. પામીરનાં ઘેટાં વિષે માર્કો લખે છે કે એનાં શીંગડાં છ ફૂટ લાંબાં હોય છે અને ભરવાડો એ શીંગડાંમાંથી પ્યાલા બનાવે છે તેમજ ઢોરની કોડની વાડ બનાવવા માટે પણ તેનો ઉપયોગ કરે છે. પાંચ સૈકા પછી કૅપ્ટન જૉન વૂડે મુસાફરી કરતાં આ વર્ણન અક્ષરશઃ સાચું છે એમ જણાવ્યું છે.

માર્કોને પામીરના ઉચ્ચ પ્રદેશ પર આવતાં જણાયું કે જમીન ઉપર પાણીને અગ્નિથી જે ગરમી મળે છે તેટલી ગરમી અહીં આટલી ઉંચાઇએ નથી મળતી, તથા ખોરાક પણ બરાબર પકવી શકાતો નથી અહીં પાણી ૮૦ અંશ ગરમીએ ઊકળવા માંડે છે અને તેથી આ ઊકળતું પાણી હોવા છતાં તેમાં ખોરાક રાંધી શકાતો નથી. પામીરમાં આમ પાણી ઊકળવા છતાં ખોરાક રંધાતો નથી એ જોઇને જૂના જમાનાના લોકોને બહુ નવાઇ લાગતી.

પામીરથી ઊતરીને આ મુસાફરોએ યારકન્દ, સમરકન્દ, કાશ્ગર, કેરિયા વગેરે પ્રદેશો જોયા. ત્યાંથી ગોબીનાં રણ વિષે અનેક વિચિત્ર વાતો સાંભળતા તેઓ ચરચન થઇ લબનોર રસ્તે ગોબીનાં રણને પેલે પાર પહોંચ્યા. આ રસ્તો પસંદ કરવાને બદલે રણની આરપાર જવાનું તેમણે પસંદ કર્યું હોત તો માંડ એક વર્ષે આખું રણ વટાવી શકાયું હોત.

(ચાલુ)

વેણીલાલ બૂચ

કાળભૈરવ

અનુસંધાન પૃ.૧૨૯થી

ઠીકથી હવામાં અદ્ધર ઉછાળ્યો અને બીજા બેને ભોંય ભેગા કરી તે પાછો વળ્યો.

બીજે દિવસે ગામનું પંચ ભેગું મળ્યું. બધાં દૂર ટેકરી ઉપરના મંદિરમાં ગયાં. લામાએ ધીરજથી તેમની વાત સાંભળીને કહ્યું કે ગેંડાને ભૈરવનો આવેશ આવ્યો છે. તેણે સૌની પાસેથી થોડાથોડા દાણા લઇ 'ॐ मणिपद्म'ના દોરા કરી આપ્યા અને એ પહેરનારને કાળભૈરવ બીલકુલ ઇજા નહિ કરી શકે એવી ખાત્રી આપી.

રામબલિએ તો મૌન જ સેવવું પસંદ કર્યું. બીજે દિવસે છટકાની જગ્યાએ જઇને જોતાં તેને સ્થિતિ સમજતાં વાર લાગી નહિ. તેણે હમણાં એ વાત ટાઢી પડવા દેવામાં ડહાપણ જોયું.

થોડા દિવસ જવા દઇ ફરી બેત્રણ વખત એણે છટકાં માંડી જોયાં. પરંતુ ક્યાંક પથ્થર ભારે નહિ બાંધેલો હોવાથી, ક્યાંક ચામડાની દોરી મજબૂત નહિ હોવાથી, તો ક્યાંક ઝાડની ડાળી મજબૂત નહિ મળવાથી ધાર્યું પરિણામ આવ્યું નહિ અને કાળભૈરવ તથા ગેંડીને ઉઝરડા સિવાય બીજી ઇજા થઇ નહિ.

પરંતુ આ વારંવારના અત્યાચારોથી કાળભૈરવનો રોષ વધતો ગયો. હવે તો તેને માનવજાતિનું નિકંદન કાઢવાનો જ આવેશ ચડી આવ્યો. ફરી સાંતલનાં ઝૂંપડાં આ જીવના એન્જિને છૂંદી નાખ્યાં. ઘણા ગ્રામવાસીઓનો કચ્ચરઘાણ વળી ગયો. અને એક વાર એના ગુસ્સામાંથી બચવા એક ગોવાળિયો ઝાડ ઉપર ચડી ગયો એની ગાય તથા વાછરડાંઓને તેણે છૂંદી નાખ્યાં.

ફરી પંચ ભેગું થયું. ફરી સૌ લામા પાસે ગયા. તેણે છોભીલા પડીને કહ્યું કે મારા દોરાધાગા ભૂતપ્રેત સૌ સામે ચાલે છે, પરંતુ આ ભૈરવ બહુ જબરદસ્ત છે અને મને દાદ દેતો જણાતો નથી. માટે સૌથી સારો ઉપાય એ છે કે સૌ મળી ગેંડાને જો ભાલાઓથી મારી નાખો તો ભૈરવને રહેવાનું ઠેકાણું જે એનું શરીર તે નષ્ટ થવાથી પોતે ભાગી જશે. એ સિવાય બીજો એનો ઉપાય નથી.

પરંતુ આ ઉપદ્રવનું મૂળ જે રામબલિ તે શાંત બેસી રહે તેમ નહોતું. તેનું મગજ ચાલુ યુક્તિઓ શોધ્યા જ કરતું હતું. પોતે પોતાની ધૂનને ખાતર જે શરૂ કર્યું તેમાંથી વાત વધી, ગામના ઉપર આફત આવી પડી અને પોતે ઉપરાઉપરી પોતાના પ્રયત્નમાં પાછો પડ્યો એટલે તે જીદ્દે ભરાયો, વળી પોતાના જેવો શિકારી

જીવતો છતાં ગામને શા માટે ચિંતા અને ભય રહેવાં જોઇએ એમ તેનું અભિમાન ઊછળી ઊઠ્યું. તેણે એક તીક્ષ્ણ, મજબૂત અને ભારે ભાલો તૈયાર કર્યો. હરણના જાડા ચામડાની સાથે ભારેમાં ભારે પથ્થર બાંધી છટકું કર્યું. હવે તો કાળભૈરવનું જરૂર આવી બન્યું.

વારંવારના હુમલાથી ગેંડો અને ગેંડી હવે સાવધ રહેતાં. ચરવાનું અને પાણી પીવાનું પણ તેમણે હવે રાત્રે રાખ્યું અને બહાર નીકળતી વખતે બચ્ચાને આગળ રાખી તેના રક્ષણ માટે પોતે પાછળ ચાલવા માંડયું. બચ્ચું હવે મોટું થયું હતું. ગેલમાં આવી તે જરા આગળ નીકળી ગયું. તેને આવકાર આપવા છટકું તૈયાર હતું. જેવો તેનો પગ લાકડાની કમાન ઉપર પડ્યો કે ભયંકર ભાલો ભારે અવાજ સાથે તેની ગરદન ઉપર ખૂબ જોસથી પડ્યો. બચ્ચું નીચે ઢળી પડ્યું.

તરત ગેંડી દોડી આવીને બચ્ચાને ચાટવા લાગી અને ખૂબ પ્રયત્નો કરી તેને ઉઠાડવા લાગી. ધીમે-ધીમે ઘુરઘુરાટ કરી બચ્ચાને બોલાવવા, ફોસલાવવા અને ઊભું થવા કરગરવા માંડી. તેની આંખમાંથી આંસુ વહેવા માંડ્યાં. ઝીણી તીણી ચીસો નાખતી તે આક્રન્દ કરવા માંડી. કાળભૈરવના મંદ મગજમાં આ બનાવથી વધારે બહેરપ આવી. તે સુસ્ત થઇ બચ્ચા તરફ ટગર-ટગર જોઇ રહ્યો. તેને કાંઇ સમજાયું નહિ.

થોડી વારે ગેંડીએ બચ્ચાને ઉઠાડવાના પ્રયત્નો કરવા મૂકી દીધા. તે તેની પાસે બેસી ચોકી કરવા માંડી. ગેંડો પણ પોતાનું ડોકું ઊંચું કરી ચારે તરફ સૂંઘવા માંડ્યો અને પછી પોતાની સહચરીણી પાસે ચોકી કરવા બેઠો.

આ બાજુ, ગ્રામવાસીઓએ આખી રાત હુમલાની તૈયારીમાં ગાળી. ચોરાના ચોકમાં મોટું તાપણું કરી, તેની આસપાસ ભાલાં ઘસતા, અને આવા જૂના પ્રસંગો સંભારી પરસ્પરને પાનો ચડાવતા સૌ ઉત્સાહભેર જાગતા બેઠા અને સવારમાં પો ફાટતાં પહેલાં જ ગેંડાની શોધમાં નીકળી પડ્યા. તળાવડી પાસે ગેંડાનાં પાછાં વળતાં પગલાં જોવામાં આવ્યાં. તેનું પગેરું કરતા સૌ ધીમાધીમા ચાલવા માંડ્યા. જેમજેમ જંગલ ઘાડું થતું ગયું તેમતેમ રાત્રે એકઠી કરેલી હિંમત ઓસરતી ગઇ ને પગ પાછા પડવા લાગ્યા. અંતે ગેંડાના રહેઠાણ તરફ જતી કાંટાળી કેડી પાસે સૌ અટકી ગયા. થોડે દૂર મરેલા બચ્ચાના શબ ઉપર ગીધો ઉજાણી કરતા દેખાયા. એની પીઠ એક વજનદાર પથ્થર સાથે બાંધેલા ભાલાથી વીંધાએલી હતી. સૌ અવાક્ થઇ જોઇ રહ્યા.

હવે રામબલિ આગળ આવ્યો. ગામને ત્રાસરૂપ થઇ પડેલા કાળભૈરવનો નાશ કરવા પોતે છટકું માંડ્યું હતું, પરંતુ ગેંડાને બદલે તેનું બચ્ચું સપડાઇ ગયું એમ ફુલાઇને કહેવા માંડ્યો અને પોતાની વાતમાં મીઠું-મરચું ભભરાવી ગામના બચાવનાર તરીકેનો તેણે દાવો રજૂ કર્યો. પણ આ રસિક અહેવાલ સાંભળવામાં ગુલતાન થએલા ગ્રામવાસીઓની તંદ્રા એક ભયંકર ઘણઘણાટી-થી બીજી જ પળે ઊડી ગઇ.

જોતજોતાંમાં ગેંડા અને ગેંડીની બે ટીંકોના ભોગ થએલા બે ગ્રામવાસીઓનાં શરીર છૂંદો થઇ જમીન પર ઢળ્યાં. ટોળામાં ભંગાણ પડ્યું અને જેને જેમ ફાવ્યું તેમ સૌ આસપાસનાં બાવળનાં ઝાડ ઉપર ચડી ગયા. કાંટા તો કયાં વાગે છે તેની પણ આ વેળા ખબર પડે ખરી?

કમકમાટીભર્યો દેખાવ થઇ રહ્યો. બે રાક્ષસી ગેંડા ગાંડાતૂર થઇ ચારે તરફ ફૂંફાડા અને છીંકોટા નાખતા ઘૂમી રહ્યા હતા અને આસપાસનાં બાવળનાં ઝાડોની ડાળીઓ ઉપર ગામડિયા જુવાનો ભર તડકામાં ચિત્ર-વિચિત્ર દશામાં લટકતા જોવામાં આવતા હતા. એમનાં શરીરોમાં કાંટા ભોંકાયા હતા. ભરબપોરના સૂર્યનાં સીધાં કિરણો તેમની ચામડીમાં જાણે સોંસરવાં ઊતરતાં હતાં. પ્રાણપણે ડાળીઓ ઝાલીને બિચારા ગામડિયાઓએ જાણે ઝાડને મડાગાંઠ વાળી હતી. નીચે પડે તો તો મૃત્યુના સાક્ષાત મુખમાં જ પડવા જેવું હતું.

આખરે ઉનાળાના તીખા તડકામાં દોડીદોડી ગેંડા-ઓ પણ થાકયા અને ન છૂટકે શિકારને મૂકી પોતાના રહેઠાણ તરફ ઊપડી ગયા.

લાકડાં જેવા થએલા જડ હાથોથી શરીરમાંથી શૂળો કાઢતાકાઢતા ગ્રામીણો ત્યાંથી જીવ લઇ નાઠા. હવે તેમના હાથમાં એક જ ઉપાય હતો. પોતાનું રાચરચીલું અને જનાવરો લઇ આ ગામમાંથી તેમણે હિજરત કરી અને દસ માઇલ દૂર આવેલા બીજા ગામમાં જવા ઉપડ્યા.

પણ હજી રામબલિને ચેન પડતું નહોતું. ગેંડાના શિકારની પોતાની ધૂની વાસનાએ હવે તેને ગાંડો કરી મૂક્યો હતો; તેની સ્વાર્થી મહત્ત્વાકાંક્ષાને કેટલો મોંઘો બલિ આપવો પડ્યો હતો તેનો વિચાર તેને આવતો ન હતો. તેની નજર આગળ તો છટકી ગએલો

ગેંડો જ રમી રહેતો હતો. ફરી તેણે ખરી મહેનત લઇ ભાલાનાં મોટાં નવાં ફણાં બનાવ્યાં અને હરણના તાજા ચામડાની મજબૂત વાધરીઓ કાપીને તૈયાર કરી. કાળભૈરવના નવા રસ્તા ઉપરના એક મજબૂત ઝાડની ડાળીમાં મોટા પથ્થર સાથે ભાલો બાંધ્યો. નીચે વાંસ બાંધી યુક્તિ અને સફાઇથી છટકું તૈયાર કર્યું. આ વખતે તો ઝીણામાં ઝીણી બાબતની સાવચેતી લેવાઇ હતી.

પરંતુ ઇશ્વરની ગતિ અકળ હતી. બન્યું એવું કે એક સાબરની પૂંઠે પડેલા એક વાઘનો પગ એ છટકા ઉપર પડ્યો અને ગેંડાની કાંધને બદલે વાઘની પીઠ ભાલાનો ભોગ થઇ પડી. વાઘે મરણગર્જના કરી. તેણે રોષથી જમીન ઉપર પંજા ઉઝરડ્યા. પણ ભાલો તેની પીઠ વીંધી સોંસરો નીકળી ગયો હતો.

મરણની વેદનાથી વ્યાકુળ વાઘે પછાડા મારતા ત્યાંથી નાસવાનો પ્રયત્ન કર્યો પણ ઘસડાઇને થોડે દૂર ઝાડીમાં પહોંચતાં તો તે તમ્મર ખાઇ પડ્યો.

પ્હો ફાટતાં રામબલિ પોતે માંડેલી સુરંગનું ફળ જોવા આવ્યો. દૂરથી ગીધો ઊડતાં જોઇ આ વખતે તો જરૂર શિકાર સપડાયો એવા આત્મસંતોષથી તે રાચવા લાગ્યો. પણ થોડે જ દૂર જતાં બાવળ અને થૂવરની ઘટાટોપ ઝાડીમાં ગીધો અને શિયાળવાંઓએ ચૂંથી કાઢેલું વાઘનું મુડદું જોતાં તે નિરાશ બની ગયો.

એટલામાં તો પાછળથી ન ભુલાય એવો સુસવાટો સાંભળ્યો. એ વીજળીની ઝડપે પાછો વળ્યો. અને આડી જતી એક કેડીમાં પવનવેગે તે દોડ્યો. ભાલાના સ્પર્શવાળી પેલી પરિચિત ગંધ પરથી તેની ગંધ બરોબર કાળભૈરવના નાકમાં ગઇ હતી. વેરથી ગાંડો થઇ તે પોતાના શત્રુની પૂંઠે ધસ્યો. એટલામાં કેડીમાં જ દૂર રામબલિએ બાવળનું એક મજબૂત ઝાડ જોયું. તેને જીવનની આશા આવી.

ધરણી ધમધમાવતા થાંભલા જેવા પગોનો ભારે ધણધણાટ હવે તદ્દન નજદીક આવ્યો હતો. ભયે રામબલિના પગમાં નવું બળ પૂર્યું. હવે તો બસ એક જ કૂદકો અને ઝાડની ડાળીઓ તેના હાથમાં!

પણ ત્યાં તો તેના પગનાં આંગળાં સાથે કાંઇક અથડાયું, કંઇક છટકવાનો અવાજ આવ્યો અને નિમેષ માત્રમાં પથ્થરના વજનવાળો ભાલો તેના જમણા ખભામાં ઊંડો ઊતરી તેને જમીનદોસ્ત કરતો નીચે પડ્યો! તેના માંડેલા એક જૂના છટકાએ જ તેનો ભોગ લીધો હતો.

આ જોઇ કાળભૈરવ ચમક્યો. ઊંચેથી ભારે ચીજ પડી ઇજા થવાનો અનુભવ તેને નવો નહોતો. માણસની ગંધ પણ ત્યાં હતી અને દોડતા માણસને જ કાંઇક થયું હતું. તેના મગજમાં કાંઇ સમજાયું નહિ. તીણી ચીચીઆરી પાડી તેણે ફૂંફાટા માર્યા અને પછી ભયભીત થઇ પોતાના આવાસ તરફ ભાગ્યો.

(અંગ્રેજી ઉપરથી) **ડુંગરશી ધરમશી સંપટ**

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

આ મહીને હરીફાઇમાં આવેલા ફોટોગ્રાફોનો ફાળો સારો છે. વિષયની વિવિધતા પણ ઠીક ગણાય. કૅમેરાની મદદથી ઉપજાવાતા ફોટોગ્રાફોના બે વિભાગો પાડી શકાય. (૧) ચિત્રાત્મક (કલામય) Pictorial. (૨) વર્ણનાત્મક record. ફોટોગ્રાફીની આ હરીફાઇમાં મુખ્યત્વે ચિત્રાત્મક ફોટોગ્રાફીનાં તત્ત્વો પર લક્ષ્ય અપાય છે. તેના પેટા વિભાગોમાં પોર્ટ્રેચર (માનવ છબી), પદાર્થચિત્ર, ટેબલટૉપ (કૃત્રિમ દૃશ્ય), કુદરત, મહોલ્લાના તથા નગરજીવનના દેખાવો અને સ્થાપત્યની ફોટોગ્રાફીનો સમાવેશ થાય છે. શિખાઉ ઉમેદવારો ઘણુંખરું માનવછબીઓ તરફ આકર્ષાય છે. દૃશ્ય ફોટોગ્રાફી તો સેંકડે એક ટકા જેટલા કરતા હશે, કારણકે પાડનારની આંખ દૂરદૂરના અંતરે રચાએલી સૃષ્ટિ જોવા ટેવાઇ હોતી નથી તેથી તે લેવા તે લલચાતો નથી. હવા, પ્રકાશ, ઝાડપાન કે ખંડેરોમી રચાતું વિવિધ વાતાવરણ સમજવા તથા ફોટોમાં ઉતારવા માટે શોખ, નિરીક્ષણ ને અનુભવની જરૂર છે.

ભાઇ મહાદેવ (ભાવનગર)ના 'ગુપ્ત પ્રયાગ પ્રભાસ પાટણ'ના દૃશ્યને પહેલું ઇનામ મળે છે. ઘેઘૂર જામેલાં ઝાડો અને વચ્ચે જળકુંડ કુદરતનો એકાંત ગંભીર ખૂણો રજુ કરે છે. એક લાક્ષણિક પ્રાચીન ભારતીય દૃશ્ય તરીકે પણ આ ચિત્રની કિંમત છે. માત્ર અંદરની માનવ આકૃતિઓ માટે જરા યોજના કરી લીધી હોત તો ચિત્રની ખૂબી ઓર વધી જાત. કુંડના આગળના પરથાર પર જે પાત્ર છે તેને વચ્ચે બેસાડી પરિસ્થિતિમાં ભળે એવો અભિનય આપવાનું બની શકત.

પ્રતાપરાય શાહ (ખાર-મુંબાઇ)ના 'ગ્રામ્ય શાંતિ'ને બીજું ઇનામ મળે છે. ગામની ભાગોળે હવાડે પાણી પીતી ભેંસોમા ગ્રામ જીવનની બેપરવાઇભરી નીરાંત દેખાય છે. હવાડાની પાળ અને ત્રણે ભેંસોની ગોઠવણ સહજ મેળ ખાતી બની છે. ફોટોગ્રાફીની ક્રિયા પણ સારી છે. ત્રીજું ઈનામ પ્રાણલાલ પટેલ (મણિનગર–અમદાવાદ)ને તેમના 'નાની મા'ના ચિત્ર માટે મળે છે. ડોશી અને ઘંટી ઉભયનો જગજૂનો સંબંધ કઇંક સુખ-

(અનુસંધાન છેલ્લા પાના સામેના પૃષ્ઠ ઉપર)



મધુકરી

મને સ્પર્શો શાને, કિરણકણિકાઓ? દૂર રહો,
દબેલી રહેવા દો તિમિરપડમાં, છેડ ન કરોઃ
નથી મારે આજે તમ ઝળકમાં નર્તિત બની
બીડાયેલું હૈયું ઘડીક ખીલવી ભગ્ન કરવું.
. . .   .
ખીલું અત્યારે શું, પર્ણદ્વિપળમાં સાંધ્ય સમયે
ખરી જવા? ના, નાઃ જીવનભર છો હું કળી રહું.

—નંદલાલ જોશી

સ્ટીરીઓટાઇપિંગ (છાપપાટી)નો શોધક વિલિયમ ગેડ

*** જેને 'પાયામાં પુરાએલા પથ્થર' કહી શકાય એવાં માનવરત્નોનાં, છેલ્લા બે અંકમાં આવેલાં (વિન્ટર્ટનલી અને કૅાસ્ટરનાં) જીવનચિત્રોમાં આ એક ઉમેરો– કરુણ તેટલો જ વીરત્વ ને દૃઢતાભર્યા ઉદાહરણનો.

મુંબાઇ-કલકત્તા જેવાં મોટાં શહેરોમાં વસનારા કેટલાક જણ સિવાય ભાગ્યે જ કોઇએ આ દૃશ્ય જોયું હશે; પણ જેણે જોયું હશે તે તો આશ્ચર્યથી દિગ્મૂઢ થઇ ગયા હશે કે આઠ આઠ મોટા જંગી કાગળના વીંટાઓમાંથી નીકળીને, પનાબંધ કાગળનો અખંડ પટ, ધમધમાટ કરતા વિશાળકાય સંચાઓના પેટાળમાં પેસી, પલકવારમાં તો બંને બાજુ છપાઇ, કપાઇ, ઘડી વળાઇ બીજે છેડે દસ કે વીસ (અને વિલાયતમાં તો ત્રીસ, ચાળીસ કે સાઠ) હજાર નકલોને રૂપે ઢગલો થઇને પડે છે!

કલાકની હજારો નકલોની ગતિએ, પાનાંઓ પર પાનાંઓ છાપતા ધડધડાટ કરતા આ સંચાઓનાં વેગભેર ફરતા રોલરોની નીચે છાપવાનાં છુટાંછુટાં બીબાં ગોઠવેલાં હોય તો તો ક્ષણવારમાં તેનો ભુકડો વળી જાય અથવા ફુરચા ઊડી જાય. કણકણ કરીને ગોઠવેલાં છૂટાં બીબાંનું કંપોઝ આ ગતિ નીચે લેશમાત્ર સલામત નથી. આથી એવા સંચાઓ માટે બીબાં ગોઠવેલી મૂળ પાટી ઉપર ધાતુ ઢાળીને તેની છાપપાટીઓ તૈયાર કરવામાં આવે છે. આ છાપપાટીઓને 'સ્ટીરીઓ પ્લેટો' કહે છે.

આ સ્ટીરીઓટાઇપિંગની પદ્ધતિની શરૂઆત ક્યારથી થઈ એ જાણવા માટે આપણે બસો કરતાં વધારે વર્ષના ભૂતકાળમાં નજર કરવી પડશે આજની મુદ્રણકળાને વેગીલી પાંખે ઉડાડનાર આ હુન્નરની શોધકથા, એક પિતાપુત્રની બેલડીનાં સ્વાર્પણની અને સ્વગતના સમર્થન કાજે અપાએલા આર્ણાર્પણની એક ઉજ્જ્વલ ગાથા છે.

ઇસુની અઢારમી સદીની શરૂઆતમાં સ્કૅાટલંડના એડીનબરો શહેરમાં વિલિયમ ગેડ નામનો એક સાધનસંપન્ન સોની રહેતો હતો એનો છોકરો એક છાપનારને ત્યાં શિખાઉ તરીકે કામે જતો હતો. દિવસભરનું કામ પૂરું કરી જ્યારે રાત્રે બાપદીકરો ભેગા થતા ત્યારે તેઓ છાપકલા અને બીબાં ગોઠવણીના ધંધા વિષે ચર્ચા કરતા. કેવી રીતે ધાતુનું દરેક બીબું તેના ખાનામાંથી છૂટુંછૂટું લેવાતું અને પછી એક લાકડીની ખાંપમાં એક લીંટી કે ફકરો પૂરો ગોઠવાય એમ એ બધા કેવી રીતે મૂકાતાં અને ત્યાર પછી એક પાના કે ફરમા જેટલું વસ્તુ એક પાટીમાં સમાય એટલી એ ગોઠવેલી લીંટીઓ મૂકી, એ પાટી બરાબર સજ્જડ કરી, એને કેવી રીતે સંચા પર ચડાવવામાં આવતી, અને છપી લીધા પછી એ બીબાં છોડીને પોતપોતાનાં ખાનામાં નાખી ફરી બીજું લખાણ કેમ ગોઠવાતું, એ સઘળુ જુવાન જેઇમ્સે પોતાના બાપને સમજાવ્યું હતું.

વડીલ ગેડને આ સઘળી ક્રિયા ધીમી, કંટાળાભરેલી અને નકામી ભાસી. પહેલવહેલો તો એને એવો તુક્કો સૂઝ્યો કે ઘણા જ વિપુલ જથ્થામાં બીબાં રાખ્યાં હોય તો આ કડાકૂટ ટળે. પણ એ જમાનામાં આ બાબત ઘણી મોંઘી હતી. વળી, બીબાં માટે વપરાતી ધાતુ નરમ હોવાથી, બીબાં જલદીથી ઘસાઇ જાય, એટલે કોઈ પણ ચોપડીની ઘણી નકલો છાપવાની હોય ત્યારે ઘણા ફરમાઓ ગોઠવવા પડતા.

વિલિયમ ગેડે પોતાના ફળદ્રુપ ભેજાને કસ્યું અને પરિણામે પાનાંનાં પાનાંઓની છાપપાટી ઢાળી રાખવાનો તુક્કો શોધી કાઢ્યો આ શોધનો ઇ. સ ૧૭૨૫માં તેણે સર્વોત્તમ હક્ક (પેટંટ) મેળવ્યો. છાપકલાની દુનિયામાં આ શોધે ભારે સનસનાટી ફેલાવી દીધી. મુદ્રણકલાની શરૂઆતમાં જેમ લહીઆઓએ નવા છાપખાના સામે મોરચા માંડ્યા હતા, તેમ હવે છાપખાનાંવાળાઓએ પોતાના ધંધામાં દાખલ થએલી આ સ્ટીરીઓટાઇપિંગની પદ્ધતિને પોતાની હુન્નરકળા માટે દહેશતરૂપ ગણી. આ સ્ટીરીઓટાઇપિંગથી છાપામણી સોંઘી થશે, એટલે

દરેક જાતના છાપકામની માગણી વધશે અને પરિણામે પોતાના જેવા મુદ્રાયોજકોને ઘણું કામ મળશે, એવું વિચારવાની લાંબી નજર હોય તો એમનામાં ક્યાંથી હોય ? એમનો તિરસ્કાર એટલો તો ભયંકર હતો કે ગેડને પોતાના અખતરાઓ પણ ચોરી-છૂપીથી કરવા પડતા.

પોતાની આ જીવનધૂન પાછળ વધુ ધ્યાન આપી શકાય એવા ઇરાદાથી ગેડ પોતાના પરંપરાગત સોનાર કામ તરફ બે-પરવા બન્યો, અને થોડા જ સમયમાં એને પોતાની નાણાંની મુશ્કેલી સમજાઈ. આવી સ્થિતિમાં પોતાના વફાદાર દોસ્તોની સહાયતાથી જ એ પોતાનું કામ આગળ ચાલુ રાખી શક્યો.

છેવટે એણે જેઇમ્સના શેઠને વીનવી સમજાવ્યો કે એણે પોતાના સઘળા કંપોઝીટરોના ઘેર જવા બાદ, પોતાની દુકાન-મા ગેડને એના અખતરાઓ કરવા દેવા. કોઇને શંકા કરવાનું કશું યે કારણ ન રહે એટલા માટે જેઇમ્સ પણ વખતસર કામેથી ઘેર વળતો અને રાત પડયે શેઠની દુકાને પાછો ફરતો. એ નિર્જન દુકાનની શાંતિમાં કામ કરીને છૂટાં બીબાંનો એક ફરમો ગોઠવી જેઇમ્સ પોતાના બાપ પાસે લઈ ગયો.

અને પછી વિલિયમ ગેડે પોતાની સોનારની દુકાનમાં છુપાઇને એ બધા યે બીબાંના ખૂણેખૂણા રેણ દઇદઇને એક સાથે જોડયા. આશરે હજારેક બીબાંના ખૂણેખૂણા સાથે સાંધવાનું કામ કેટલું નીરસ અને કંટાળાભરેલું હશે ?

એ કંટાળાભરેલું કામ પૂરૂં થયા બાદ પેલો રેણ કરેલો ફરમો પાછો છૂપીરીતે છાપવાને લઇ જવામાં આવ્યો. રાત્રિના ઘોર અંધકારમા ગેડ અને એના છોકરાએ ભીની માટીમાં એની છાપ લીધી. પછી માટીના એ ઢાળાને પકવવા માટે ભઠ્ઠીમા મૂકવામાં આવ્યો છેવટે બીબાંની ગાળેલી ધાતુ એમાં રેડવામાં આવી. આ પ્રમાણે પહેલવહેલી સ્ટીરીઓટાઇપની પાટી બનાવવામાં આવી એ એક અપૂર્વ સાફલ્યટાણું હતું.

ગેડની એ પહેલવહેલી સ્ટીરીઓટાઇપ પાટીઓ વડે કેમ્બ્રિજ-ની વિદ્યાપીઠ તરફથી બે પ્રાર્થના પુસ્તકો અને અને સાલુસ્ટની એક આવૃત્તિ છાપવામાં આવી હતી. પરંતુ સાહસની દૃષ્ટિની ખામી અથવા તો પોતાના કારીગરોના ડરને લીધે એડીન-બરોના છાપનારાઓએ એની શોધને અપનાવી નહિ.

આખરે વિલિયમ ગેડે સ્કૉટલંડની સીમાપારથી સહાયતા મેળવવાનો મનસૂબો કર્યો લંડનના એક લેખનસાહિત્ય વેચ-નાર મિ. જેનર અને એક બીબાં પાડનાર મિ. ટૉમસ જેઇમ્સ સાથે એ ભાગીદારીમાં જોડાયો પરંતુ આ ભાગીદારી કમનસીબ નીવડી અને ભાંગી પડી વિલિયમ ગેડ ફરીવાર વલખાં મારતો એકલો પડ્યો.

વલંદા છાપનારાઓ વધારે સાહસિક હતા. ગેડની શોધનો સર્વોત્તમ હક્ક (પેટંટ) પોતાના દેશ સારૂ વેચાતો લેવા માટે લલચાવતી માગણીઓ સાથે ફરીફરી તેઓ એની પાસે ગયા. પરંતુ સ્વદેશાભિમાનના સિદ્ધાંતવાદી ગેડે એ સર્વ દૃઢતાથી નકારી ખઢેલતાં તો દરેકે એના આ સ્વદેશાભિમાનના જોસ્સાની કદર કરવી ઘટે, પરંતુ જે દેશીઓએ એને લગીર પણ સહાય આપવા નકાર્યું તેમના પ્રત્યે મૂર્ખાઈભરી વફાદારી દાખવી પોતે દરિદ્રી બન્યો અને આ હુન્નરની પ્રગતિનો વિકાસ અટકાવ્યો, એ એના ડહાપણની ખામી સામે ઘણા હસ્યા છે.

અંતે, જીવનનાં કંટાળાભર્યાં ચોવીસ વર્ષો સુધી બ્રિટનના છાપનારાઓને સ્ટીરીઓટાઇપિંગ અપનાવવા માટે ઉત્તેજિત કરવાનું વેતરૂં કરતો, વેપારી અદેખાઇને અંગે સફળતાની ખામી તથા છાપગરોમાં લગીર પણ નરમ પડયા વગરના વિરોધને વેઠતો એ ભગ્નહૃદયી શોધક ૫૯ વર્ષની વહેલી વયે ૧૮૪૯ની ૧૯મી ઑકટોબરે ગરીબાઇમાં જ બેહિસ્તનશીન થયો.

બાપની શોધને આગળ વધારવા એના દીકરા જેઈમ્સ ગેડે પણ ઘણી જહેમત ઉઠાવી, પરંતુ કંઇ જ વધુ સારૂં પરિણામ ન આવ્યું. ડગલે ને પગલે હાર અને નિરાશા મળતાં આખરે એ પણ નાસીપાસ થઈ ગયો. એણે જહેમત લેવી મૂકી દીધી અને સ્વદેશ તજી એ જમાઈકા ગયો, અને ત્યાં મિત્રવિહોણો ગરીબાઈમાં આ ફાની દુનિયા છોડી ગયો. (અંગ્રેજી ઉપરથી)

મહારાષ્ટ્ર પૈસાફંડ

*** ત્રેવડ અને વ્યવહારદૃષ્ટિના મૂર્ત સ્મારક સમી પચીસ વરસ પહેલાંની આપણા દેશની એ સમર્થ યોજના વિષે આપણે એટલું ઓછું જાણ્યું છે કે આજે એની સફળતાની નોંધની કથા આશ્ચર્યકારક તેટલી જ કર્તવ્ય-પ્રેરક લાગે છે.

અસલી દાદાજી અને દાદીમાની વાર્તાઓમાં વાણિઆની કરકરાર, ત્રેવડ, સાહસ અને ઉદારચરિતને લગતું કેટલાંક બોધક તત્ત્વ સાંભળવા મળતાં. આવી એક વાર્તામાં એક પ્રસંગ એવો યોજવામાં આવ્યો છે કે કોઇ એક નિર્ધન અવસ્થામાં આવી પડેલા વ્યવહારૂ, સાહસિક, ઉદારચરિત વણિક દંપતીને નગરચર્યા જોવા નીકળેલો રાજા વાતો કરતાં સાંભળે છે, અને 'મારી પાસે જો એક પૈસો હોય તો પરમ દિવસે આખા ગામને ધુમાડા-બંધ જમાડું એવું એ વાણીઆનું બોલવું સાંભળી, અજાયબી પામી તેની વચનસત્યતા પુરવાર કરવાના ઇરાદાથી રાજા તેના બારણાની ફાટમાંથી એક પૈસો ગબડાવીને જતો રહે છે. બીજે દિવસે વાસીદું કાઢતાં વણિક બાઇને પૈસો મળે છે અને એ પોતાના ધણીને આપી ગઈ રાતનું એનું કહેવું સાબિત કરી આપવા જણાવે છે. તાંબાનો એ પૈસો લઇને ગણત્રીબાજ વાણીઓ શરાફને ત્યાં જાય છે અને એક રૂપિયાનું એક દિવસનું એક પૈસો વ્યાજ કબૂલી પોતાની પાસેનો પૈસો પહેલેથી વ્યાજ તરીકે આપી દઇ રૂપિયો ઉપાડે છે અને બીજા શરાફને ત્યાં એ જ દર નક્કી કરી પેલો રૂપિયો વ્યાજમાં આપી ચોસઠ રૂપિયા ઉપાડે છે. આ રીતે આખું ગામ ધુમાડાબંધ જમાડી શકાય એટલા ખર્ચજોગા રૂપિયા ભેગા થયા ત્યાં સુધી એકએક શરાફને ત્યાં પાસેના રૂપિયા વ્યાજમાં મૂકી તેની ઉપર ચોસઠ-

ચોસઠ ગણા રૂપિયા રૂપાડતો એ વાણીઓ સાંજ પહેલાં તો સારા યે ગામને વળતે દિવસે પોતાનો ત્યાં જમવા આવવાનું નોતરૂં આપી ઘેર આવે છે અને વળતે દિવસે ગામ આખાને ધુમાડાબંધ જમાડી રાજાની મહેરબાનીથી પોતાનું દેવું ચૂકવી દે છે.

ગઈકાલની આ વાતને આજે કોઇ ગપ્પું યે માને; પરંતુ બંગભંગની ચળવળના દિવસોમાં સ્વદેશીના પ્રચારની યોજના પૂર જોસમાં વિકાસ પામી રહી હતી એ જમાનામાં નાણાંની તંગીવાળા મહારાષ્ટ્રમાં સ્વદેશી ઉદ્યોગને પગભર કરવા ત્યાંના એક ગણત્રીબાજ સાહસિક નરપુંગવે તાંબિયો તાંબિયો ભેગો કરી એક ભંડોળ જમાવ્યું હતું: અને હજી હમણાં જ એ ભંડોળનો રજત મહોત્સવ મહારાષ્ટ્રે ઊજવી જુવાન ગુજરાતને યાદ અપાવ્યું લાગે છે કે તારી એ અસલી વાતમાં ડંડા પહોરના તડાકા નથી પણ સત્ય છે.

રાષ્ટ્રના ઉદ્યોગો સરળતાથી વિકાસ પામે એ માટે સ્વતંત્ર દેશોમાં તેને ઉત્તેજન આપવામાં અને નવા ઉદ્યોગો ચાલુ કરવામાં ત્યાંની સ્થાનિક સરકાર જે રસ લે છે એથી વિપરીત પરિસ્થિતિ આપણા દેશમાં માલૂમ પડે છે. કોઇપણ નવો ઉદ્યોગ શરૂ કરવા માટે પૈસા જોઇએ અને એ મેળવવાનો સૂતરો માર્ગ સાર્વજનિક ભંડોળ ભેગું કરવાનો છે. મૂળ એ વિચાર બંગાળાનો છે, પરંતુ મહારાષ્ટ્ર સિવાય કોઇએ એને વિવિધ ક્ષેત્રમાં ઉપયોગમાં લીધો હોય એવું જાણવામાં નથી.

રાષ્ટ્ર આખામાંનો પ્રત્યેક માણસ વરસ આખરે એકએક પૈસો રાષ્ટ્રકાર્ય માટે અલગ કાઢે તો તેત્રીસ કરોડની વસતીવાળા ભારતમાંથી સહેજે તેત્રીસ કરોડ પૈસા, એટલે ૫૧,૫૬,૨૫૦ (એકાવન લાખ છપ્પન હજાર બસો ને પચાસ) રૂપિયા જમા થાય. પરંતુ પૈસાફંડની કલ્પનાના જન્મદાતા શ્રી અંતાજી દામોદર કાળેએ આ જ ગણિતને જુદીજુદી રીતે ગણ્યું અને દર સાલ લાખ્ખો રૂપિયા જમા થઇ શકશે એવું તારવી બતાવ્યું. પણ દરેક પાસેથી પૈસે પૈસો ઊઘરાવવાનું એ કાર્ય કાંઇ એક માણસથી ન થઇ શકે એટલે એક મધ્યસ્થ મંડળ સ્થાપવામાં આવ્યું. પૈસોપૈસો ભેગો કરી ભંડોળ જમાવવાનું હોવાથી એને પૈસાફંડ નામ આપવામાં આવ્યું અને ઇ.સ. ૧૯૦૫માં શ્રી અંતાજી પંતની ભાવના મૂર્ત સ્વરૂપ પામી

કોઇપણ નવા ઉદ્યોગના ઉપક્રમમાં તેના ઉત્પાદકને કાંઇક ને કાંઇક લાભ હોય છે જ; પરંતુ પોતાના સંસારની પરવા માત્ર ન કરતાં લોહીનું પાણી કરી એ નિઃસ્પૃહી અંતાજી પંતે મહારાષ્ટ્રવાસીઓમાં પૈસાફંડની ભાવના જગાવી. આવા નિઃસ્વાર્થ લોકસેવકની મૂંગી સેવાએ સ્વ. લોકમાન્ય જેવાને આકર્ષ્યા અને એઓ પોતાના મરણ પર્યંત એના સલાહકાર, ઉત્તેજક અને મુરબ્બી રહ્યા.

આ ફંડની રાહબરી નીચે ચાર જાપાની કારીગરોની સહાયથી તળેગામમાં ૧૯૦૮માં કાચનું કારખાનું સ્થપાયું. ૧૯૧૧માં શ્રી ઇશ્વરદાસ વાર્ષ્ણેય નામના કાચકામના એક નિષ્ણાતને અમુક કબૂલાતથી એ સંસ્થામાં રોકવામાં આવ્યા; પરંતુ એઓ ૧૯૧૫માં જતા રહ્યા. ત્યાર પછી એ જ સંસ્થાના વિદ્યાર્થીઓએ સઘળુ કામ પોતાના હાથમાં લીધું અને ૧૯૧૮માં વાસણો બનાવવાનું ખાતું ખોલ્યું. પૈસાફંડે કેવળ કાચકામ તરફ જ લક્ષ્ય રાખ્યું નથી દીવાસળી, સરેસ, મીણબત્તી, છત્રીઓ, લોખંડીકામ વગેરે ઉદ્યોગો તરફ પણ એણે નજર દોડાવી છે. હમણાં એણે બંગડીઓ બનાવવા પ્રતિ લક્ષ દોર્યું છે. હિંદુ સ્ત્રીઓને પોતાના સૌભાગ્યના અલંકારો માટે પરદેશ સામે નજર માંડવી પડે એ પણ દુર્ભાગ્ય જ ને?

પૈસાફંડનો છેલ્લાં પચીસ વર્ષનો હિસાબ જોતાં એણે કેવળ ચાર લાખ રૂપિયા જ મેળવ્યા છે. શ્રી અંતાજી પંતની ગણત્રી પ્રમાણે આટલી રકમ તો એકલા મહારાષ્ટ્રમાંથી જ જમા થવી જોઇએ; અને એ ગણત્રી મુજબ આજે એ ભંડોળ સવા કરોડ ઉપરનું થવું જોઇએ. પરંતુ કેટલીક થવી જોઇતી વસ્તુ આપણા દેશમાં જ નથી થતી!

પૈસાફંડે લોકો પાસેથી કેવળ પૈસોપૈસો જ ભેગો કર્યો: પરંતુ એના બદલામાં એણે ઘણું કર્યું એણે ચીનીકામ પાછળ પરદેશ જતી લક્ષાવધિ રૂપિયાની નદી વહેતી અટકાવી; પારકા ઉદ્યોગનિષ્ણાતોની સહાય વિના સ્વદેશી ઉદ્યોગો પ્રગતિ કરી શકે છે એ સિદ્ધ કરી આપ્યું; સ્વદેશી ધંધાદારી કારખાનદારોમા આત્મશ્રદ્ધાનું સીંચન કર્યું: તેમજ ધંધાદારી શિક્ષણ અને વ્યાપારને એક જોતરે જોડયાં. એણે હજારો બેકાર મજૂરોને રોટી રળતા કર્યાં, પડી રહેલો દેશી કાચો માલ બહાર આણ્યો ને હિંદુસ્તાનમાં અશક્ય ઠરેલા કામના ધંધાને ફક્ત સ્થળે બેસાડ્યો.

આજે, પાઇએ પાઇનો હિસાબ રાખનાર આણ્ણાસાહેબ નેને જેવા ખજાનચી, નાનાસાહેબ દેશમુખ જેવા ચોપીલા પ્રમુખ, લોકમાન્ય ટિળક જેવા મુરબ્બી અને દા. ભાજેકર જેવા નિરંતર ઉત્તેજન આપનાર પૈસાફંડના અંગીભૂત કાર્યકર્તાઓ જોકે હયાત નથી; પરંતુ પોતાના જન્મદાતા શ્રી અંતાજી દામોદર કાળે જેવા વૃદ્ધોની અમી નજર પામતી આ સંસ્થા મહારાષ્ટ્રીઓની અચૂક કાર્યદક્ષતાનો સફળ ઉદાહરણ આપતી પ્રગતિ કરી રહી છે. જોકે એને પણ ઈતર સ્વદેશી સંસ્થાઓ જેમ સકલ રાષ્ટ્રવાસીઓના સબળ સહકારની ખામી તો સાલે છે.

—ઠાકોર ચોકશી

હાઇસ્કૂલની ભીંત ઉપર ઇતિહાસનું આલેખન

* * * આપણે ત્યાંના હેડમાસ્તરો કે પ્રિન્સિપાલોને જે સૂજતું નથી, અને પરિણામે આપણે ત્યાંની સુપ્ત શક્તિઓ જે રીતે જાગતી કે ખીલતી નથી તેનો એક પ્રેરક દૃષ્ટાન્ત.

ગયા વર્ષના માર્ચ માસમાં અમેરિકાના મિશિગન પરગણાના ગ્રાન્ડ રૅપિડ્ઝ શહેરની યુનિયન હાઇસ્કૂલના પ્રિન્સિપાલ મિ. ચાર્લ્સ એ. એવરેસ્ટે પોતાની નિશાળના મકાનમાં એક ૩૨ ફૂટ લાંબી અને ૬ ફૂટ પહોળી ભીંત ખાલી જોતાં તે પર એક સરસ પટચિત્ર (mural) ચીતરાવવાનું નક્કી કર્યું તેમના



ખ્યાલમાં હતું કે તેમની જ શાળામાં ભણી ગએલો જુવાન હ્યુમેન વિન્ટર આજકાલ દેશમાં ચિત્રકારતરીકે નામના કરી રહ્યો છે, એટલે તેને બોલાવી આ કામમાં રોકી લીધો.

અને પોતાની માતૃસંસ્થા માટે કામ કરવાનો સંજોગ મળ્યો એટલે હ્યુમેનને પણ રંગ ચડ્યો. માત્ર છવ્વીસ વર્ષના એ જુવાને છૂટે હાથે કામ કરવાની મનમાની તક મળતાં નિશ્ચય કર્યો કે પોતાના વતન-પ્રાંતને લગતી જ, આકર્ષક રંગો અને જોમદાર આકૃતિમાળાઓ ભરીને એક એવો ચિત્રપટ આલેખવો કે નામ થઇ જાય. તેમાં માત્ર ચીતરામણની ખૂબી જ નહિ, પરંતુ ઊર્મિ અને રસ પણ પ્રકટે એવું કામ કરી બતાવવું છે એવો નિરધાર કરી તેણે પહેલાં તો અજબ ઝડપે પ્રાથમિક આળેખો રજુ કરી દીધા. અને પછી મિશિગનના ઇતિહાસ અને બીજી હકીકતો પાછળ મગજ ઝુકાવી દીધું પહેલાં તેણે મિશિગન પ્રાંતની મુખ્ય ઐતિહાસિક તવારીખોનો અભ્યાસ કર્યો અને પછી તેના ઔદ્યોગિક પરિસ્થિતિની વિગતવાર માહીતી મેળવી. ફર્નિચરો બનાવનારાં કારખાનાંઓમાં તે ઘૂમી વળ્યો; જંગલોમાં આથડ્યો અને ઇમારતી લાકડાં પાડનારાઓને કામ કરતા નિહાળ્યા; ૧૧૦ ડિગ્રી ગરમીવાળી ભઠ્ઠીઓ પાસે બેસીબેસીને કારખાનાંઓના આળેખો અને નોંધો તે લઇ આવ્યો. આ સતત એકધારૂં કામ કરતા રહીને તેણે સાથોસાથ પોતાનાં ચિત્રોના પ્રાથમિક આળેખોમાં જ્યાજ્યાં જરૂર હતી ત્યાં ચોકસાઇ કરી લીધી અને બધી સામગ્રી તથા માહિતી મળી ગઇ એટલે કામ પર ચડ્યો. અને તે પણ કેવો? લાગટ છ અઠવાડિયાં સુધી, લગભગ રાત ને દિવસ ચાલુ કામ ખેંચ્યે રાખ્યું અને ચિત્રપટ પાર મૂક્યું. મિશિગનના કલાબાજોએ તેનું વસ્તુ, પ્રબળ ચિત્રસર્જન, રંગ અને રચનાની ભરપૂર મિલાવટ વગેરે પર લખાણોમાં પ્રશંસાનાં પૂર રેલાવ્યાં. ચિત્રપટો માટે સાધારણરીતે ચપટ શૈલિનાં જ ચિત્રો કરવામાં આવે છે; પણ મિ. વિન્ટરે તેનાં ચિત્રોમાં ઊંડાણ અને ઉઠાવ બતાવનારી શૈલિનો ઉપયોગ કર્યો છે. મિશિગન પ્રાંતના તળપદા ધંધા રોજગારની ખીલવણી તથા સુધારણા જેમજેમ થતી ગઇ તે તે તબક્કાવાર, એની પ્રગતિની ગતિનું જોનારને ભાન કરાવતી આકૃતિમાળાઓ—પૂર્વમાંથી પશ્ચિમ તરફ જતી એ ચિત્રપટમાં આલેખવામાં આવી છે. તેમાં પ્રથમ દશા અને હાલની પરિસ્થિતિ દર્શાવતાં સ્વરૂપો સમતે લપણે ગોઠવાયાં જણાય છે. ઇમારતી બીમોના ભારા ખડકેલા બળદગાડા પાસે હાલની અતિ વેગવાન ટ્રેનો ને એરોપ્લેનો વગેરે બનાવ્યાં છે; જંગલમાં ધર્માખ્યાનો સુણતા સમુદાયની પાસે જ હાલનો રેડિયો પર પ્રવચન કરી રહેલો પાદરી બતાવ્યો છે. આમ પ્રગતિનાં પગથિયાં સમજાવતો એ પટ મિશિગન પ્રાંતનો ઔદ્યોગિક વિકાસ નજર આગળ ખડો કરે છે. અને ઉદ્યોગમય પ્રવૃત્તિઓનાં એ સ્વરૂપો પણ તેણે એટલાં હૂબહૂ ચીતર્યાં છે કે કોઇને તે ફોટોગ્રાફથી કરેલાં લાગે! જંગલોમાં ઇમારતી લાકડાં, કાગળનાં કારખાનાંઓમાં તૈયાર થતા કાગળના જંગી વીંટા, લોખંડ આદિ પદાર્થો વગેરે પર કામ કરી રહેલા કારીગરોને પડખે તૈયાર થએલી ખુરશીઓ, ગ્યાસની ટાંકીઓ, હોડીઓ, હળો, છેલ્લી ઢબની મોટરો વગેરે સંકેતપૂર્ણ લાગે છે.

મિ. વિન્ટરે પોતાનો અભ્યાસ પરિપક્વ કરવા ક્લીવલૅંડની આર્ટ સ્કૂલ ઉપરાંત ન્યૂ યૉર્કની નૅશનલ ઍકેડેમી ઑફ ડિઝાઇનમાં રહી માનવચિત્રણામાં વિશિષ્ટતા પ્રાપ્ત કરી છે. આ ચિત્રપટે તેને તેના વતનના અમર પુરુષોમાં સ્થાન અપાવ્યું છે. (લિટરરી ડાઇજેસ્ટ)

સમુદ્રમાં તેજનાં પ્રતિબિંબો

*** આવતા અંકમાં પ્રકટ થનારી 'ધુડાકિયો બાણ'ની વાર્તા જે અદ્ભુત દરિયાઈ ભેદ ઉપર રચાએલી છે તેવી જ અકળ દરિયાઈ અદ્ભુતતાની આ હકીકત છે. એનો પાર હજી કોઇ પામી શક્યું નથી.

કોઇકોઈ વખત સમુદ્રમાં ઘણી જ વિચિત્ર વસ્તુઓ નજરે પડે છે. એવી જ એક વસ્તુ તે તેજનાં પ્રતિબિંબોનું દૃશ્ય. ઘણા લોકોએ આ દૃશ્ય જોયું છે. ઈ.સ. ૧૯૦૯માં ડેન્માર્કના 'નેટિંગ' નામના વહાણના કપ્તાને મલાકા સામુદ્રધુનીની પાસે એવું જ એક દૃશ્ય જોયું હતું. જૂનની ૧૯મી તારીખની રાત્રે ત્રણ વાગ્યે તે વહાણના એક ખલાસીએ ભરનિદ્રામાં પડેલા કપ્તાનને જગાડી એ દૃશ્ય દેખાડેલું હતું. પહેલાં તેજનાં મોટાં મોટાં પ્રતિબિંબો પશ્ચિમથી પૂર્વ તરફ સમુદ્રની અંદર જતાં હોય એમ જણાયું. થોડીવારે એમ જણાયું કે ક્ષિતિજ પર કોઈ સ્થળે તેનું કેન્દ્ર હોય અને તે સ્થળેથી ચારે બાજુ પ્રકાશ ફેંકવામાં આવતો હોય. વહાણની ચારે બાજુનાં કિરણો છ છ ફૂટ પહોળાં હતાં અને એકબીજાથી બારબાર ફૂટને અંતરે હતાં. તેમનો પ્રકાશ સમુદ્રની અંદર જતો હતો. એક મિનિટમાં લગભગ આઠેક પ્રતિબિંબો એક જગ્યાએથી પસાર થતાં હતાં. ધીમેધીમે એ બધાં પ્રતિબિંબો વહાણથી દૂર જતાં રહ્યાં અને પછીથી દેખાતાં પણ બંધ થઇ ગયાં. આ દૃશ્ય પંદરેક મિનિટ જોવામાં આવેલું.

સને ૧૮૯૭ના નવેમ્બરની ૨૧મી તારીખે એક જર્મન વહાણના કપ્તાને બંગાળાના ઉપસાગરમાં એવું જ એક દૃશ્ય જોયું હતું. રાતના બાર વાગ્યે જાણે તેને જણાયું કે સમુદ્રમાં આગ લાગી છે! તેજનાં અસંખ્ય પ્રતિબિંબો સમુદ્રમાં હતાં. બે વાગ્યા સુધી આવી સ્થિતિ ચાલુ રહી પછીથી જોરથી વરસાદ વરસવા લાગ્યો અને બધાં બિંબો અદૃશ્ય થઇ ગયાં. ૧૯૧૦ના ઑગસ્ટની ૧૨મીએ એક ડચ વહાણના બ્રેયર નામના કપ્તાને ચિનાઇ સમુદ્રમાં પણ આવું જ દૃશ્ય જોયું હતું. તેને પહેલાં પૂર્વ ક્ષિતિજ પર બહુ જ પ્રકાશ દેખાયો. થોડીવાર પછી તે પ્રકાશ બધે ફેલાઈ ગયો. તેજનાં પ્રતિબિંબો પાણીમાં જોરથી ચક્કર મારતાં હોય તેમ જણાવા લાગ્યું. તેમનું કોઇ સ્થાન નિશ્ચિત થઇ શકતું નહોતું. તેઓ એકબીજાથી બીલકુલ છુટાં હતાં. થોડીવારમાં તેઓ વહાણની નીચેથી પસાર થવા લાગ્યાં. વહાણની ચારે બાજુનું પાણી તેના વેગથી ઊછળવા લાગ્યું! પાંચ મિનિટ પછી આ બધું શાંત થઈ ગયું

આ પ્રમાણે બીજા કેટલાયે પ્રસંગે આવા પ્રકારનું દૃશ્ય જોવામાં આવ્યું છે. લોકોએ એમનાં કારણો પણ બતાવ્યાં છે, પરંતુ ખરી રીતે અત્યાર સુધી કોઇ યોગ્ય કારણ મળી આવ્યું નથી. (અંગ્રેજી ઉપરથી)

ઉનાળાની રજાઓમાં

*** પ્રશ્નો તો બધા દેશોમાં એકસરખા જ હોય છે; માત્ર જાગતી પ્રજા તેના નિકાલ માટે નવાનવા પ્રયત્નો ને પ્રયોગો કર્યા કરે છે; જ્યારે આપણે . . . .

ઘણાં છોકરાછોકરીઓ ઉનાળાની રજા વેડફી મારે છે, એ આપણે ત્યાં તો જાણીતી વાત છે. રાષ્ટ્રીય યૌવનધનનો આ વ્યય અટકાવવા માટે યુનાઇટેડ સ્ટેટ્સના કાન્સાસ પરગણાના •વ્હીચિટ શહેરમાં એક ગ્રીષ્મશાળા (સમર સ્કૂલ) ઉઘાડવામાં આવી હતી. આ શાળાનો હેતુ સામાન્ય અભ્યાસક્રમની સાથે સંસ્કૃતિ તથા આરામના વિષયોનો પણ સમાવેશ કરવાનો હતો. જે વિષયો શાળાની કારકીર્દિ વધારે તેવા જ શીખવાતા. પરંતુ ૪૦ ટકા જેટલા વિદ્યાર્થીઓ એવા વિષયો પસંદ કરતા નહિ. આ અભ્યાસક્રમમાં વિજ્ઞાન, કલા, કપડાં પહેરવાની ઢબ, પાકશાસ્ત્ર, સંગીત, વીજળી, નૃત્ય, મીકેનિક્સ, ચિત્રકામ, સીવણ, ટેનિસ, બેઇઝ બૉલ, ગૉલ્ફ, તરવાની કળા અને ધનુર્વિદ્યાનો સમાવેશ થતો. આ ઉપરાંત વાચન, લેખન ને ગણિતના વિષયો પણ શીખવવામાં આવતા. દરેક વિદ્યાર્થી ત્રણ વિષય લઈ શકતો. પરંતુ ૫૧૫ વિદ્યાર્થીઓમાંથી ૩૫૦ તો કેવળ આરામના વિષયો જ પસંદ કરતા. જુવાન તેમજ પ્રૌઢ બંનેના જીવનમાં આરામનો સમય એ એક અગત્યનો પ્રશ્ન છે. માત્ર તેને યોગ્યરીતે ગાળતાં શીખવું જોઇએ. (અંગ્રેજી ઉપરથી)

રંગુનમાં ગુજરાતીઓ

*** બ્રહ્મદેશનું મહાગુજરાતનું એ વેપારથી ધીકતું થાણું કેમ વસ્યું તથા તેનું સામાજિક અને રાજકીય જીવન કેમ ઘડાયું તેની મુખ્તેસર હકીકત રંગુનની ગુજરાતી એ વી. હાઇસ્કૂલની ૩૦મી જયન્તી વેળાના ત્યાંના 'કિશોર' નામના વાર્ષિકમાંથી.

ઘણાં વર્ષો પૂર્વે રંગુનમાં પ્રથમ ગુજરાતીઓ આવનાર સુરત જિલ્લાના રાંદેરના મુસલમાન ભાઇઓ કહેવાય છે. તે સમયે સઢવાળાં સફરી વહાણોમાં બેસી બ્રહ્મદેશમાં વેપાર કરવા અર્થે આ મુસલમાન ભાઇઓ આવેલા. ત્યાર બાદ કચ્છી ભાઈઓ જેઓની મુંબઇમાં પેઢી હતી, તેઓનું ધ્યાન અહીંના ચોખાના વેપાર તરફ આકર્ષાયું અને ધીમેધીમે તેઓએ રંગુનમાં વસવાટ કરી, ચોખાના વેપારની શરૂઆત કરી. તે જ પ્રમાણે કાઠિયાવાડના મેમણ ભાઇઓ આવ્યા અને તે ભાઇઓની દુકાનમાં નામું લખવા હિંદુ ભાઇઓ આવ્યા. આ પ્રમાણે રંગુનમાં ગુજરાતીઓનો વસવાટ થયો.

સુરતના મુસલમાન ભાઇઓએ વેપારમાં ધીમેધીમે સારી પ્રગતિ કરી અને રંગુન શહેરની મધ્યમાં તેઓએ એક બજાર કંપની ખોલી. તેનું નામ સુરતી બડા બજાર કંપની છે. આ કંપની પાસે હાલ લાખો રૂપીઆની મિલ્કત છે અને ગરીબ તવંગર સર્વ સુરતી ભાઇઓની દોલત તેમાં છે. આવી બેત્રણ બજાર કંપનીઓ રંગુન શહેરની આસપાસનાં પરામાં પણ છે. હાલમાં આ શહેરની એક નમૂનેદાર બજાર, આ કંપની મારફત ચાલે છે અને મનુષ્યને ઉપયોગી સર્વ વસ્તુઓ ત્યાં મળે છે. શાકભાજી અને ફળફળાદિથી માંડીને ઝવેરાત સુધી— લોઢું લક્કડ, કરિયાણું, કાપડ, વગેરે ઘરવખરીની અનેક વસ્તુઓ આ બજારમાં મળે છે. તેઓએ આ ઉપરાંત પોતાની શાળા, મસ્જિદો, મુસાફરખાનાં આદિ બંધાવી કોમની સારી સેવા કરી છે. ઘણા લાંબા સમયથી તેઓ અત્રે વસેલા હોઇ, અહીં

પ્રજાની સાથે લગ્નની ગ્રંથીથી પણ જોડાએલા છે અને ઘણા-ખરાની તો ત્રણચાર પેઢીઓ પણ થઇ ગઇ છે. આ કોમનો મુખ્ય ધંધો વેપાર છે અને કરોડો રૂપીઆની માલમિલ્કતના તેઓ આજે ધણી છે.

કાઠિયાવાડના મેમણ ભાઇઓએ પણ વેપારમાં સારી પ્રગતિ કરી. તેમનો મુખ્ય વેપાર ચોખા અને કાપડનો છે. આ કોમમાં મર્હુમ સર અબ્દુલકરીમ અબ્દુલશકુર જમાલ ચાવલના શાહ સોદાગર થઇ ગયા. અપર બર્મામાં સર જમાલની લાખો રૂપીઆની કીંમતની મિલ્કત હતી. રૂનાં પ્રેસ, તેલની મીલો અને શેરડીનાં વાવેતર માટે હજારો એકર જમીન સર જમા-લની હતી. ચોખાના વેપારીઓમાં તે 'રાજા' ગણાતા હતા. પેટ્રોલની કંપનીમાં તેઓનો સારો હિસ્સો હતો અને તેમની લાખો રૂપીઆની સખાવતોએ તેમને મુલ્કમશહૂર કરેલા.

ગુજરાતી હિન્દુઓમાં સૌથી પ્રથમ પંકિતમાં આવનાર સ્વ. ડૉ. પ્રાણજીવનદાસ જગજીવનદાસ મહેતા છે. બ્રહ્મદેશમાં વસતા હિંદીઓને પડતી અનેક પ્રકારની હાડમારીઓ સામે ઝુંબેશ ઉઠાવી એ લોકપ્રિય બન્યા હતા. પ્રથમ રંગુનમાં તેમણે દવાખાનું ખોલી હજારો ગરીબોની દવા કરી તેઓની શુભા-શીષ પ્રતિપાદન કરી હતી. ત્યાર બાદ ઝવેરાતની દુકાન ખોલી પોતાનો ફુરસદનો સમય જાહેર સેવામાં ગાળતા. ચોખા બજાર અને ઝવેરી બજારમાં મોટા વેપારીઓ ગુજરાતીઓ જ હતા. આજથી ત્રણ દાયકા પૂર્વે મોગલ સ્ટ્રીટના વેપારીઓની જાહો-જલાલી જેમણે જોઈ છે તેઓને આજ એ જગાએ ચાહ અને ઉપાહારગૃહો જોઇ અરેરાટી થઇ આવે છે. કયાં છે એ પ્રતિ-ભાશાળી વ્યકિતઓ—સ્વ. શેઠ મનસુખલાલ દોલતચંદ ઝવેરી, સ્વ. શેઠ મૂળજીભાઇ આદિ મહા પુરુષો—જેઓનો પડતો બોલ ઝીલી સેવાભાવી ભાઇઓએ ગુજરાતીઓ માટે શ્રી જૈન શ્વેતા-મ્બર મંદિર, ગુજરાતી શાળા, શ્રી હિતવર્ધક સભા અને લાય-બ્રેરી આદિ અનેક સંસ્થાઓ ખોલી હતી? આ શહેરના જાહેર જીવનમાં અગ્રગણ્ય હમેશા ગુજરાતીઓ જ હતા. પારસી વકીલોએ પણ પોતાના ધંધામાં અહીં સારી જમાવટ કરી હતી. રંગુન મ્યુનિસિપાલિટીમાં મર્હુમ શેઠ કાવસજી બૅરિસ્ટર અને મર્હુમ શેઠ ઇબ્રાહીમ અલ્લી મુલ્લાં બિરાજતા હતા અને શહેર-સુધરાઇ ખાતામાં સારો ફાળો આપ્યો હતો.

જુનાગઢના નાગર બ્રાહ્મણ સ્વ વી. મદનજીતને દક્ષિણ આફ્રિકામાં મહાત્મા ગાંધીજી સાથે મતભેદ થતાં હિંદ આવતાં રંગુનને કિનારે ઊતર્યા અને કાળા સર્જના કોટ પાટલૂન હૅટમાં સજ્જ થઇ વકીલો અને વેપારીઓને મળ્યા. બ્રહ્મદેશના વતની-ઓને રાજકારણના પહેલા પાઠ એમણે શીખવ્યા અને 'યુનાઇટેડ બર્મા' નામનું અંગ્રેજી પત્ર કાઢી બ્રહ્મવાસીઓને તેમણે 'આત્મ-નિર્ણય'નો મહામૂલો મંત્ર આપ્યો. આ દેશની રાંકડી પ્રજામાં તેઓ માનીતા થયા અને તે સમયના કાર્યકર્તાઓ સાથે મળી દેશની ઉન્નતિ કેવા પ્રકારે થાય તેની અનેક યોજનામાં બ્રહ્મી લોકો સાથે તેઓ જોડાયા. દર વર્ષે બર્માથી તેઓ કાૅંગ્રેસની બેઠકમાં હાજરી આપતા અને સ્વ. ડૉ. પી. જે. મહેતાના સહકારથી તેઓએ સ્થાનિક કાૅંગ્રેસ કમિટી પણ સ્થાપી હતી. સ્વ. દાદાભાઇ નવરોજીના એક જન્મદિને એ વી. મદનજીતે કોટ પાટલૂનનો ત્યાગ કર્યો અને ધોતિયું, ઝબ્બો અને ફેંટામાં સજ્જ થઇ હાથમાં મજબૂત લાઠી લઇ ચોતરફ ઘૂમવા લાગ્યા. અમુક વર્ષો બાદ સંન્યાસી વેશ ધારણ કર્યો અને દેશસેવાના યજ્ઞમાં ઝંપલાવ્યું. પોતાની જિંદગીનાં પાછલાં વર્ષોમાં તેઓ અવધૂ-તની જેમ ઘૂમતા. પછી લક્ષ્મીની લાલચમાં લપટાયા હતા. પરંતુ એકંદરે મદનજીતભાઇની જાહેર સેવાની નોંધ લેવાલાયક જ છે. બ્રહ્મદેશના પ્રખ્યાત નેતા શ્રી ફુત્તમાજી સાથે આખા બ્રહ્મદેશમાં ભ્રમણ કરી હિંદી-બરમીઝ એકતાની ખૂબ ચળવળ એમણે કરી હતી, જેના પરિણામે બ્રહ્મદેશને હિંદથી જુદો કરવાની સરકારી ચળવળથી વિરુદ્ધનો સબળ પક્ષ ઊભો થયો જે હજી હયાતી ધરાવે છે ત્યાર બાદ ગુજરાતના વૃદ્ધ બાપુ અબ્બાસ તૈયબજીના પુત્ર મિ. એસ. એ. એસ તૈયબજી આવ્યા. તેઓએ હિંદીઓના હક જાળવવા થએલી ચળવળોમાં અગ્રગણ્ય ભાગ લીધો હતો અત્રેની કાૅંગ્રેસ કમિટીના પણ આગેવાન નેતા હતા.

હાલના જાહેર જીવનમાં અનેક દિશાઓમાં ગુજરાતીઓ જ મોખરે હોય છે. રંગુનમાં લગભગ દરેક જાણીતી સંસ્થામાં આગેવાનો ગુજરાતીઓ જ છે બ્રહ્મદેશમાં કાૅંગ્રેસ ગુજતીઓએ સ્થાપી, હિંદુ સભાની પ્રથમ બેઠક બોલાવનાર મૂગા સેવક એલ બી. લાઠીઆ ગુજરાતી જ છે; થીઓસોફીકલ સોસાએટીના સંસ્થાપક મર્હુમ શેઠ બી. કાવસજી પારસી બૅરિસ્ટર પણ ગુજરાતી હતા અને આજકાલ તેના અગ્રગણ્ય કાર્યકર્તા મિ. અંકલેશ્વરીઆ પણ પારસી ભાઇ જ છે. રંગુન મ્યુનિસિપલ કૉર્પોરેશનના હાલના મેયર મિ. જહાંગીરજી કે ખુશરૂ મુન્શી પણ ગુજરાતી જ છે.


ધી ગુજરાતી સ્ટુડન્ટસ એસોસીએશનના પ્રાણરૂપ શ્રીયુત મહાસુખરામ મહેતા પોતાના મંડળ દ્વારા છેલ્લાં છએક વર્ષથી પોતાની રીતે શાળા, બિહાર ધરતીકંપ ફંડ, હિતવર્ધક સભા, લાયબ્રેરી વગેરે અનેક ઉપયોગી સંસ્થાઓને સારી મદદ કરી છે અને કરતા રહ્યા છે તેમ જ મહાગુજરાતમાં જાણીતા થએલા દાનવીર શેઠ શ્રી છોટુભાઇ ગળીઆરા, એમની જાહેર સખાવત-થી ગુજરાતની શોભા વધારી રહ્યા છે. આ રીતે બ્રહ્મદેશમાં ગુજરાતીઓએ ખરેખર અન્ય નામ કરી બતાવ્યું છે.

—ઈન્દુકુમાર મહેતા

ફળો માટે અંગરખાં

*** કોઇ ખરેખરા ભેજાંવાળા માણસે ઉઠાવેલો આ મુદ્દો પાર પડે તો જેટલો અજબ તેટલો જ ઉપકારક થવાનો!

અમેરિકાના મિશિગન પરગણાના ફ્લિન્ટ ગામના મિ. લૉઇડ જી. કોપમેને હમણાં એક અજબ જેવી નવી તરકીબ



અપ્સરા
અજંતાના કલામંડપોમાંની ૧૭મા નંબરની ગુફાની ઓસરીની ભીંતપરના આલેખન ઉપરથી
અનુકૃતિ કરનાર રવિશંકર રાવળ (શ્રીમંત બાલાસાહેબ પંત-પ્રતિનિધિ ઔંધ સંસ્થાન-ના સૌજન્યથી)